યોજક

મુનિ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

શ્રી નવપદ માહાત્મ્ય અને વિંશસ્થાનકાદિ તપ ગુણ વર્ણનમ્.

પ્રકાશક,

શ્રી જૈન યુવક મંડળ.

મુ સાણંદ.

વિજ્ઞપ્તિ.

"તત્ત્વ બોધ આપનાર પુસ્તકનો યોગ્ય

તેને સંભાળથી સાચવી રાખો, જ્યાં ત્યાં

તેમ તેને રઝળતું ન મૂકો પણ પ્રેમ પૂર્વક

શરીર શુદ્ધિ સાચવીને વાંચો, વિચારો

અને તમારા સ્વજન મંડળમાં

તેનો ફેલાવો કરો."

અગત્યની સૂચના.

સહુ કોઇ ભવ્ય આત્માઓને પવિત્ર શાસ્ત્રામૃતનો અપૂર્વ અનુકૂળતાથી મળે એવા શુભ ઉદ્દેશથી ભેટ દાખલ આપવામાં આવતા કોઇપણ પુસ્તક ઉપર કોઇએ પણ મિથ્યા મારાં મમતા બુદ્ધિ રાખી કોઇપણ રીતે પુસ્તકનો દુરૂપયોગ કરવો પણ પ્રમાદ રહિત પુસ્તકની કાળજી રાખી તેનો પોતાને તથા બીજા ગમે તે જિજ્ઞાસુ ભાઇ બહેનોને તે ભેટ દાખલ મળેલ પુસ્તકનો છૂટથી લાભ લેવા દેવો અને એવી રીતે અમારે ઉપયોગી ભેટ દાખલ અપાતા પુસ્તકોનો પવિત્ર ઉદ્દેશ સફળ એવી રીતે દરેક ભાઇ બ્હેનોને નમ્રતાપૂર્વક ખાસ ભલામણ કરીએ છીએ જે ઉચ્ચ ઉદ્દેશથી પુસ્તકો ભેટ દાખલ આપવામાં આવે તે ઉદ્દેશ સફળ થાય અને તેની કોઇ રીતે પણ આશાતના થતી અ એટલું સૂચવી વિરમીએ છીએ.

કીમત—કાળજીપૂર્વક પઠન, મનન અને પરિશીલન.

॥ परोपकारायसतांविभूतयः ॥

ગ્રન્થાંક ૨

શ્રીનવપદમાહાત્મ્ય

અને

વીશસ્થાનક તપ ગુણ વર્ણનમ્.

તથા

સ્નાત્ર, નવપદજીની પૂજા સ્તવન ચૈત્યવંદનાદિ,
સ્તુતિ થોયો વીગેરે અનેક વિષયો સમેત.

યોજક,-
શાન્તમૂર્તિ મુનિમહારાજ શ્રી વૃદ્ધિચંદ્રજીના શિષ્ય
મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

સ્વધર્મી ભાઈઓ બ્હેનોને શ્રી કચ્છ માંડવીના
ઉદાર જૈન ગૃહસ્થો તરફથી ભેટ.

છપાવી પ્રસિદ્ધ કર્તા,
શ્રી જૈન યુવક મંડલ તરફથી,
શેઠ દેવકરણ વાલજીભાઈ-સાણંદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૮૦૦
વિર સંવત્ ૨૪૪૧. વિક્રમ સંવત્ ૧૯૭૧. સને ૧૯૧૫.

કિમ્મત અમૂલ્ય

નમ્ર વિજ્ઞપ્તિ.

" श्रूयतां धर्म सर्वस्वं, श्रुत्वा चैवा वधार्यताम्
आत्मनः पतिकूलानि, परेषां न समाचरेत्. "

ભાવાર્થઃ—હે ભવ્યાત્માઓ ? તમે સાવધાનપણે આસ ઉપદેશવડે ધર્મ રહસ્યને શ્રવણ કરો, કર્ણદ્રયથી ઉપદેશ અમૃ પાન કરી તમારા હૃદયમાં તે અવધારી રાખો અને જે કંઇ આચરણ આત્માને પ્રતિકૂળતા ભરેલુ સમજાય તેવુ આચરણ કદા કોઇ અન્ય પ્રત્યે ન જ આચરો. જેવા સદ્આચરણની તમે અન્ પાસેથી ઇચ્છા રાખો તવાજ સદાચરણો તમે અન્ય પ્રત્યે આચરતા રહો. વિપરીત આચરણ કદાપિ નહિ કરો. કેમકે જેવુ શુભાશુભ આચરણ તમે આચરશો તેનું તેવુ શુભાશુભ ફળ તમે પમશો. **તમે જેવું વાવશો તેવુંજ લણશો.** જો વાસ્તવિક સુખનીજ ઇચ્છા હોય તો તુચ્છ સ્વાર્થ-સુખનો અનાદર કરી સ સાથે મૈત્રીભાવ રાખો. એટલુ સુચવી અત્ર વિરામિએ છીએ.

રીચીરોડના પૂલ નીચે શ્રી જૈન વિદ્યાવિજય પ્રીન્ટીંગ પ્રેસમા
શાહ ચુનીલાલ અમથાશાએ છાપ્યુ—અમદાવાદ.

પ્રિય વાંચનાર !

જનસમાજની નૈતિક ઉન્નતિનો આધાર ધાર્મિક પુસ્તકો ઉપર રહે છે. આ પ્રવૃત્તિમય જમાનામાં સાંસારિક અભ્યુદય માટે અનેક પ્રકારના ઇલાજોની ધમાધમ મચી રહી છે, જેને પરિણામે ઘણા એક શિક્ષિત મનુષ્યો પણ ધર્મ તરફ દુર્લક્ષ રાખતા જણાય છે. આવા બારિકીના સમયમાં ધર્મના સાદા તેમજ સર્વમાન્ય સિદ્ધાંતો તેમની પાસે ખડાં કરવામાં આવે તો બેશક તેઓ સાંસારિક ઉન્નતિની સાથે ધાર્મિક ઉન્નતિ પણ કરી શકે એટલુંજ નહિ પરંતુ ઉત્તરોત્તર પોતાના આત્માને ઉચ્ચતર બનાવી પરમાનંદ (મોક્ષ) પ્રાપ્ત કરવાને ભાગ્યશાળી થાય. હાજીહાનો જમાનો ગયો છે. ચારે તરફ યુવક વર્ગ કેમ અને શા માટે આવા પ્રશ્નો કરતાં જોવાય છે; આવી શોધકદ્રષ્ટિને પરિણામે ધર્મ તત્વ વિશેષ ખીલવા સંભવ છે, પણ તેને માટે ધર્મિ પુરૂષોએ પુરતક પ્રકટન આદિ અનેક પ્રકારે પ્રયત્નશીલ બનવુ જોઇએ આવી શરૂઆત અત્રે થોડા વખતથી, **સ્વપર ઉપકારક શાન્તમૂર્તિ મુનિમહારાજ શ્રી કપૂરવિજયજી મહારાજ** સાહેબના પ્રયાસથી હયાતીમાં આવેલ **શ્રી જૈન યુવક મંડલે** કરી છે, અને પોતાની ગ્રન્થમાળાના બીજા મણકા તરીકે આ પુસ્તક બહાર પાડયુ છે. આ પુરતકમાં મુખ્યત્વે **નવપદ (સિદ્ધચક્ર)** વર્ણન તેમજ આરાધન વિધિ બતાવવામાં આવી છે, અસંખ્ય યોગો પૈકી આ નવપદ (સિદ્ધચક્ર) મુખ્યછે, મોક્ષ માર્ગનો ધોરી રસ્તો છે એમ સમજી ભવ્યજનોએ હંસ ચંચુવત્ સાર ગ્રહણ કરીને પોતાના આત્માને ઉત્ક્રાન્તિક્રમમાં આગળ વધારવો જોઇએ.

" અમારા સાહિત્ય વૃદ્ધિ અને ગ્રન્થ પ્રસિદ્ધિના ઉદ્દેશની

સિદ્ધિ માટે અનેક સજ્જન, સ્ત્રી, પુરૂષો કદર કરતા રહી યોગ્ય સહાય આપતા રહે છે, તેમજ સમાજમા વાંચન જિજ્ઞાસાની વૃદ્ધિ થવાથી અમારી ગ્રન્થમાળાના ગ્રન્થો દેશના દરેક વિભાગમા પ્રેમ અને જિજ્ઞાસાથી વચાય છે; તેથી અમારી અભિલાષાની પુષ્ટિ અર્થે સમાજમા ઉંપયોગી અને ઉપદેશક થઇ પડે તેવો આ " **નવપદ માહાત્મ્ય** " નામનો અતિ સુદર ગ્રન્થ સમાજની સેવામા રજુ કરવા અમો ભાગ્યશાળી થયા છીએ.

એકંદર રીતે આ ગ્રન્થ હરકોઇ ગુણગ્રાહી વ્યક્તિને ઘણોજ ઉપયોગી થઇ પડે તેમ છે, મુનિશ્રીનો આવો જ્ઞાન માર્ગમાં થતો પ્રયત્ન ઘણો સ્તુત્ય છે, અને અમે આશા રાખીએ છીએ કે આવા અતિ ઉપયોગી ગ્રન્થો લખી સ્વપર ઉપકારક મુનિશ્રી ચિરકાળ જયવંતા વર્તો, એટલુ સૂચવી અત્ર વિરમીએ છીએ.

લી. શ્રી જૈન યુવક મંડળ.
સાણંદ

ઉપોદ્‌ઘાત.

જિન અને જૈન શબ્દની સાદી સમજ.

જિનદેવ, જૈનસાધુ, જૈનશ્રાવક અને જૈનધર્મનો ખરો અર્થ —વિવેક " રાગ દ્વેષરહિત સમભાવથી જ ગમે તે કોઇ ગમે ત્યાથી આ ભવસમુદ્રને તરી શકે છે. "

રાગ દ્વેષ અને મોહાદિ (અંતરના) મહા વિકારોને વારનાર, અંતરના સઘળા દોષોને દૂર કરનાર, અંતરમા છૂપી રહેનારા કટ્ટા દુશ્મનોને જિતી લેનાર જ **જિન** કહેવાય છે સકળ દોષ રહિત જિન ભગવાને ભાખેલો ધર્મ [માર્ગ] **જૈનધર્મ** કહેવાય છે એ ઉપરથી સહેજે સમજી શકાશે કે **જૈનધર્મ કોઈ અમુક જાતિ [જ્ઞાતિ] કે કોમનો નથી** પણ જે કોઇ, ઉપર જણાવેલા સકળ દોષ-વિકાર વગરના જિનોએ કહે। શુદ્ધ–નિર્દોષ [સત્ય–સનાતન] ધર્મને અથવા ધર્મના ફરમાનને અનુસરે છે તે **સઘળાનો એ ધર્મ** હોઈ શકે છે. એટલે કે જૈનધર્મને વિશાળ દ્રષ્ટિથી તપાસવામા આવે છે તો **તે આખી આલમનો ધર્મ** જણાય છે. એવો એ જૈનધર્મ દરીઆ જેવો ઊડો અને ઉદાર [વિશાળ] છે ફક્ત નિષ્પક્ષપાતપણે તેના તત્ત્વ તપાસવાથી તેની ખાત્રી થઇ શકે છે. પ માર્થદર્શીને અમુક નામ સાથેજ તત હોતો નથી. દેવ, ગુરૂ અને ધર્મના નામ ગમે તે હોય

પણ જો પરમાર્થમાં તફાવત ન હોય તો પછી તેનો સ્વીકાર કરી લેવામા કશો વાંધો-વચકો આવતો જ નથી. એકજ વસ્તુનાં જૂદાં જૂદા નામ હોઇ શકે છે તેમ છતાં તેમાં પરમાર્થ એકસરખો હોવાથી સમજુ માણુસ તેમાં ઝગડો કરતા નથી, પણ સમદ્રષ્ટિથી બધાય નામને સાચાં માને છે. તેવીજ રીતે પરમાર્થ દ્રષ્ટિથી શુદ્ધ નિર્દોષ દેવને જિન, અરિહંત, વીતરાગ, પરમાત્મા, તીર્થંકર, શિવ, શંકર, શંભૂ, સ્વયંભૂ, બ્રહ્મા, વિષ્ણુ, રામ, મહેશ યા મહાદેવાદિક ગમે તે નામથી બોલાવવામાં આવે તો પણ તે સાર્થક જ હોવાથી સમજુ માણસો સ્વીકારી જ લે છે. એવીજ રીતે ગુરૂનાં અને ધર્મનાં જૂદા જૂદા નામ ગમે તે હો પણ તે સાથે પરમાર્થદ્રષ્ટિ જીવોને કશો ઝગડો રહેતો નથી. કેમકે તેઓ તેમા સીધો જ વિચાર કરે છે કેવળ શબ્દભેદ સાંભળીને તે સાથે ઝગડો કરી બેસતા નથી શબ્દભેદથી અર્થભેદ સમજી નહિ લેતાં અર્થની એકતા નિષ્પક્ષપાતપણે વિચારી તેનુ ઝટ સમાધાન કરી લે છે આવી સમદ્રષ્ટિ, પૂર્વોક્ત જિનના ખરા અનુયાયી જૈનમાં હોઇ શકે છે તેથી જ તે સ્યાદ્વાદી અનેકાન્તવાદી અથવા યથાર્થવાદી કહેવાય છે અને તે સત્ય છે. તત્ત્વ દ્રષ્ટિથી કહો કે ઉદાર-વિશાળ સમદ્રષ્ટિથી વિચારી શકાય તો સકળ રાગાદિ દોષરહિત વીતરાગ દેવે કહેલો-સમજાવેલો શુદ્ધ અહિંસા [દયા] સંયમ (ચારિત્ર્ય) અને (ઇચ્છા નિરોધરૂપ) તપ લક્ષણ ધર્મજ ખરેખર દરેક ભવ્ય આત્માને માટે સ્વાભાવિક ધર્મ છે. અને એજ ઉત્તમ સનાતન ધર્મદ્વારા ખરૂં-વાસ્તવિક સુખ પ્રાપ્ત થઇ શકે છે. એ પવિત્ર ધર્મમાં જેનુ ચિત્ત વર્ત્યા કરે છે

તેને ઇન્દ્રાદિક દેવો પણ નમસ્કાર કરે છે. આ સત્ય નિર્દોષ સનાતન ધર્મને સ્વબુદ્ધિબળથી સારી રીતે સમજી ભવ્યાત્માઓએ સર્વ પ્રકારનો પ્રમાદ તજીને તેનો અવશ્ય આદર કરવો ઘટે છે. પ્રથમ અજ્ઞાન વશ આદરેલા અસત્ ધર્મ ઉપર મિથ્યા મમત્વ રાખવું ઘટતુ નથી. ભાગ્યયોગે સત્ય વસ્તુની પિછાન થવાનું એજ ફળ છે અને દશ દ્રષ્ટાન્તે દુર્લભ માનવભવની ખરી કિંમત એથીજ છે.

"ખરૂં સ્થિર શાશ્વત સુખ ક્યાં છે? અને તે કેવી રીતે પ્રાપ્ત થઈ શકે?" સર્વજ્ઞ સર્વદર્શી તીર્થંકર ભગવાન ભવ્યજનોના એકાન્ત હિતને માટે કહે છે કે ખરૂં સ્થિર અને શાશ્વત સુખ કેવળ મોક્ષમાજ છે. બીજે ક્યાંય નથી. અનાદિ સકળ કર્મમળનો સર્વથા ક્ષય થયાથી જ મોક્ષ થાય છે. તે કર્મમળનો ક્ષય કરવા સમ્યગ્દર્શન (સમ્યકત્વ) જ્ઞાન અને ચારિત્રરૂપ અમોઘ ઉપાય છે એમ શ્રી તીર્થંકર ગણધરાદિક જ્ઞાની પુરૂષો જણાવે છે. અનાદિ મિથ્યાત્વ અને કષાયને ટાળવાથી શ્રી સર્વજ્ઞ દેવે કહેલાં તત્ત્વ વચનો ઉપર જે યથાર્થ શ્રદ્ધા ઉપજે છે તે સમ્યકત્વ કહેવાય છે શ્રી સર્વજ્ઞ કથિત સૂક્ષ્મ તત્વનો જેવડે યથાર્થ બોધ થવા પામે છે તે જ્ઞાન કહેવાય છે. અને શ્રી સર્વજ્ઞ ભગવાને બતાવેલા ઉત્તમ વ્રત નિયમોને આદરી તેને પ્રમાદ રહિત પાળવાં અને નિજગુણમાં સ્થિરતા પામવી તે ચારિત્ર કહેવાય છે. ઉક્ત સમ્યકત્વ જ્ઞાન અને ચારિત્રને જ્ઞાની પુરૂષો રત્નત્રયી કહીને બોલાવે છે. એ પવિત્ર રત્નત્રયી વગર કદાપિ કોઇનો ક્યારે પણ અનાદિ કર્મનો ક્ષય થવારૂપ મોક્ષ થઈ શકતો નથી. તેથીજ ર-

ત્નત્રયીની સાધના મોક્ષસુખ પ્રાપ્ત કરવા માટે કરવી દરેક સ્થિર અને શાશ્વત સુખના અર્થી જનને ઉચિત છે.

રત્નત્રયીની સાધના કરવા માટે ઉત્તમ આલંબન લેવાની જરૂર.

ભાવ સહિત કરવામાં આવતી સકળ ધર્મસાધના સફળ થઇ શકે છે. દાન, શીલ, અને તપ વિગેરે ભાવ સહિત કરાય તોજ તે લેખે થાય છે. એ ભાવ મનને આધીન છે. અને ઉત્તમ અલંબન વગર ચંચલ મન સ્થિર રહી શકતું નથી જો કે જ્ઞાની પુરૂષોએ અનેક આલંબન કહ્યાં છે. પરતુ તે સૌમા **નવપદનું** આલબન મુખ્ય ઉત્તમ કહ્યુ છે.

" નવપદનું સંક્ષિપ્ત સ્વરૂપ અને આલંબન વિચાર. "

૧ અરિહત, ૨ સિદ્ધ, ૩ આચાર્ય, ૪ ઉપાધ્યાય, ૫ સકળ સાધુ, ૬ દર્શન, ૭ જ્ઞાન, ૮ ચારિત્ર અને ૯ તપ. એ **નવ પદ** અથવા **સિદ્ધચક્રના** નામથી ઓળખાય છે ઉક્ત નવપદના ગુણગ્રામ ચિન્તવી નિજગુણ શુદ્ધિ કરી લેવી ઉચિત છે તેથી ઉક્ત નવપદના ગુણોનુ પ્રથમ સક્ષેપથી વર્ણન કરિયે.

૧. રાગ દ્વેષ અને મોહાદિક અતરગ, અરિગણ (શત્રુઓ) ને સર્વથા જીતી લહી, સકળ અતિશયો યુક્ત સમવસરણમાં બિરાજી ભવ્યજનોને અશ્રાન્તપણે અમૃત સમાન ધર્મ દેશના આપી જે ઉદ્ધરે છે તે **અરિહંત વીતરાગ પરમાત્મા** કહેવાય છે.

૨. સકળ કર્મનો સર્વથા ક્ષય કરી જે અનંત જ્ઞાન, દર્શન

ચારિત્ર અને વીર્ય સંપન્ન થઇ અજ, અવિનાશી, અરૂપી, અવ્યાબાધ અને અગુરૂલઘુ એવું મોક્ષ મહાપદ પ્રાપ્ત કરે છે તે સઘળા **સિદ્ધ ભગવાન** તરીકે ઓળખાય છે.

૩ શ્રી અરિહંત પરમાત્માએ ઉપદેશેલા ઉત્તમ (જ્ઞાનાચારાદિ) આચાર વિચારને જે જાતે સેવન કરે છે પાળે છે, અને અન્ય યોગ્યજનોને એ ઉત્તમ આચાર વિચાર સમજાવી પળાવે છે, તે બ્રહ્મચર્યાદિક ૩૬ ગુણોવડે અલંકૃત **ભાવ આચાર્ય** કહેવાય છે. તીર્થંકર દેવના અભાવે શાસનની રક્ષા **આચાર્ય** કરે છે.

૪. જેઓ સર્વજ્ઞ દેશિત શાસ્ત્રોને સરહસ્ય સારી રીતે સમજી લઇને સાધુ સમુદાયને ભણાવે છે, અને જડ જેવા શિષ્યને પણ સુવિનીત બનાવે છે, વળી જે ગચ્છની સારી રીતે સંભાળ રાખે છે અને મૂળ ગુણ [મહાવ્રતો] ને તેમજ તેને પુષ્ટિકારક ઉત્તર ગુણને સાવધાનપણે સદાય સેવતા રહે છે એવા યુવરાજ તુલ્ય **પાઠક, વાચક** યા **ઉપાધ્યાય**ના નામથી ઓળખાય છે.

૫. જેઓ આ અસાર સંસારનુ સ્વરૂપ યથાર્થ ઓળખી તેથી વિરક્ત બની સદ્‌ગુરૂ સંગે ઉત્તમ રત્નત્રયીનું સકળ પ્રમાદ રહિત સેવન-આરાધન કરે છે અને અન્ય ભવ્યાત્માઓને આત્મ સાધનમા સહાય આપવા જે સદાય ઉજમાળ રહે છે તે **સંત, સાધુ, નિગ્રંથ, મુનિ,** યા **મુમુક્ષુ** કહેવાય છે.

૬. અનાદિ મિથ્યાત્વ યા કુવાસનાને અને અનંતાનુબંધી કષાયને ટાળવાથી, સુવાસના અને શાન્તિયોગે જે **તત્ત્વ પ્રતીતિ રૂપ** નિર્મળ ગુણસ્થાનક પ્રાપ્ત થઈ શકે છે તેને જ્ઞાની પુરૂષો **સમ્યગ્‌ દર્શન** સુશ્રદ્ધાન યા **સમકિત** કહે છે.

૭. જેના પ્રકાશવડે અનાદિ અજ્ઞાન અંધકાર ટળે છે અને સર્વજ્ઞ કથિત તત્ત્વોને સારી રીતે સમજી શકાય છે. અને અન્યને સમજાવી શકાય છે તેનુ નામ **જ્ઞાન** છે, સૂર્ય ચદ્ર અને દીપકની પેરે **જ્ઞાન** જગતને ઘણું ઉપકારી છે.

૮. વિષય, કષાય અને મન, વચન, કાયાને કાબૂમાં રાખીને ડહાપણથી જે દયા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અસંગતાદિ ઉત્તમ ગુણોનો અભ્યાસ કરવામાં આવે છે તેને જ્ઞાની પુરૂષો **સંચમ** યા **ચારિત્ર્ય** કહે છે.

૯. જેમ અગ્નિના તીવ્ર તાપ યોગે સુવર્ણની શુદ્ધિ કરવામાં આવે છે તેમ જે બાહ્ય તથા અભ્યતર સાધન જોગે અનાદિ કર્મ મળનો ક્ષય કરી આત્માની શુદ્ધિ કરવામાં આવે છે તેને જ્ઞાની પુરૂષો, નિર્જરાકારી **તપ** કહીને બોલાવે છે.

ઉક્ત **નવપદ**મા પ્રથમના પાચ પદ ધર્મી છે અને પાછળનાં ચાર પદ ધર્મરૂપ છે. એ ચાર પદનું યથાવિધિ સેવન–આરાધન કરવાથીજ અર્હિતાદિક ઉત્તમ પદવી પ્રાપ્ત થઇ શકે છે. તેથી દરેક ભવ્યાત્માએ ઉકત દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપરૂપ પવિત્ર ધર્મનુ શુદ્ધ પ્રેમથી સેવન કરવુ જોઇએ. પ્રમાદાચરણ તજવાથી પવિત્ર ધર્મ પ્રત્યે પ્રેમોલ્લાસ પ્રગટે છે. શ્રી અરિહતાદિક પાંચ પદો, પવિત્ર ધર્મના પ્રભાવથી અનુક્રમે ભવ્યજનોને શુદ્ધ માર્ગ દેશકપણાથી, અવિનાશીપણાથી, શુદ્ધ આચાર વિચાર પાળવા પળાવવાથી, ઉત્તમ વિનય શિખવવાથી અને અન્ય યોગ્ય જનોને યથોચિત સહાય યા આલંબન આપવાથી ત્રિભુવનવાસીજનોને પૂજા–સત્કાર યોગ્ય થાય છે. તેવા પવિત્ર આત્માઓનું

તન્મયપણે આલંબન લેવાથી–તેમની સેવા ભક્તિ કરવાથી, તેમના ઉત્તમ ગુણોનું એકાગ્રતાથી ચિન્તવન [ધ્યાન] કરવાથી આપણે પણ યોગ્ય અધિકાર પ્રાપ્ત કરી તેમના જેવાજ પવિત્ર બનતા જઇએ છીએ. અને અનુક્રમે સકળ કર્મ આવરણ દૂર કરીને અંદર ઢંકાઇ રહેલું આપણું અનાદિ આત્મ સ્વરૂપ સાક્ષાત્ પ્રગટ કરી શકીએ છીએ. પરંતુ આવો અમૂલ્ય આત્મ સાક્ષાત્કાર કરવામાં અંતરાય કરનાર અને આપણને અવળે માર્ગે દોરી જનાર જે 'પ્રમાદ' શત્રુ છે તેને વારવા–દૂર કરવા દરેક ભવ્યાત્માએ જરૂર લક્ષ રાખવું જોઇએ. પ્રમાદ જેવો કોઇ પ્રબળ દુશ્મન નથી. તેથી તેને બરાબર ઓળખી જીતી લેવો જોઇએ.

"પ્રમાદનું સંક્ષેપથી સ્વરૂપ અને તેના પ્રકાર તથા તેને જીતી લેવાથી થતા અનેક ફાયદા."

જેનાવડે આપણું કર્તવ્ય ભૂલી જવાય, ન કરવાનાં કામ કરી લેવાય અને ઉન્મત્તની પેરે વર્તન કરાય, અથવા દુ કાણમાં સ્વચ્છંદપણે ચલાય તેને જ્ઞાની પુરૂષો પ્રમાદ કહે છે તેના પાંચ પ્રકાર આ રીતે નીચે મુજબ કહ્યા છે.

૧ જેનાથી મદ–નીશો ચઢે એવા ગમે તે માદક પદાર્થનું સેવન કરવું અને બેભાન બની સ્વકર્તવ્યથી ચૂકવું, ૨ પાંચે ઇંદ્રિયોના વિષયો–શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શમા ગૃદ્ધ–આસક્ત બનવું; ૩ ક્રોધ, માન, માયા અને લોભ કષાયને વશ થઇ જવું; ૪ આળસ સુસ્તાઇવડે એદીની જેમ નિરૂદ્યમી બનવું; અને ૫ જેમાં કશું સ્વપરહિત સમાયેલું ન હોય એવી નકામી કુથલી–વિકથા કરવી

એ રીતે પ્રમાદના પાંચ ભેદ છે પ્રકારાન્તરે તેના આઠ ભેદ પણ કહ્યા છે. પ્રમાદ આચરણ તજીને ખરી દિશામાં પુરૂષાર્થ ફેરવવાથી કેવો અદ્ભૂત લાભ થવા પામે છે ? એ બારીકીથી તપાસવાની આપણને બહુ જરૂર છે. સાદો-હલકો (સુખે પચી શકે એવો) સાત્વિક ખોરાક જો પ્રમાણોપેત અને નિયમિત રીતે લેવામાં આવે તો તેથી વ્યાવહારિક અને ધાર્મિક કાર્ય કરવામાં બહુ સરલતા થવા પામે છે; વિષયાસક્તિ તજવાથી ઇન્દ્રિયોનો શુભ ઉપયોગ કરી શકાય છે, ચક્ષુવડે શુદ્ધ દેવ ગુરૂની પરમ શાન્તમુદ્રાને દેખી શકાય છે, શ્રોતવડે શાસ્ત્રોક્ત સદુપદેશ શ્રવણ કરી શકાય છે; જીભવડે શુદ્ધ દેવગુરૂના ગુણગ્રામ કરી શકાય છે, ઘ્રાણવડે સારા સુગંધિ પદાર્થનો સડેકાણે ઉપયોગ કરી શકાય છે અને દેહવડે સદ્‌ગુણીજનોનો યથાયોગ્ય વિનય ભક્તિ પૂજા સત્કાર કરી શકાય છે.જેમાની એક એક ઇન્દ્રિયને પરવશ પડવાથી પતંગીયા, ભમરા, માછલા, હરણીયા અને હાથીઓના ભુંડા હાલ થાય છે તે પ્રત્યેક ઇન્દ્રિયને નિજવશ વર્તાવી લેવાથી કેવો ઉત્તમ લાભ મેળવી શકાય છે ! તે વિવેકથી વિચારી જોતા માલમ પડે છે. ક્રોધાદિક કષાયના કટુકફળ વિચારીને વિવેકવંત ક્ષમા, મૃદુતા (નમ્રતા), સરલતા અને સંતોષ ગુણનો અભ્યાસ રાખે છે તો તેથી સઘળા આંતર તાપને શમાવી પરમ શીતળતાને પામે છે. જો આળસ તજી સદ્‌ઉદ્યમ સેવે છે તો તેથી શરીરનુ આરોગ્ય સાચવવા ઉપરાંત ઘણા પારમાર્થિક લાભ પણ સંપાદન કરી શકાય છે અને નકામી વાત-વિકથા કરવાનો ઢાળ તજીને ઉત્તમ ધર્મ કથા કરવા કે સાભળવાની સુટેવથી આત્માને અનહદ લાભ થવા પામે છે. આ રીતે હરેક પ્રકારનું પ્રમાદાચરણ સમજપૂર્વક પરિ-

હરી જો પ્રેમ-ઉલ્લાસથી સન્માર્ગનું સેવન કરવામાં આવે છે તો તેથી બહુ અપૂર્વ લાભ મળી શકે છે. **નવપદજીનુ** અથવા **વીશસ્થાનક પદ** પૈકી એક બે પદનું યાવત્ વીશે પદનું સંપૂર્ણ પ્રેમોલ્લાસથી યથાવિધ સેવન-આરાધન કરવાથી ભવ્યાત્મા ભારે રિદ્ધિ સમૃદ્ધિપામવા ઉપરાંત શ્રી અરિહંત **તીર્થંકરની** પવિત્ર પદવીને પણ પ્રાપ્ત કરી શકે છે. સંપૂર્ણ વીર્યોલ્લાસથી પવિત્ર રત્નત્રયીનું આરાધન કરનાર સકળ કર્મ મળનો સર્વથા ક્ષય કરીને અક્ષય અજરામર એવુ સિદ્ધ પદ પણ પામી શકે છે. અનાદિ અશુભ આચાર વિચારને તજી જે ભવ્યાત્મા શ્રી સર્વજ્ઞ પ્રણીત શુભ આચાર વિચારને બહુજ આદરપૂર્વક સેવે છે તે અલ્પ કાળમા ઉત્તમ **આચાર્ય** પદવીને પ્રાપ્ત કરી શકે છે, અને જે સારી રીતે સ્વ-આત્મહિત સાચવીને અતિ નમ્રભાવે પર-આત્મહિત કરવા ઉજમાળ રહે છે તે **વાચક-પાઠક** યા **ઉપાધ્યાય** પદને પામે છે. એજ રીતે ઇન્દ્રિય, કષાયાદિને દમી-વશ કરી જે સ્વાત્મ હિત કરવા ઉજમાળ બને છે તે સુસાધુ પદવીને પ્રાપ્ત થાય છે. જે સુસાધુજનો સમીપે આદર સહિત હિતોપદેશ સાંભળીને સુશ્રદ્ધા સદ્વિવેક, અને સતક્રિયાને સેવે છે તે મહાનુભાવ સુશ્રાવક પદવીને પામે છે તથા જે શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મતત્ત્વને યથાર્થ ઓળખી તેની દ્રઢ પ્રતીતિ કરે છે તે અનાદિ મિથ્યાત્વને તજી સમ્યકત્વ ગુણને પામી શકે છે. એ રીતે માર્ગાનુસારિતા પ્રમુખ અનેક ગુણો પુરૂષાર્થયોગે દ્રઢ અભ્યાસથી પ્રાપ્ત થાય છે. ઇતિ શમ્.

લેખક—**પવિત્ર શાસનરાગી કર્પૂરવિજય.**

સુજ્ઞ જૈન ભાઇઓ બ્હેનોને અતિ અગત્યની સૂચનાઓ.

૧. શુદ્ધ નિર્દોષ દેવ (શ્રી જિન અરિહંત), શુદ્ધ નિર્દોષ ગુરૂ (શ્રી નિર્ગ્રંથ–સાધુ), અને શુદ્ધ નિર્દોષ ધર્મ (શ્રી સર્વજ્ઞ ભાખિત) જ સત્ય, શ્રદ્ધાથી માનવા યોગ્ય છે. બાકીના સદોષ (રાગાદિ દોષ વાળા) દેવ, ગુરૂ અને ધર્મ તત્ત્વથી માનવા યોગ્ય નથીજ જિનેશ્વર દેવે ભાખેલા શુદ્ધ પવિત્ર ધર્મમાં શંકા કંખા કે ફળનો સંદેહ કરવા કશી જરૂરજ રહેતી નથી.

૨. સહુ કોઇને સ્વજીવિત વ્હાલુંજ હોય છે, તે કોઇને દવલું હોતુ નથી તેથી સહુ જીવોની રક્ષા સ્વજીવિતની જેમ કરવી જોઇએ. જીવ દયા વડેજ આપણે સુખી અને નીરોગી થઇ શકીએ છીએ

૩. સત્યજ વચન વદવુ એ ખરેખર મુખનુ મંડન (ભૂષણ) છે. સામાને પ્રિય અને હિતરૂપ થાય એવુજ સત્ય વચન બોલવાથી સજ્જનો શોભી નિકળે છે શાસ્ત્રનો મર્મ સમજ્યા વગર બીજાને સમજાવવા જતા પગલે પગલે 'અસત્ય' દોષ લાગે છે

૪. પૈસો અગીયારમો પ્રાણ લેખાય છે. બીજાનો પૈસો અનીતિથી હરી લેતાં તેના પ્રાણ હરી લેવા જેવો દોષ લાગે છે. તેમ છતાં પાછુ અનીતિનુ દ્રવ્ય ટકતુ નથી. તેમજ અનીતિવંત ધર્મ પામી શકતો નથી. તેથી ન્યાય નીતિ વડેજ દ્રવ્ય ઉપાર્જન કરવુ. આહાર પ્રમાણે ઓડકાર આવે છે. ન્યાય દ્રવ્યથી સુબુદ્ધિ

સુઝે છે, તેનો ભલો ઉપયોગ થાય છે, તે લાંબો વખત ટકી શકે છે અને ધર્મ માર્ગ પણ મળે છે.

૫. આપણી માતા, બેન કે પુત્રી સાથે કુકર્મ કરનાર માટે કેવો વિચાર આપણને આવે ? ઘણોજ માઠો. તો પછી એવુંજ કુકર્મ કરવા ઇચ્છતા આપણે માટે પણ સામાને કયાથી સારો વિચાર આવે ? નજ આવે. તો પછી સ્વસ્ત્રી શિવાય અન્ય સ્ત્રી મોટી હોય તેને માતા સમાન, સરખી વય વાળી હોય તેને બેન સમાન અને લઘુ વય હોય તેને સ્વપુત્રી સમાન લેખીએ તો કેવું સારૂ ? તેથી સ્વપરને કેટલી બધી શાન્તિ જાળવવા પામે ? બ્હેનોએ-સ્ત્રીઓએ પણ એજ રીતે પરપુરૂષને નિજ પિતા, બંધુ કે પુત્ર સમાનજ લેખવા જોઇએ. એથીજ વ્યવહાર શુદ્ધિ થઇ શકશે વ્યવહાર શુદ્ધિ વગરના માણસો પવિત્ર ધર્મ પામવા હજી યોગ્ય જ કયા છે ?

૬. ગમે તેટલી સંપદા છતાં લોભી માણસ મમ્મણ શેઠની પેરે દુઃખીજ હોય છે અને અલ્પ ઋદ્ધિ છતાં સતોષી માણસ પુણીઆ શ્રાવકની પેરે ઘણો સુખી હોય છે. એમ સમજી શાણાં સ્ત્રી પુરૂષોએ ઇચ્છા પ્રમાણ બાંધી સંતોષ વૃત્તિ સેવવીજ જોઇએ. અન્યથા લોભનો કઇ થોભ નથી અને ઇચ્છા પણ આકાશની પેરે અનતી છે. તેથી તેનો પાર આવતોજ નથી. પર આશા-તૃષ્ણામાં દુઃખજ છે તેથી તે ત્યાજ્ય છે.

૭. આજીવિકાદિક જરૂરી કારણે જવા જેટલી દિશા-ભૂમિની છૂટ રાખી બીજી બધી દિશા-ભૂમિની રાવી આવતી અટકાવવા માટે ખાસ મર્યાદા બાંધવી જોઇએ.

૮. મહા પાપ આરભ વાળા ૧૫ કર્માદાનના વ્યાપાર વડે

વૃત્તિ—આજીવિકા બને ત્યાં સુધી નહિ કરતાં અલ્પ આરંભવાળા ન્યાયયુક્ત વ્યાપાર વડેજ વૃત્તિ—નિર્વાહ કરવો શ્રાવકને ઉચિત છે. ભોગોપભોગના સંબંધમાં પણ ભક્ષ્યાભક્ષ્ય પેયાપેયનો વિવેક અવશ્ય સાચવવો યુક્ત છે. થોડી નિયમિત અને નિર્જીવ વસ્તુ વડે નિર્વાહ કરી લેવો જોઇએ.

૯. જેમાં પોતાનુ કે કુટુંબાદિકનુ હિત સમાયેલુ ન હોય તેવી નકામી બાબતમા માથું મારવું, પાપોપદેશ આપવો; પાપાધિકરણ એકઠા કરી આપવાં; પાપી હિંસારી જાનવર પાળવાં; અસતી પોષણ કરવુ, કુવ્યસન સેવવાં; કુસગતિ કરવી; કામ ઉન્માદ જાગે એવાં આસન સેવવા અથવા પુસ્તક વાચવાં કે સાંભળવાં, જેથી અનેક જીવોનો વિન શ થાય એવાં પ્રમાદાચરણ સેવવા; નકામાં યુદ્ધ કરવા—કરાવવા; એ વિગેરે અનર્થકારી બાબતોથી અનર્થ દંડ થાય છે એમ સમજી સુજ્ઞોએ પાછા ઓસરવુ.

૧૦. દરેક શ્રદ્ધાલુ શ્રાવક—શ્રાવિકાએ હરહમેશ જેમ સમતા ગુણની વૃદ્ધિ થાય તેમ શુદ્ધ ભાવથી સામાયક, પ્રતિક્રમણ, પ્રભુદર્શન—પૂજા—સેવા—ભક્તિ, દેવવંદન, ગુરૂવંદન, શાસ્ત્રશ્રવણ—મનન—નિદિધ્યાસન, વિનય, વૈયાવચ્ચ, સત્સંગ, તીર્થયાત્રા પ્રભાવનાદિક ઉત્તમ ધર્મ કરણી સ્વકર્તવ્ય સમજીને જાતે કરવી, કરાવવી અને અનુમોદવી જોઇએ.

૧૧. હરહમેશની ધર્મકરણી ઉપરાત અષ્ટમી, ચતુર્દશી પ્રમુખ પર્વતિથિ જોગે કંઇ સવિશેષ કરવા લક્ષ રાખવું. વ્રત પચ્ચખાણ રૂચિથી આદરવાં અને તે બરાબર પાળવા ધર્મ શાસ્ત્ર ચિત દઇને વાંચવાં યા સાંભળવાં, વળી બનતા સુધી ઉપવાસ આયંબિલ, નીવી, એકાસણાદિક તપ કરવો, શરીર સત્કાર તજવો. શુદ્ધ શીયલ પા-

જાવું, અને સર્વથા પાપ વ્યાપારનો ત્યાગ કરવો. એ રીતે નિજ ગુણની પુષ્ટિ માટે **પોષધ** કરવો. છેવટે તેમાંથી યથાશક્તિ કરણી તો પ્રમાદ રહિત કરવા જરૂર ખપ કરવો એજ સાર છે.

૧૨. ગૃહસ્થ શ્રાવક શ્રાવિકાનું આ પણ એક ઉત્તમ કર્તવ્ય છે કે તેમણે ક્ષમાદિક દશ પ્રકારના યતિ ધર્મને પાળનારા, પાંચ મહાવ્રતને ધારનારા, સંસારની સઘળી ખટપટોથી દૂર રહેનારા, સદાય સાવધાનપણે સમતા રસમાં ઝીલનારા, અને નિર્દોષ (પવિત્ર) મોક્ષ માર્ગમાં ચાલનારા નિગ્રંથ-મુનિ મહાશયોને નિર્દોષ (પ્રાસુક-નિર્જીવ) આહાર, પાણી, ઔષધ, ભેષજ, વસ્ત્ર પાત્ર અને નિવાસ સ્થાનાદિક નમ્ર ભાવે નિઃસ્વાર્થપણે આપવા અને તેમની પાસેથી અમૂલ્ય સદ્બોધ મેળવી સાર્થક કરવો. પવિત્ર તીર્થાદિકની રક્ષા કરવી, જ્ઞાન વૃદ્ધિ કરવી. અને સ્વધર્મી બંધુઓને બનતી સહાય કરવી.

જૈન ધર્મ સંબંધી સાદી સમજ મેળવવા બાબત બોધ વચન

(લેખક પવિત્ર શાસન રાગી અને સદ્ગુણાનુરાગી કર્પૂર વિજયજી.)

રાગદ્વેષ અને મોહ આદિ દોષ માત્રને દુર કરનાર (જીતી લેનાર) **જિનેશ્વર દેવ છે.** તેમણે ભાખેલો **જૈન ધર્મ છે અહિંસા સંયમ** અને **તપ** એ ધર્મનું લક્ષણ છે. એ પરમ મંગમલય ધર્મની ધુરા ધારનાર ધોરી સમાન સાધુ નિગ્રંથ ગુરૂ ગણાય છે. શુદ્ધ દેવગુરૂ અને ધર્મ ઊપર શ્રદ્ધા આકીન રાખનાર, વિવેક ચક્ષુથી સત્ય હિત જોનાર જાણનાર અને સત્ય હિતકરણી કરનાર શ્રાવક કહેવાય છે. સકળ દોષરહિત જિનેશ્વર દેવે ભાખેલા ધર્મને

એક સરખી રીતે અનુસરનારા **સાધર્મી** લેખાય છે. તેમની યથોચિત સેવા ભક્તિ બજાવવાથી ભાગ્યશાળી જનો મહાન્ લાભ મેળવે છે. જે આ ભવ સમુદ્રથી તારે, પાર ઉતારે અથવા જેના વડે ભવનો પાર પામીયે તે **તીર્થ** કહેવાય છે. **જંગમતીર્થ** અને **સ્થાવર તીર્થ** એ રીતે તીર્થ બે પ્રકારનાં છે. જિનેશ્વર દેવની આજ્ઞાને યથાશક્તિ માન્ય કરી ચાલનારા સાધુ સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, એ જંગમતીર્થ છે. અને શત્રુંજય, ગિરનાર, આબુ, અષ્ટાપદ અને સમેતશિખર પ્રમુખ સ્થાવર તીર્થ છે શુદ્ધ ભાવથી તેને ભેટનાર ભવસમુદ્ર તરી શકે છે. એ પવિત્ર તીર્થને ભાવથી ભેટી યથાશક્તિ દાન, શીલ, તપકરણી કરી લેવી એ દરેક ભવ્યાત્માનું અવશ્ય કર્તવ્ય છે, ત્યા કઇક સજ્જનોનો સમાગમ પણ થઇ શકે છે; તેમના ઉત્તમ ગુણનુ અનુમોદન કરવાથી આપણામા સજ્જનતા આવે છે, નિદાદિક દોષનુ નિવારણ થાય છે અને નિર્મળ જ્ઞાનાદિ ગુણોનો પ્રકાશ થાય છે. આવા ઉત્તમ હેતુથીજ સહુ કોઇએ પવિત્ર તીર્થની ભેટના કરવી; સાધર્મિ બંધુઓ અને બ્હેનોનો આદર સત્કાર કરવો તથા સજ્જનોની સંગાતે જ્ઞાનગોષ્ઠિ કરવી અને એ દરેકે દરેક શુભ પ્રસગમાંથી કઇને કઇ ગુણ ગ્રહણ કરીજ લેવો સહુને ઉચિત છે હંસની પેરે સાર તત્વનુ ગ્રહણ કરી લેવામાજ બુદ્ધિશાળી મનુષ્યોની ખરી ખુબી છે યથાશક્તિ વ્રત નિયમો જ્ઞાની ગુરૂની પાસે સમજી સારી રીતે આદરવા એજ આ દુર્લભ માનવ દેહ પામ્યાનું ઉત્તમ ફળ છે. એ રીતે પૂર્વ પુન્ય યોગે પ્રાપ્ત થયેલી લક્ષ્મી અને વાણીનો પણ સદુપયોગ કરવાથીજ તેની સફળતા છે સક્ષેપમાં સહુ સંગાતે મૈત્રી, ગુણીજનો પ્રત્યે **પ્રમોદ**, દુખીજનો પ્રત્યે **દયા** અને દોષવંત પ્રત્યે **મધ્યસ્થતા**,

રાખવામાંજ આપણું ખરૂં હિત રહેલું છે એ મુદ્દાની વાત ખૂબ લક્ષમાં રાખી કલેશ કુસંપ કાપીને સર્વત્ર સુલેહ શાન્તિ જાળવો, તોડ ફોડ તજીને સહુ કોઇને સન્માર્ગમાં જોડો, સહુ કોઈનું શ્રેયજ ઇચ્છશું તો આપણું શ્રેય પણ થશેજ. કિબહુના ? કહ્યું છે કે–
" સહુ મન સુખ વંછે, દુ ખને કો ન વંછે; નહિ ધરમ વિના તે, સૌખ્ય એ સંપજે છે, ઇહ સુધરમ પામી, કાં પ્રમાદે ગમીજે; અતિ આળસ તજીને, ઉદ્યમે ધર્મ કીજે. ૧ ઇહ દિવસ ગયા જે, તેહ પાછા ન આવે; ધરમ સમય આળે, કાં પ્રમાદે ગમાવે ? ધરમ નવિ કરે જે, આયુ આળે વહાવે; શશિ નૃપતિ પરે ત્યુ, શોચના અંત પાવે "૨ જગતમાં સહુ કોઇ સુખનીજ વાંછના કરે છે, કોઇ પણ દુ.ખની વાંછના કરતા નથી. સહુ જીવોને સુખમય જીવનજ વ્હાલુ લાગે છે પણ એવુ સુખ, દયા, દાન અને દમ (સયમ) રૂપ ધર્મ સેવન કર્યા વગર પ્રાપ્ત થતુ નથી. એ ઉત્તમ ધર્મ સાધી લેવાની એક અમૂલ્ય તક આ માનવ દેહમા પામીને, પ્રમાદ વશ પડી સ્વચ્છદપણુ આદરી, હે ભોળા ભાઇ ! તુ કેમ એળે ગમાવે છે ? પ્રમાદ–મદ, વિષય, કષાય, આળસ અને વિકથા સમાન કોઇ કટ્ટો શત્રુ નથી એથીજ ત્હારે સંસાર ચક્રમા જન્મ મરણના ફેરા કરવા પડે છે માટે ચેત ! જાગ્રત થા ! અને આળસ ઉડાડીને યથાશક્તિ વીર્ય ફોરવી ધર્મ સાધના કરી લે ! ધર્મ સબલ (ભાતુ) સાથે બાધી લઇશ તો આગળ સુખી થાઇશ તે વગ- પરભવમાં ત્હને કોઇ ત્રાણ, શરણ કે આધાર નથી માટે જાગ અને એદી- પણુ કાયરપણું તજી દે ! એજ ખરો સુખનો માર્ગ છે જે જે દિવસ અને રાત્રીઓ ધર્મ સાધન વગર ત્હારા ફોગટ જાય છે તેજ દિવસ અને રાત્રીઓ ચીવટથી ધર્મ સાધન કરી લેનાર ભાઇ બ્હેનોને

લેખે થાય છે. અત્યારે ખરી તકે લગારેક કષ્ટ સહન કરી લઇને પણ જેઓ ધર્મ સાધન કરે છે તેમને ભવિષ્યમા ભારે સુખ સાંપડે છે અને જે કોઇ દેહ, ધન અને પુત્રાદિ પરિવાર ઉપર ખોટી મમતા રાખી, ધર્મ સાધનની ખરી તક ખોઇ નાખે છે તેમને બહુ શોચના સાથે ભવિષ્યમા ભારે દુ ખ વેઠવું પડે છે એમ સમજી નિજ હૃદય ચક્ષુ ઉઘાડી ભવિષ્યનો વિચાર કરી જો સવેળા ચેતી કંઇ સબળ ધર્મ સાધન કરી લેવામા આવશે તો જરૂર પોતાનું ભવિષ્ય સુધરવા પામશે. ઇતિશમ્.

—※—

જૈન શ્રાવક ભાઇ બ્હેનોએ સ્વધર્મની રક્ષા માટે પાળવા યોગ્ય પવિત્ર નિયમો.

(લેખક,–સદ્ગુણાનુરાગી અને પવિત્ર શાસનરાગી કર્પૂરવિજયજી).

૧ સુશ્રાવક જનોએ ન્યાય–નીતિવાળા ગમે તે શુભ વ્યાપારાદિ વ્યવસાયવડે દ્રવ્ય ઉપાર્જન કરી આજીવિકા ચલાવવી; સ્વકુટુંબનુ પોષણ કરવુ, માતપિતાદિની સેવા ભક્તિ કરવી; નમ્રતા રાખવી; કૃતજ્ઞ અને પરોપકારી થવુ, તથા લજ્જાળુ, દયાળુ, ગંભીર, અને નિષ્પક્ષપાતી બનવુ યુક્ત છે

૨ આવકના પ્રમાણમાજ ખર્ચ રાખવુ, સ્વસ્થિતિ પ્રમાણેજ સંભાળીને ચાલવું, ઇન્દ્રિય દમન અને કષાય નિગ્રહ કરવા વધારે લક્ષ રાખવુ જ્ઞાનીને પગલે પગલે ચાલવુ.

૩ સુખ દુ ખ સમયે હર્ષ ખેદ કર્યા વગર સિંહવૃત્તિ ધારવી, શ્વાન જેવા ડરકણ થવુ નહિ.

૪ મદ—નીશો ચઢે એવું કાંઇ ખાવું—પીવું નહિ, આળસુ—સુસ્ત થઇને બેસી રહેવું નહિ, અને નકામી વાતોના તડાકા મારી કે પારકી કુથલી કરી કિંમતી વખત ગાળવો નહિ.

૫ શુદ્ધ દેવ અરિહંત, શુદ્ધ ગુરૂ સાધુ નિગ્રંથ અને શુદ્ધ ધર્મ સર્વજ્ઞ ભાષિત જ છે એવી દ્રઢ શ્રદ્ધા રાખી તેનીજ સેવા ભક્તિ તન મન ધનથી કરવા કાયમ લક્ષ રાખવું.

૬ શુદ્ધ દેવ ગુરૂની સેવા ભક્તિ (દર્શન, વંદન, પૂજા, સ્તુતિ સ્તવનાદિ) પ્રસંગે શરીર, વસ્ત્ર, મન, ભૂમિ, પૂજોપગરણ, દ્રવ્ય અને વિધિ એ સાત પ્રકારની શુદ્ધિ કરવા (સાચવવા) ખાસ લક્ષ રાખવું.

૭ શુદ્ધ દેવ ગુરૂની સેવા ભક્તિ તેમની પવિત્ર આજ્ઞાનું યથાશક્તિ પાલન કરવા વડેજ સફળ થાય છે એમ સમજી કોઇપણ પ્રકારના કુવ્યસનથી તો સદંતર દૂરજ થઇ રહેવું.

૮ માંસ, દારૂ, શિકાર, ચોરી, જૂગાર, પરસ્ત્રી અને વેશ્યા ગમન એ સાત કુવ્યસનો ઉભયલોક વિરૂદ્ધ હોવાથી અતિ નિંદ્ય, અપજશકારી, કલેશકારી અને દુર્ગતીદાયક થાય છે.

૯ જ્ઞાની ગુરૂરાજનો જોગ મેળવી, તેમની પાસેથી હિતોપદેશ સાંભળી, તે હૈયે ધારીને, કોઈ જીવને પ્રતિકૂળતા ઉપજે એવું અનિષ્ટ આચરણ કદાપિ નહિ કરતાં, જેથી આત્મ કલ્યાણ થાય એવાં સદાચરણજ સેવવા સદાય લક્ષ રાખવું.

૧૦ રાત્રીભોજન, જમીનકંદ, (કંદમૂળ), રિંગણ, વિંગણ, તુચ્છ અને અજાણ્યાં ફળ પમુખ, બોળ અથાણું, વાસી ભોજન,

કાચાં ગોરસ (દૂધ, દહીં કે છાશ) સાથે કઠોળ ભોજન, લગભગ વેળાએ વાળુ, દિવસ ઉગ્યા વગર ખાનપાન એ સઘળાં વર્જ્ય છે. તેમજ જીવાકુળ વસ્તુ, બગડી ગયેલ (ચલિત રસ) ઘી, દૂધ, મેવો, મીઠાઇ, વિગેરે પદાર્થ બે રાત્રી ઉપરાંતનું દહીં, ત્રણ દિવસ ઉપરાંતની છાશ, કાચુ મીઠું, ગાળ્યા વગરનું (અળગણ) પાણી અને દૂધ વિગેરે બધું વર્જવા યોગ્ય છે.

૧૧. ફાગણ શુદ ૧૪ પછી કાર્તિક સુદ ૧૪ સુધી ખજૂર, ખારેક પ્રમુખ જીવાકુળ મેવો, આર્દ્રા નક્ષત્ર બેઠા પછીની આંબાની કેરી કાચી અને ભ્રષ્ટ ખાંડ વિગેરે જીવાકુળ વસ્તુમાત્ર ભક્ષણ કરવા યોગ્ય નથી.

૧૨ આખા દિવસમાથી બે ઘડી જેટલો વખત પણ બચાવીને શાસ્ત્ર અભ્યાસ, શાસ્ત્ર વાંચન, શ્રવણ, મનન પ્રમુખ અવશ્ય કરવું. અને પાપ પ્રવૃત્તિ તજી સામાયક, પ્રતિક્રમણ પ્રમુખ કરણી પણ કરવી.

૧૩ પરનિંદા, ચાડી ચૂગલી, કલેશ અને પરમ માઠાં આળ પ્રમુખ દુષ્ટ આચરણથી સદંતર દૂર રહેવુ કુદેવ, કુગુરૂ અને કુધર્મના ફંદામાં કદાપિ પડવુ નહિ.

૧૪ વર્ષમાં એકાદ પવિત્ર તીર્થની યાત્રા કરી, સધ સાધર્મીજનોની સેવા કરી અથવા વિદ્યાદાન પ્રમુખ કોઇ સારૂં પરમાર્થનું કામ કરી સ્વજીવનની સફળતા કરવી.

યત:—

" પરહિત કરવા જે ચિત્ત ઉચ્છાહ ધારે,
પરકૃત હિત હોયે જે ન કાંઇ વિસારે;
પ્રતિહિત પરથી જે તે ન વંછે કદાઇ,
પુરૂષ રયણુ સોઇ વદીયે સો સદાઇ;
નિજ દુ ખ ન ગણે જે પારકુ દુ ખ વારે,
તિહતણી બલીહારી જાઇએ કોડી વારે;
જિમ વિષભર જેણે ડક પીડા સહીને,
વિષધર જિન વીરે બુઝવ્યો તે વહીને. "

તિર્થંકરો અને ગણધરો વિગેરે આપ્ત પુરૂષો જે આ માનવ-દેહની દુર્લભતા બતાવે છે તે આવી રીતે યથાશક્તિ ધર્મ આરાધન કરી લેવાના પવિત્ર હેતુથીજ તે પ્રમાણે વર્તે તેમનો તો આ માનવ દેહ એક ઉત્તમ ચિન્તામણિ રત્ન જેવો અમુલ્ય જ લેખવા યોગ્ય છે. અન્યથા શાસ્ત્રકાર કહે છે તેમ ધર્મના પ્રભાવે સુખ સંપદા પામ્યા છતા જે એ ઉપકારી ધર્મનીજ અવગણના અનાદર કરે છે તે સ્વામી દ્રોહી (ધર્મ વિરાધક) જીવનું ભવિષ્ય શી રીતે સારૂ થઈ શકશે ? નહિજ થઇ શકે. એમ સમજી સુજ્ઞ ભાઇ બ્હેનોએ પવિત્ર ધર્મ આચરણવડે આ માનવ જીવનને સફળ કરી લેવા લગારે પ્રમાદ કરવો યુકત નથીજ. પ્રમાદ રહિત જે નિજ હિત કરી લે છે તેજ પરહિત પણ કરી શકે છે, ક્ષમા, નમ્રતા,

સરલતા, સંતોષ, તપ, સંયમ, સત્ય, શૌચ (મનઃશુદ્ધિ–પ્રમાણિ-કતા), નિસ્પૃહતા અને બ્રહ્મચર્યરૂપ ઉત્તમ સાધુ ધર્મની ભાવના દીલમા રાખીનેજ રૂડું શ્રાવક જીવન ગાળવું જોઇએ. કિંબહુના !

ઇતિ શમ્.

લેખક,

પવિત્ર સાશનરાગી અને સદ્ગુણાનુરાગી

મુનિશ્રી કર્પૂરવિજયજી.

પ્રસ્તાવના.

શ્રીપાળ કુમાર અને મયણા સુંદરીનુ પવિત્ર ચરિત્ર આપણામાં સુપ્રસિદ્ધ છે. તેઓ શ્રી મુનિસુવ્રતસ્વામીના શાસનમાં થએલા હોઇ કેવી રીતે ઉન્નતિને પામ્યા તે વાત તેમના ચરિત્ર ઉપરથી સ્પષ્ટ સમજાય છે. એજ વાત **શ્રીમાન્ વિનયવિજયજી** અને **યશોવિજયજી** મહારાજાઓએ 'રાસ' રૂપે ગુંથી છે. શ્રીપાળના રાસની ગુંથના એવી તો મનોહર—ચિત્તાકર્ષક છે કે દરેક ચૈત્રમાસની અને આસો માસની અઠાઇ (આયંબિલની ઓળી) પ્રસંગે ભવ્ય ભાઇઓ અને બ્હેનો તે અત્યંત પ્રેમથી વાંચે કે સાભળે છે. તેમા તથા શ્રી શ્રીપાળ ચરિત્રમા નવપદ મહિમાનુ વિસ્તારથી બ્યાન આપવામાં આવ્યું છે એટલો વિભાગ ઉદ્ધરીને મૂળ પ્રાકૃત ભાષામાં નવપદ પ્રકરણ અર્થ સહિત '**યોગ્યતાદર્શક**' અને '**પ્રશમરતિ**' ગ્રંથમાં કેટલાક વર્ષો પહેલાં પ્રસિદ્ધ થયેલ છે. તેનોજ ભાવાર્થ કવચિત્ સુધારા વધારા સાથે આ પ્રસ્તુત ગ્રંથમાં સંગ્રહિત કરવામા આવેલ છે. તેની સાથે સાથે શ્રીમાન્ યશોવિજયજીએ નવપદજીની પૂજામા કરેલો અનુવાદ પણ આપવામા આવેલો છે નવપદજીના ઉત્તમ ગુણોનો બરાબર ખ્યાલ કરીને તેવા ઉત્તમ ગુણો આપણામાં પ્રગટે એજ પવિત્ર હેતુ શ્રી નવપદજી (સિદ્ધચક્ર) ની સેવા ભક્તિમાં હોવો જોઇએ. જેમ નવપદનો મહિમા લોકપ્રસિદ્ધ છે તેમ વીશસ્થાનક પદનો પ્રભાવ પણ લોકવિદિત છે. દરેક તીર્થંકર ઉક્ત વીશસ્થાનક પૈકી સઘળા કે એકાદિ પદનું પૂર્વલા ત્રીજે ભવે આરાધન કરીનેજ તીર્થંકર નામ કર્મ ઉપાર્જી તીર્થંકર પદવી પ્રાપ્ત કરે છે. તેથી તે વીશસ્થાનક પદનુ સંક્ષિપ્ત

વર્ણુન તથા તેમને આરાધવાનો વિધિ પણ પ્રદર્શિત કરેલો છે. નવપદ અને વીશસ્થાનક સંબધી પૂજાઓ ભણાવવાનો પણ અંતર્ગત હેતુએ ઉત્તમ પદોના ગુણવર્ણુન વડે તેમા એકતા કરવાનો છે. એ ઉપરાંત ૨૪ તીર્થંકરોના સઘળા મળીને ૧૨૦ કલ્યાણકોને આરાધવા માટે તેમજ મૌન એકાદશીનુ આરાધન કરવા માટે તેના ગણુણાં પ્રમુખનો પણ એવાજ હેતુથી અત્ર સમાવેશ કરવામાં આવેલ છે તે ઉપરાત શ્રી શત્રુજય, ગિરનાર, અષ્ટાપદ અને સમેતશિખરજી સબધી તીર્થકલ્પોનો સારાંશ આ પુસ્તકમા તે તે તીર્થનો મહિમા ભવ્યજનોને હૃદયગમ થાય અને તે તે પવિત્ર તીર્થોની સેવા કરવા આકર્ષાય એવા હેતુથી દાખલ કરવામા આવેલ છે કવી દેપાલકૃત સ્નાત્ર પુજાને પદ્મવિજયજીકૃત નવપદ પૂજાનો સમાવેશ કરવામા આવેલ છે. વળી ભવ્યજનોને આનંદદાયક નવપદાદિ સબધી અનેક ઉત્તમ સ્તવનાદિકનો સગ્રહ પણ કરવામા આવેલો છે. દાખલા તરીકે મનુષ્યે શુભ ઉપાયથી પૈસો ઉપાર્જન કરી આજીવિકા કેવી રીતે ચલાવવી, તથા પોતાની સ્થીતિ ઉપરાત ખરચ કરતા કેવી રીતે પાછા હઠવુ તેમજ દુઃખ વખતે અધીરાઇ નહિ કરતા ધીરજ કેવી રીતે સહન કરવી તે સર્વે બનાવેલ છે. અનાદિ વિષય કષાયાદિ વશવર્તીપણાથી તેમજ વિકથાદિક પ્રબળ પ્રમાદના જોરથી ઘણાએક ભાઇ બ્હેનો આ અનિત્ય, અશુચિ અને અસાર એવા જડ દેહાદિક પદાર્થો ઉપર મૂર્છા—મમતા રાખી પોતાનો અમૂલ્ય માનવદેહ નકામો એળે ગમાવે છે. તેમને જાગૃત કરવાના શુભાશયથી પોતાનામાં વ્યાપી રહેલા આલસ્યાદિક દોષોને અળગા કરવા જે કઇ અત્ર બોધાયેલુ છે તે નિજ લક્ષમાં લહી ભવ્યાત્માઓ જાગૃત થાઓ.

"ખંતથી સદ્ ઉદ્યમ સેવનાર સહેજે સકળ સુખ સંપદા પામી શકે છે" એ વાતના સમર્થનમાટે થોડાએક પ્રમાણ વાકયો." **"ઉદ્યોગિનં પુરૂષસિંહ મુપૈતિ લક્ષ્મીઃ—** શ્રીપાળ કુમારની પેરે ઉદ્યમી પુરૂષરત્નને લક્ષ્મી વરે છે. (પુરૂષાર્થવત પુરૂષસિંહને લક્ષ્મી સહેજે આવી મળે છે). **પદં હિ સર્વત્ર ગુણૈર્નિધીયતે** ગુણ—ગુણીનો સર્વત્ર આદર કરાય છે (ગુણોસમ સર્વત્ર પૂજા સત્કારને પાત્ર થાય છે. પૂજાય છે અને મનાય છે). યત —ગુણા **પૂજા સ્થાનં** ગુણિષુ **ન ચ** લિગ **નચ વયઃ—'** ગુણી જનોમાના ગુણોજ પૂજાપાત્ર છે. કેવળ લિગ અને વયજ પૂજા પાત્ર નથી "કાયર—કાયરજનો કઇ પણ સત્કાર્ય પ્રતિજ્ઞાદિક ભંગ થવાના ભય માત્રથી, આદરતાજ નથી, મધ્યમ જનો તેનો પ્રભાવ જાણી સાભળીને આદરે તો છે પણ કોઇ વિઘ્ન આવ્યે છતે તે તજી દે છે પણ દક્ષ—ડાહ્યા ચતુરજનો તો ગમે એવા વિઘ્ન આવ્યે છતે પણ આદરેલા સત્કાર્યને અત સુધી નિર્વહે છેજ."

"પ્રથમજ તપાસો કે તમે જે કાર્ય કરવા સકલ્પ કર્યો છે તે ડહાપણભર્યો છે કે નહિ. અને જો તે સકલ્પ દઢા એટલે ડહાપણભર્યોજ હોય તો ગમે તેવા વિઘ્ન ઉપસ્થિત થાય તોપણ તેથી તમે ડગશો નહિ ચલાયમાન થાશો નહિ, તેમા અડગજ રહેજો" ધૈર્ય પૂર્વક ખંત જારી રાખવાથી ગમે તેવા દુષ્કર કાર્ય પણ સાધી શકાય છે "ચાકરી વગર ભાખરી નથી" ઉદ્યમ કર્યા વગર ફળ મળવાનુ નથી, જેવુ વાવશો તેવુ લણશો, જેવું મન ઘાલશો એવું કમાશો, આપ સમાન બળ નહિ અને મેઘ સમાન જળ નહિ, જાત મહેનત (Self Holp) ઉપરજ વિશેષ

વિશ્વાસ રાખવો, સ્વાશ્રયી બનો, બીજાના વિશ્વાસ ઉપર બેસી ર-હીને આલસ્યને નહિ પોષશો–નહિ વધારશો. "નિયમિત કાર્ય કરવાની ટેવથી બહુ સરલતા–અનુકૂળતા થવા પામે છે" તમારા દરેક કાર્યમા બને તેટલા નિયમિત (Regulai) થાઓ–થવા પ્રયત્ન કરો. સરલતાથી અને સારી રીતે કાર્ય કરવાની એના જેવી બીજી કાઇ સરસ પદ્ધતિ નથી. નિયમિત કાર્ય કરનારાઓ ગમે તેટલા કામ મજાથી કરે છે અને અનિયમીત કામ કરનારા એકાદ કામ કરવામા પણ નાશીપાસ થાય છે. "લક્ષ પૂર્વક નિયમિત કામ કર્યા પછી જે વિશ્રન્તિ મળે છે તેમાંજ ખરી મીઠાશ આવે છે; કેમકે તેથી આત્મ સતોષ પ્રાપ્ત થાય છે (ચિત્ત પ્રસન્ન રહે છે)" અનિયમિતપણે કામ કરનારને આત્મ સતોષને બદલે બહુધા બળાપો થયા કરે છે (તેનું ચિત્ત અપ્રસન્ન અને ઉદાસી રહ્યા કરે છે) "નિયમિત કામ કરનારને નિજ કાર્ય શક્તિમા શ્રદ્ધા બની રહે છે તેથી તે ધાર્યું કામ ઉત્સાહ પૂર્વક સારી રીતે કરી શકે છે; તેથી ઉલટુ અનિયમિત કામ કરનારમા બને છે. આ વાત સ્વાનુભવ સિદ્ધ સમજી શકાય એવી છે પાત્રતા યોગે વસ્તુ પ્રાપ્તિ થવામાં ઉદ્યમાદિની પણ જરૂર રહે છે.' કાઇપણ અગત્યના કામ કરવા ઇચ્છનારે પ્રથમજ તેની યોગ્યતા મેળવવા મથન કરવુ જોઇએ (Fist Deserve and then Desire) "યોગ્યતા પામી લેવાય તો કાર્ય સિદ્ધિ સુલભ થવા પામે એ નિર્વિવાદ સિદ્ધ છે." કારણ વગર કાર્યની સિદ્ધિ થઇ શકેજ કેમ? પુરૂષાર્થ વડેજ સર્વ કંઇ કાર્ય જાત સિદ્ધ થઇ શકે છે. પુરૂષાર્થને કઇ પણ અસાધ્ય નથીજ. માટેજ કહેવામા આવે છે કે (Try, Try and Try)

ઉદ્યમ કરો, ઉદ્યમ કરો, ઉદ્યમ કરો. ઉદ્યમ કરવા વડેજ અંતરાય તૂટશે. ઉદ્યમ કર્યા છતાં તત્કાળ ફળ પ્રાપ્તિ થવા ન પામે તો તેથી નિરૂત્સાહ થવું નહિ. ધિરજ ધરીને ફળ પ્રાપ્તિ થતાં સુધી અડગ ઉત્સાહથી ઉદ્યમ કરી આગળ વધતા જવું. એટલે અંતે ફળ પ્રાપ્તિ અવશ્ય થશેજ" ઉદ્યમ સાથે નશીબ યારી આપે છે તો તત્કાળ પણ ફળ પ્રાપ્તિ થઇ શકે છે. "સતત ઉદ્યમ કર્યા છતાં ફળ ન મળે તોજ દૈવને દોષ દેવો, તે પહેલાં દૈવને કે કાળને દોષ દઇ નિરૂદ્યમી બની બેસવું નહિ" યદ્યપિ કાળ, સ્વભાવ, ભાવી ભાવ (નિયતિ), પૂર્વ કર્મ અને ઉદ્યમ એ પાંચ સમવાયિ કારણ યોગેજ કોઇ પણ કાર્ય સિદ્ધ થાય છે, તોપણ તે સર્વમાં ઉદ્યમ-નેજ પ્રધાન પદ અપાય છે કેમકે તેના વડેજ ઇતર કારણની ખાત્રી થઇ, ઉદ્દિષ્ટ કાર્ય સિદ્ધિ થવા પામે છે "નિજ નિજ કર્તવ્ય પ-રાયણ જનો સુખી થાય છે અને તેમા બેદરકાર રહેનાર દુઃખીજ થાય છે એવું સમજનારા સહુ સુજ્ઞ ભાઇ બ્હેનોએ નિજ નિજ કર્ત-વ્ય કર્મમાં પુરતુ લક્ષ અવશ્ય રાખવુજ જોઇએ; સહુ સહુમાં સાધુ-ઓનો તેમજ ગૃહસ્થોનો સમાવેશ થઇ જાય છે." પોતપોતાના અધિકાર મુજબ સહુએ સ્વકર્તવ્ય કર્મ કરવાના હોય છે. તેની ઉપેક્ષા કરવાથી તેમને હાનિ સહવી પડે છે. અને નિજ નિજ કર્તવ્ય નિષ્ઠ રહેવાથી અંતે સકળ સુખ સંપદા સ્વાધીન થઇ રહે છે. કોઇપણ કાર્ય સહસા અતિ ઉતાવળથી કરવુ નહિ. વિવેકથી વિચારી કાર્ય કરનારને સહેજે સકળ સુખ સંપદા આવી મળે છે ગંભીર અને મહત્વના કામ બહુ વિવેકથી અને ધૈર્યથી કરાવવાં જોઇએ, તેમાં ફળ પ્રાપ્તિ માટે ઉતાવળ કરવી નહિ—અધીરા થાવુ નહિ. કેમકે કહ્યુ છે કે Patience and

Persivearance over come Mountains અર્થાત ધૈર્ય અને ખંતથી ગમે તેવાં મહત્ત્વનાં મોટાં-મહાભારત કામ પણ પૂરાં કરી પાર પાડી શકાય છે. બાકી તે વગર તો Haste is Waste અતિ ઉતાવળ અને અધીરાઇ અતિ હાનિરૂપ નીવડે છે. **શ્રીમાન્ આનંદઘન** વિગેરે આત્મદષ્ટિ જ્ઞાની પુરૂષો બોધે છે કે '**સેવન કારણ પહેલી ભુમિકારે, અભય અદ્વેષ અખેદ.** સેવા-ભક્તિ અને પરમાર્થ પરાયણુતા માટે પ્રથમજ ભય દ્વેષ અને ખેદરૂપ દોષત્રયનો ત્યાગ કરવો જોઇએ જેમા પરિણામની ચ ચળતા (અસ્થિરતા) એજ ભય, અરૂચિ એજ દ્વેષ અને એવી ઉત્તમ પ્રવૃત્તિ કરતાં થાકી જાવુ એજ ખેદ. સતત અભ્યાસ યોગે સ્થિતિ પરિપાક થયે છતે એ દોષત્રય વિલય પામે છે, અને આનતર દૃષ્ટિ ખુલ્લે છે. પછી ગુણમણિ નિધાન રૂપ સત મહતને પિછાની, તેમનો પરિચય કરી, સ્વચિત્ત શુદ્ધિ કરી શકાય છે, જેથી ચધળી કરણી સફળ થઇ શકે છે અને એ રીતે અવ ચક મન વચન કાયાથી કરાયેલી અવ ચક કરણીવડે અવ ચક ઉત્તમોત્તમ મોક્ષ સુખ પ્રાપ્ત થઇ શકે છે ઇતિશમ્

લેખક,

સદ્‌ગુણાનુંરાગી મુનિશ્રી કર્પૂરવિજયજી.

અનુક્રમણિકા.

વિભાગ બીજો.

વિભાગ ત્રીજો.

વિભાગ ચોથો.

ॐ

શ્રી નવપદ માહાત્મ્ય.

અને

વિશસ્થાનકાદિક વિવીધ તપ ગુણ વર્ણનમ્.

મંગલાચરણરૂપ.

શ્રી પાર્શ્વજિન સ્તવન.

(રચનાર—મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી.)

(રાગ ધમાલ—ફાગ.)

ચિદાનંદ ઘન પરમ નિરંજન, જન મન રંજન દેવ લલના;
વામાનંદન જિનપતિ થુણિએ, સુરપતિ જસ કરે સેવ,
મનમોહન જિનજી ભેટિએ હો.. એ આંકણી.

જાઇ જૂઇ ચંપક કેતકી, દમણો ને મચકુંદ, લલના;
કુંદ ઇંદુ રૂચિ સુંદર જોડી, પૂજિયેં પાસજિણુંદ. મન. ૨
કેસર ઘોળી ઘસી ઘન ચંદન, આનંદ ઘનસાર, લલના;
પ્રભુકી પૂજા કરો મન રંગે, પાઇયેં પુન્ય સફાર.[1] મન. ૩
અંગે ચંગી આંગી બનાવી, અલંકાર અતિસાર, લલના,
દ્રવ્ય સ્તવ વિધિ પૂરણુ વિરચી, ભાવિએ ભાવ ઉદાર. મન. ૪
પરમાતમ પૂરણુ ગુણુ પ્રત્યક્ષ, પુરૂષોત્તમ પરધાન, લલના:
અઅટભાવ પ્રભાવતી વલ્લભ,[2] તું જયો સુગુણુનિધાન. મન. ૫
જો તુજ ભક્તિ મોરી[3] મુજ મન, વન વિચરે અતિ ચિત્ત, લલના;
દુરિત-ભુજંગમ[4] બંધન ત્રુટે, તો સઘળો જગમિત્ત. મન. ૬
તુજ આણુા સુરવેલી મુજમન, નંદનવન જિહાં રૂઢ, લલના;
કુમતિ કદાગ્રહ કંટકશાખી,[5] સંભવે નહિ તીહાં ગૂઢ. મન. ૭
ભક્તિરંગ તુજ આણુારાધન,[6] હોય ચક્ર સંચાર, લલના;
સહસ અઢાર અંગ રથ ચાલે, વિઘન રહિત શિવધાર. મન.
ગુરૂ ઉપદેશે, જો મુઝ લાગ્યો, તુઝ શાસનનો રાગ, લલના;
મહાનંદપદ ખેંચ લહેગો, જયું અલિ[7] કુસુમ પરાગ. મન.
બાહિર મન નિકસન[8] નહિ ચાહત, તુઝ શાસનમાં લીન, લલના;
ઉમગ નિમગ[9] કરી નિજપદ રહેવે, જયુ જલનિધિ જલમીન. મન
ઓરનકી ગણુતી ન પાવું, જો તું સાહેબ એક, લલના,

---

૧ વિશાલ—અનર્ગલ. ૨ પ્રાણુપ્રિય. ૩ મયૂરી (મોરલી).
૪ પાપ—સાપ ૫ કાંટલાં—રૂખડાં. ૬ આજ્ઞાપાલન. ૭ ભ્રમર.
૮ નીકળવા. ૯ ગમે તેમ. ૧૦ સમુદ્ર.

ફૂળ-વાસના દૃઢ નિજ મનકી, જ્યું અવિચલપદ ટેક-મન. ૧૨
મુજ તુજ શાસન અનુભવકો રસ, કયું કરી જાણે લોગ?,લલના
અપરિણીત[1] કન્યા નવિ જાણે, જ્યું સુખ દ્વૈત[2] સ યોગ. મન.
તું સાહેબ હું સેવક તોરો, એ વ્યવહાર વિભાગ, લલના;
નિશ્ચય નયમત દોનું બિચ્ચે, હે નહિં ભેદકો લાગ. મન. ૧૩
મન વચનાદિક પુદ્‌ગલ ન્યારો, ન્યારો સકળ વિભાવ, લલના;
શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ઘટના, તુજ સમ શુદ્ધ સ્વભાવ. મન. ૧૪
તું ઘટ અંતર પ્રગટ બિરાજે, જ્યું નિર્મલ મણિકંત, લલના;
બાહિર ઢુંઢત મૂઢ ન પાવે, જ્યું મૃગમદ[3] મૃગ ભ્રાન્ત.[4] મન.
ગુણઠાણાદિક ભાવે મિશ્રિત, સબમાંહે તુજ અંશ, લલના;
ખીરનીર જ્યું ભિન્ન કરતહે, ઉજવળ અનુભવ હંસ. મન. ૧૬
આતમજ્ઞાન દશા જબ જાગી, વૈરાગી તુજ જ્ઞાન, લલના;
સો પાવે જ્યું રત્નપરીક્ષા, પેખત રત્ન પ્રધાન. મન. ૧૭
પુન્ય પ્રકૃતિ દેવનકો કારણ, મૂઢ લહે નહિ ધર્મ, લલના;
જ્યું પીરો કોઈ અંધ ન માને, લહુત ન અંતર મર્મ. મન. ૧૮
ગંધ રૂપ રસ ફરસ વિવર્જિત, ન ધરે તિહાં સંઠાણ, લલના;
અણઅવતાર અશરીર અવેદી, તું પ્રભુ શુદ્ધ પ્રમાણ. મન. ૧૯
કેવળજ્ઞાન દશા અવલોકે, લોકાલોક પ્રમાણ, લલના;
દર્શન વીર્ય ચરણ ગુણધારી, સેવત સબ અહિઠાણ મન. ૨૦
સત્તા શુદ્ધ અરૂપી તોરી, નહિં જગકો વ્યવહાર, લલના;

---

૧ અવિવાહિત. ૨ દંપતીના સંજોગનુ સુખ. ૩ કસ્તુરી.
૪ ભ્રમિત થયેલો મૃગલો.

કહા કહીએ કછુ કહત ન આવે, તું પ્રભુ અલખ અપાર. મન. ૨૧
દીપ ચંદ્ર રવિ ગ્રહગણ કેરો, જિહાં પ્રસરત નહિ તેજ, લલના;
તિહાં એક તુઝ ધામ બિરાજે, નિર્મલ ચેતન સ્હેજ.[1] મન.
આદિ રહિત અજરામર નિર્ભય, વ્યાપક એક અનંત,લલના;
શુદ્ધ પ્રકૃતિ અકષાય અમાયી, તું પ્રભુ બહુ ગુણવંત. મન. ૨૩
તું માતા તું ત્રાતા ભ્રાતા, પિતા બંધુ તું મિત્ત, લલના;
શરણ તુંહિ તુજ સેવા કીજે, દૃઢ કરી તનુ વચ ચિત્ત. મન.
પાસ આશ પૂરો અબ મોરી, અરજ એક અવધાર, લલના;
શ્રી નયવિજય વિબુધ પાય સેવક, જસ કહે ભવજલ તાર. મન.

—સંગ્રહ કરનાર શાન્તમૂર્તિ મુનિરાજશ્રી કર્પૂરવિજયજી.

૧ સહજ—નિરૂપાધિક.

॥ ॐ ॥ अर्हं श्री सिद्धचक्राय नमः ॥

" શ્રી નવપદ પ્રકરણની[1] સંક્ષિપ્ત વ્યાખ્યા. "

૧. શ્રી અરિહંતાદિક નવપદને હૃદયકમળમાં ધ્યાયી શ્રી સિદ્ધચક્રનું ઉત્તમ માહાત્મ્ય હું સંક્ષેપથી કહું છું.

ભોભો મહાનુભાવો ! આ દુર્લભ મનુષ્ય જન્મ, ઉત્તમ ક્ષેત્ર, ઉત્તમ કુલાદિક તેમજ સદ્ગુરૂની સામગ્રી પુન્ય યોગે પામી, મહા હાનિકારક પંચવિધ પ્રમાદને શીઘ્ર તજી સદ્ધર્મ-કર્મને વિશે તમે સમુદ્યમ કરો ?

તે ધર્મ સર્વ જિનેશ્વરોએ દાન, શીલ, તપ અને ભાવ ભેદે કરી ચાર પ્રકારનો ઉપદિશેલો છે.

તેમાં પણ ભાવ વિના દાન સિદ્ધિદાયક થતુંજ નથી તેમજ ભાવ વિનાનું શીલ પણ જગમાં જરૂર નિષ્ફળ થાય છે.

---

૧ આ નવપદ પ્રકરણ મૂળ પ્રથમ યોગ્યતાદર્શકમાં તેમજ પછીથી પ્રશમરતિપ્રકરણ સાથે પ્રસિદ્ધ થયેલું છે ત્યાંથી જિજ્ઞાસુજના જોઇ શકશે. એ પ્રકરણ ઉપરથીજ શ્રી યશોવિજયજી મહારાજે શ્રી નવપદની પૂજા રચી હોય એમ માનવાને વધારે સંભવ રહે છે.

ભાવ વિના તપ પણ સંસારની વૃદ્ધિજ કરે છે, તે માટે પોતાનો ભાવજ સુવિશુદ્ધ કરવો જરૂરનો છે.

ભાવ પણ મન સંબદ્ધ છે, અને આલંબન વિના મન અતિ દુર્જય છે. તેથી તેને નિયમમાં રાખવા માટે સાલંબન (આલંબનવાળુ) ધ્યાન કહેલું છે.

યદ્યપિ અનેક પ્રકારનાં આલંબન શાસ્ત્રમાં વખાણ્યાંજ છે, તથાપિ નવપદ ધ્યાનજ મુખ્ય છે એમ જિનેશ્વરો કહે છે.

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સમ્યકત્વ, જ્ઞાન, ચારિત્ર, અને તપ, એ નવપદ જાણવાં.

ઇતિશમ્.

શ્રી સિદ્ધચક્ર મહિમા ગર્ભિત નવ પદનું સ્વરૂપ—વર્ણન.

" નવપદ સંક્ષિપ્ત સ્વરૂપમ્. "

એ નવ પદમાં પ્રથમ પદે અષ્ટાદશ દોષ વિમુક્ત થયેલા, વિશુદ્ધ જ્ઞાનથી ભરેલા, તત્વ પ્રકાસક અને સુરરાજ વંદિત એવા શ્રી અરિહંત ભગવાનનું તમે નિરંતર ધ્યાન કરો.

બીજે પદે સકળ કર્મ બંધનથી વિમુક્ત થયેલા અને અનંતજ્ઞાન, દર્શન ચારિત્ર તથા વીર્યરૂપ અનંત ચતુષ્ટય સંપ્રાપ્ત થયેલા એવા પંદર ભેદે પ્રસિદ્ધ સિદ્ધભગવાનનું સદા તન્મયપણે ધ્યાન ધરો.

ત્રીજે પદે પંચાચાર વડે પવિત્ર, સર્વજ્ઞ દેશિત વિશુદ્ધ સિદ્ધાંત સંબંધી દેશના દેવામાં ઉજમાળ, અને પરોપકાર કરવામાં સદા તત્પર એવા સૂરિવરનું નિરંતર ધ્યાન કરો.

ચતુર્થપદે ગચ્છની સંભાળ કરવા સદા સાવધાન, સુત્રાર્થનું અધ્યાપન કરવામાં ઉજમાળ અને સ્વાધ્યાય ધ્યાનમાં લીન મનવાળા શ્રી ઉપાધ્યાય મહારાજનું સમ્યગ્ ધ્યાન ધરો.

સર્વ કર્મભૂમિયોમાં વિચરતા અનેક ગુણ ગણે કરી સં-

યુક્ત, ત્રણ ગુપ્તિએ ગુપ્ત, એ નિષ્પરિગ્રહિ એવા નિષ્કષાયી મુનિમહારાજનું પંચમપદે ધ્યાન કરો.

છઠ્ઠે પદે સર્વજ્ઞ પ્રણીત આગમમાં કહેલા જીવાદિક તત્વાર્થને વિશે શ્રદ્ધાન લક્ષણ દર્શનરૂપી રત્નદીપકને નિરંતર મનમંદિરમાં સ્થાપો.

સાતમે પદે જીવાજીવાદિક પદાર્થ સમૂહના યથાર્થ અવબોધરૂપ જ્ઞાનને સર્વ ગુણોના મૂળ કારણભૂત જાણીને વિનય બહુ માન વડે ભણો.

આઠમે પદે અશુભ ક્રિયાઓના ત્યાગરૂપ અને શુભ ક્રિયાઓમાં આદરરૂપ ઉત્તમ ગુણયુક્ત ચારિત્રને યથાર્થ પાળો.

નવમે પદે આકરાં કર્મરૂપી અંધકારને હરી લેવા સૂર્ય સમાન દ્વાદશવિધ તપનું કષાય તાપ રહિત રૂડી રીતે શેવન કરો.

આ પ્રમાણે ઉપર બતાવેલા નવે પદો જીનેશ્વર પ્રભુએ કથેલા ધર્મમાં સારભૂત છે, અને આરાધન કરનાર ભવ્ય જનોને કલ્યાણકારી છે તેથી તે યથાવિધ આરાધવા યોગ્ય છે.

એ નવ પદોવડે નિષ્પન્ન એવા શ્રી સિદ્ધચક્રને ઉપયોગ યુક્ત આરાધનાર પ્રાણી શ્રી શ્રીપાળકુમારની પેરે સુખ—સમાધિ પામે છે.

नवपद विषे वर्णन.

'પ્રથમ શ્રી અરિહંત પદ વર્ણનમ્.'

[1]શેષ ત્રણ ભવ રહેતા મનુષ્યભવે અરિહંતાદિક વિશ સ્થાનક (તપ) નું આરાધન કરીને જેમણે તીર્થંકર નામ કર્મ ઉપાર્જ્યું છે તે અરિહંતોને હું પ્રણમું છું.

છેલ્લે ભવે ઉત્તમ રાજકુળમાં ચૌદ મહા સ્વપ્નો વડે સૂચિત ગુણ વાળા જે અવતરે છે તે અરિહંતોને હું પ્રણામ કરૂં છું.

જેઓના જન્મ સમયે ૫૬ દિક્કુમારીઓ અને ૬૪ દેવનાયકો આવીને પ્રમુદિત મનથી જન્મ-ઉત્સવ કરે છે તે અરિહંતોને હું પ્રણામ કરૂં છું.

---

૧. ત્રીજે ભવ વરસ્થાનક તપ કરી, જેણે બાંધ્યુ જિન નામ;
ચોસઠ ઇંદ્રે પુજિત જે જિન, કીજે તાસ પ્રણામરે,
ભવિકા સિદ્ધચક્રપદ વંદો, જેમ ચિરકાળે નંદોરે. ભ. સિ. એ આંકણી. ૧
જેહને હોય કલ્યાણક દિવસે, નરકે પણ અજવાળું;
સકળ અધિક ગુણ અતિશય ધારી, તે જિન નમી અઘ ટાળું. ભ૦ સિ૦ ૨
જે તિહુ નાણ સમગ્ગ ઉપ્પન્ના, ભોગ કરમ ક્ષીણ જાણી;
લેઈ દિક્ષા શિક્ષા દિયે જનને, તે નમીએ જિન નાણીરે. ભ૦ સિ૦ ૩

જન્મથી માંડીને જેમના દેહમાં લોકને આશ્ચર્યકારી એવા ચાર અતિશયો હોય છે તે અરિહંતોને હું પ્રણમું છું.

જેઓ ત્રણ જ્ઞાને સહિત છતાં, ભોગાવળી કર્મને ક્ષીણ થએલું જાણી ચારિત્રરૂપ નિવૃત્તિ માર્ગને આદરે છે તે અરિહંતોને હું પ્રણામ કરૂં છું.

ચારિત્ર ધર્મમાં સદા ઉપયોગી અને અપ્રમત્ત છતાં નિર્મળ ધ્યાનથી ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થઇ મોહને હણી જે કેવળ લક્ષ્મી વરે છે તે અરિહંતોને હુ પ્રણમું છું.

કર્મના ક્ષયથી ૧૧ અને દેવકૃત ૧૯ અતિશયો જેમને હોય છે તે અરિહંતોને હું પ્રણામ કરૂં છુ.

અષ્ટ પ્રતિહાર્યો વડે શોભિત અને સુરનાયકો વડે સેવિત જે સદાકાળ વિચરે છે તે અરિહંતોને હુ પ્રણમું છુ.

પૃથ્વીપીઠ ઉપર વિચરતા છતાં ૩૫ ગુણયુક્ત વાણીવડે જે ભવ્યજનોને વિબોધે છે તે અરિહંતોને હું પ્રણામ કરૂં છું.

મહાગોપ મહામાહણ કહીયે, નિર્યામક સથ્થવાહ,
ઉપમા એહવી જેહને છાજે, તે જિન નમિયે ઉત્સાહરે. ભ૦ સિ૦ ૪
આઠ પ્રતિહારજ જસ છાજે, પાંત્રીશ ગુણયુત્ત વાણી;
જે પ્રતિબોધ કરે જગજનને, તે જિન નમીયે પ્રાણીરે. ભ૦ સિ૦ ૫

' द्वितीय श्रीसिद्ध पद वर्णनम्. '

[1]केवळी समुद्घात करेला के नहि करेला अरिहंतो के सामान्य केवळीओ शैलेशीकरण वडे अयोगी केवळी थइ आयुष्यना छेल्ला बे समयमांना पहेले समये ७२ प्रकृतिओने खपावी अने छेल्ले समये १३ पकृतिओने खपावी जेओ शीवसुख पाम्या ते सिद्ध भगवानो मने शिवसुख आपो ?

चरमशरीरना त्रीजा भागे न्यून अवगाहनावाळा छतां जे एक समयमां लोकना अंते जइ पहोंच्या ते सिद्ध भगवानो मने शिवसुख आपो ?

धनुषमांथी छूटेला बाणनी पेरे पूर्व प्रयोगथी, तुंबडानी पेरे असंगपणाथी एरंडाना फळनी पेरे बंधन–छेदथी, अने धूमाडानी पेरे उर्ध्व स्वभावथी जेमनी उर्ध्वगति कही छे ते सिद्ध भगवानो मुजने शिव सुख आपो ?

---

१. समयपएसे अंतर अणफरशी, चरम तिभाग विशेष,
अवगाहन लही जे शीव पहोता, सिद्ध नमो ते अशेषरे. भ० सि० ६
पुर्व प्रयोगने गति परिणामे, बंधन छेद असंग;
समय एक उर्ध्वगती जेहनी, ते सिद्ध प्रणमो रंगरे भ० सि० ७
निर्मळ सिद्धशिलानी उपरे, जोयण एक लोग त;
सादी अनंत तिहां स्थिती जेहनी, ते सीद्ध प्रणमो संतरे. भ० सि० ८

સિદ્ધશિલાની ઉપર એક યોજનના ૧/૨૪ મા ભાગમાં લોકના અંતે નિશ્ચે જેમની સ્થિતિ પ્રસિદ્ધ છે તે સિદ્ધ ભગવાન મુજને શિવસુખ આપો ?

જે અનંત, અપુનર્ભવ, અશરીરી, અનાબાધ, તથા સામાન્ય વિશેષ ઉપયોગ સહિત છે તે સિદ્ધ ભગવંત મુજને શિવ સુખ આપો ?

જે અનંત ગુણી, નિર્ગુણી, ૩૧ અથવા ૮ ગુણવાળા અને અનંત ચતુષ્ક સહિત છે તે સિદ્ધ ભગવંત મુજને શિવ-સુખ આપો ?

જેમ ભીલ નગરના ગુણ જાણતો છતો પણ કહી શકતો નથી તેમ જેમના ગુણ જાણતા છતાં પણ જ્ઞાની કહી શકતા નથી તે સિદ્ધ ભગવાન મુજને શિવ સુખ આપો ?

જે અનંત, અનુત્તર, અનુપમ, શાશ્વત અને સાદાનંદ એવા સિદ્ધિ સુખને પામ્યા તે સિદ્ધ ભગવંત મુજને શિવ સુખ આપો ?

જાણે પણ ન શકે કહી પુરગુણ, પ્રાકૃત તેમ ગુણ જાસ;
ઉપમા વીણ નાણી ભવમાંહે, તે સિદ્ધ દીયો ઉલ્લાસરે. ભ૦ સિ૦ ૯
જ્યોતીશુ જ્યોતિ મળી જશ અનુપમ, વિરમી સકળ ઉપાધી;
આતમરામ રમાપતિ સમરો, તે સિદ્ધ સહજ સમાધીરે. ભ૦ સિ૦ ૧૦

' તૃતીય આચાર્યપદ વર્ણનમ્. '

જે[1] પંચ વિધ આચારને સદા આચરતા છતાં ભવ્યજનોના અનુગ્રહને માટે તેનો ઉપદેશ આપે છે તે આચાર્ય મહારાજને હું નમસ્કાર કરૂં છું.

દેશ, કુળ, જાતિ અને જ્ઞાનાદિક બહુ ગુણ સમુદાયથી સંયુક્ત છતાં જે યુગપ્રધાન છે તે આચાર્ય મહારાજને હું નમસ્કાર કરૂં છું.

જે સદા અપ્રમત્ત, વિકથા વિરક્ત, કષાય ત્યાગી, અને ધર્મોપદેશ દેવામાં આસક્ત છે તે આચાર્ય મહારાજને હું નમસ્કાર કરૂં છું.

જે સારણા, વારણા, ચોયણા, અને પડિચોયણાવડે નિરંતર સ્વગચ્છની સંભાળ રાખે છે તે આચાર્ય મહારાજને હું વંદુ છું?

---

૧ પંચાચાર જે સુધા પાળે, મારગ ભાખે સાચો;
તે આચારજ નમીએ તેહશું, પ્રેમ કરીને જાચોરે. ભવિકા૦ ૧૧
વર છત્રીશ ગુણે કરી સોહે, યુગ પ્રધાન જન મોહે;
જગ બોહે ન રહે ખીણુ કોહે, સૂરી નમું તે જોહેરે. ભ૦ સિ૦ ૧૨
નિત્ય અપ્રમત્ત ધર્મ ઉવએસે, નહીં વિકથા ન કષાય;
જેહને તે આચારજ નમીએ, અકલુષ અમલ અમાયરે. ભ૦ સિ૦ ૧૩

જે સૂત્રાર્થના જાણુ છતાં પરોપકાર રસિક હોવાથી તત્ત્વોપદેશ આપે છે તે આચાર્ય મહારાજને હું નમસ્કાર કરૂં છું

જિનેશ્વર રૂપી સૂર્ય અને સામાન્ય કેવળીરૂપી ચંદ્ર અસ્ત થયે છતે આ મનુષ્યક્ષેત્રમાં દિપકની પેરે જે તત્ત્વનો પ્રકાશ કરે છે તે આચાર્ય ભગવાનને હું નમસ્કાર કરૂં છું.

પાપના ભારથી આક્રાંત થયા છતાં સંસારરૂપી ઉંડા અંધ કુવામાં પડતા પ્રાણીઓનો જે ઉદ્ધાર કરે છે તે આચાર્ય મહારાજને હુ નમસ્કાર કરૂં છું.

માત, તાત, અને બાંધવ પ્રમુખથી પણ અધિક હિતકાર્ય અત્ર જીવોનું સાધનાર આચાર્ય ભગવંતને હું નમસ્કાર કરૂં છું.

જે બહુ લબ્ધિઓથી સમૃદ્ધ અને અતિશયવંત છતાં શાસનને દિપાવે છે તેમજ રાજાની પેરે નિશ્ચંત રહે છે તે આચાર્ય મહારાજને હું નમસ્કાર કરૂં છું.

જે દિયે સારણુ વારણુ ચોયણુ, પડીચોયણુ વળા જનને;
પટધારી ગચ્છ થંભ આચારજ, તે માન્યા મુની મનનેરે. ભ૦ સિ૦ ૧૪
અત્થમીયે જિન સુરજ કેવળ, ચંદે જે જગ દીવો;
ભુવન પદારથ પ્રકટન પટુ તે, આચારજ ચીરંજીવોરે. ભ૦ સિ૦ ૧૫

'ચતુર્થ શ્રી ઉપાધ્યાય પદ વર્ણનમ્.'

[1]જે દ્વાદશાંગ સ્વાધ્યાયના પારગામી, તેનાં રહસ્યના ધારક તેમજ તદ્ ઉભયનો વિસ્તાર કરવામાં રક્ત એવા ઉપાધ્યાયજી મહારાજને હું વંદુ છું.

સૂત્રધારા વડે કરીને પથ્થર જેવા જડ શિષ્યોને પણ જે સર્વ પૂજનિક કરે છે તે ઉપાધ્યાયને હુ ધ્યાવું છું.

મોહરૂપી સર્પડસ્યાથી જેમના જ્ઞાન-પ્રાણ નષ્ટ થઈ ગયા છે એવા જીવોને જાગુલી મંત્રવાદી-ગારૂડીઆની પેરે નવું ચૈતન્ય આપે છે તે ઉપાધ્યાયજી મહારાજને હું ધ્યાવું છું.

અજ્ઞાનરૂપ વ્યાધિથી પીડીત થયેલા પ્રાણીઓને ધન્વંતરી વૈદ્યની પેરે શ્રુતજ્ઞાનરૂપી શ્રેષ્ટ રસાયણ આપી જે સજ્જ કરે છે તે ઉપાધ્યાયજીને હું ધ્યાવું છું.

---

૧ દ્વાદશ અંગ સિઝાય કરે જે, પારગ ધારગ તાસ;
સુત્ર અર્થ વિસ્તાર રસીક તે, નમો ઉવજ્ઝાય ઉલ્લાસરે. ભ૦ સિ૦ ૧૬
અર્થ સુત્ર ને દાન વિભાગે, આચારજ ઉવજ્ઝાય;
ભવ ત્રીજે જે લહે શિવસંપદ, નમિયે તે સુપસાયરે. ભ૦ સિ૦ ૧૭
મુરખ શિષ્ય નિપાઇ જે પ્રભુ, પાહાણુને પલ્લવ આણે;
તે ઉવજ્ઝાય સકળ જન પૂજિત, સુત્ર અર્થ સવિ જાણેરે. ભ૦ સિ૦ ૧૮

ગુણુ—વનનો વિનાશ કરનાર મદ-ગજને દમવા અંકુશ સમાન જ્ઞાનદાન ભવ્યજનોને જે સદા આપે છે તે ઉપાધ્યાયને હુ ધ્યાવુ છું.

બાકીના દાન દિવસ, માસ કે જીવનપર્યંતજ પહોચનારા જાણીને જે મુક્તિ પર્યંત પહોચનારૂં શાશ્વત જ્ઞાન દાન સદા દે છે તે ઉપાધ્યાયજીને હુ ધ્યાવું છું

અજ્ઞાન—અંધજનોનાં લોચન રૂડા શાસ્ત્રરૂપી શસ્ત્રના મુખવડે જે સારી રીતે ઉઘાડી નાખેછે તે ઉપાધ્યાયજીને હું ધ્યાવું છું.

બાવન્ન અક્ષરરૂપ બાવનાચંદનના રસવડે લોકોના પાપ—તાપને એકદમ ઉપશમાવી દે છે તે ઉપાધ્યાયજીને હું ધ્યાવું છું.

યુવરાજ સમાન, ગચ્છ-ચિંતામાં સાવધાન અને આચાર્યપદને લાયક છતાં જે શિષ્યવર્ગને વાચના આપે તે ઉપાધ્યાયજીને હુ ધ્યાવું છું.

રાજકુંવર સરિખા ગણ ચિંતક, આચારજપદ યોગ;
જે ઉવઝાય સદા તે નમતાં, નાવે ભવભય સોગરે. ભ૦ સિ૦ ૧૯
બાવનાચંદન રસસમ વયણે, અહિત તાપ સવિ ટાળે;
તે ઉવઝાય નમીજે જે વળી, જિનશાસન અજુઆળેરે. ભ૦ સિ૦ ૨૦

'પંચમ શ્રી સાધુપદ વર્ણનમ્.'

*દર્શન, જ્ઞાન, અને ચારિત્રરૂપ અનુપમ રત્નત્રયીવડે જે મોક્ષમાર્ગનું સાધન કરે છે તે સર્વ સાધુઓને હું વંદન કરૂં છું.

આર્ત અને રૈદ્ર એ બને પ્રકારના દુષ્ટ ધ્યાન તજી ધર્મ અને શુકલ એ બે ધ્યાનનેજ ધ્યાવવાવાળા જે ગ્રહણશિક્ષા અને આસેવના[1] શિક્ષાનો અભ્યાસ કરે છે તે સર્વ સાધુઓને હું વંદન કરૂં છું.

ત્રણ ગુપ્તિવડે ગુપ્ત, ત્રિશલ્ય રહિત અને ગારવત્રય[2] વિમુક્ત છતાં જેઓ જિનાજ્ઞાનું પાલન કરે છે તે સર્વ સાધુઓને હું વંદન કરૂ છું.

ચારે પ્રકારની વિકથાથી વિરક્ત, તેમજ સર્વ પ્રકારના કષાયના ત્યાગી છતાં જેઓ દાનાદિક ચાર પ્રકારના ધર્મની દેશના દે છે તે સર્વ સાધુજનોને હું વંદન કરૂં છું.

---

૧. ગુરૂગમથી સમજાયેલી આજ્ઞાનુ પરિપાલન કરવું તે.

૨ રસગારવ, રિદ્ધિગારવ, અને શાતાગારવ.

* જેમ તરૂ ફુલે ભમરો બેસે, પીડા તસ ન ઉપાવે;
લેઇ રસ આતમ સંતોષે, તેમ મુનિ ગોચરી જાવેરે. ॥ભ૦સિ૦ ૨૧॥
પંચ ઇંદ્રિયને જે નિત્ય ઝીપે, ષટકાયક પ્રતિપાલ,
સંયમ સત્તર પ્રકારે આરાધે, વંદુ તેહ દયાળરે. ॥ ભ૦ સિ૦ ૨૨ ॥
અઢાર સહસ્સ શીલાંગના ધોરી, અચળ આચાર ચરિત્ર;
મુનિ મહંત જયણાયુત વંદી, કીજે જન્મ પવિત્રરે. ॥ ભ૦ સિ૦ ૨૩ ॥

પાંચે પ્રમાદના પરિહારી,અને પાંચે ઇંદ્રિયોનું દમન કરતા છતાં જેઓ પાંચે સમિતિઓનું પાલન કરે છે તે સવ સાધુજનોને હુ વદન કરૂં છું.

છ જીવનિકાયનું રક્ષણ કરવામાં નિપુણ અને હાસ્યાદિક[૩] ષટકથી મુક્ત છતાં જેઓ છ વ્રતોને પ્રાણની પેરે ધારે છે તે સર્વ સાધુજનોને હું વદન કરૂં છું.

જેમણે સાત ભય જિત્યા છે, આઠ મદ ટાળ્યા છે અને અપ્રમત્ત થઇ જે નવ બ્રહ્મગુપ્તિઓનું પાલન કરે છે તે સર્વ સાધુઓને હું વદન કરૂં છું.

દશ વિધ યતિધર્મ, દ્વાદશવિધ—પડિમા અને દ્વાદશવિધ તપને જે આરાધે છે તે સર્વ સાધુજનોને હું વંદન કરૂં છું.

સત્તર પ્રકારના સયમને પાળતા અને અઢાર હજાર શીલાંગને ધારણ કરતા છતાં જેઓ મભૂમિમાં વિચરે છે તે સર્વ સાધુજનોને હુ વદન કરૂં ?

---

૩ હાસ્ય, રતિ, અરતી, શોક, ભય અને દુગચ્છા.

નવવિધ બ્રહ્મગુપ્તિ જે પાળે, બારસવિહ તપ શરા;
એહવા મુનિ નમિયે જો-પ્રગટે, પૂરવપુણ્ય અકુરારે ॥ભ૦ સિ૦ ૨૪॥
સોનાતણીપરે પરિક્ષા દીસે, દિન દિન ચઢતે વાને,
સંજમ ખપ કરતા મુનિ નમિયે, દેશકાળ અનુમાનરે ॥ ભ૦ સિ૦ ૨૫॥

‘ષષ્ટમ શ્રી દર્શનપદ વર્ણનમ્’

*શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મરૂપ તત્ત્વ સપત્તિની શ્રદ્ધા રૂપ જે સમ્યકત્વ વખાણ્યું છે તે સમ્યગ્દર્શનને અમે નમિયે છીએ.

જ્યાં સુધી કર્મની સ્થિતિ ઘટાડીને; એક કોડાકોડી સાગરોપમ જેટલીજ બાકી રહે એવી થઇ ન હોય ત્યા સુધી જેની પ્રાપ્તિ થઇ શકતી નથી તે સમ્યગ્દર્શનને અમે નમિયે છીએ.

અર્ધ પુદ્ગલ પરાવર્તનથી વધારે સંસાર સ્થિતિ જેમને રહી નથી એવા ભવ્ય જીવોને રાગ દ્વેષમય ગ્રંથિનો છેદ થયે છતે જેની પ્રાપ્ત થાય છે તે સમ્યગ્દર્શનને અમે નમિયે છીએ.

ઉપશમિક, ક્ષયોપશામક અને ક્ષાયિક એમ ત્રણ પ્રકારે જે જિનઆગમમાં ભાખ્યુ છે તે સમ્યગ્દર્શનને અમે નમિયે છીએ.

---

* શુદ્ધ દેવ ગુરૂ ધર્મ પરીક્ષા, સદ્દહણા પરિણામ,
જેહ પામીજે, તેહ નમીજે, સમ્યગ્દર્શન નામરે. ॥ભ૦સિ૦ ૨૬॥
મલઉપશમ ક્ષય ઉપશમક્ષયથી, જે હોય ત્રિવીધ અભગ;
સમ્યગ્દર્શન તેહ નમીજે, જિનધર્મે દૃઢ રગરે ॥ભ૦સિ૦ ૨૭॥
પંચવાર ઉપશમીય લહી જે, ક્ષય ઉપશમીય અસખ,
એકવારક્ષાયીક તે સમકિત, દર્શન નમીયે અસખ્યરે. ॥ભ૦સિ૦ ૨૮॥

જે ઉપશમિક પાંચવાર, ક્ષયોપશમિક અસંખ્યવાર અને ક્ષાયિક એકજવાર પ્રાપ્ત થાય છે તે સમ્યગ્દર્શનને અમે નમિયે છીએ.

જે ધર્મવૃક્ષનું મૂળ, ધર્મપુરનું દ્વાર, અને ધર્મ મહેલનો પાયો કહેવાય છે તે સમ્યગ્દર્શનને અમે નમિયે છીએ.

જે પૃથ્વીપેરે સમસ્ત ધર્મનો આધાર, ઉપશમ રસનું ભાજન અને ગુણરૂપી રત્નોનું નિધાન છે એમ મુનિજનો કહે છે તે સમ્યગ્દર્શનને અમે નમિયે છીએ.

જેના વિના જ્ઞાન પણ અપ્રમાણ છે, ચારિત્ર ફળીભૂત થતું નથી અને મોક્ષપ્રાપ્તિ તો થતીજ નથી તે સમ્યગ્દર્શનને અમે નમિયે છીએ.

જે સદ્દહણા, લક્ષણ, અને ભૂષણ પ્રમુખ બહુ ભેદો વડે સિદ્ધાંતમા વર્ણવેલું છે તે સમ્ગ્દર્શને અમે નમિયે છીએ,

---

જે વીણ નાણ પ્રમાણ ન હોવે, ચારીત્રતરૂ નવી ફળીયો;
સુખનીર્વાણ ન જે વીણ લહીયે, સમકીતદર્શન બળીયોરે. ॥ભ૦સિ૦૨૯॥

સડસઠ બોલે જે અલંકરીયો, જ્ઞાન ચારિત્રનુ મૂળ,
સમકિત દર્શન તે નિત્ય પ્રણમુ, શીવપંથનું અનુકુળરે.॥ ભ૦સિ૦ ૩૦॥

'સપ્તમ શ્રી જ્ઞાનપદ વર્ણનમ્.'

સર્વજ્ઞ પ્રણીત આગમમાં ભાખેલા યથાસ્થિત તત્વોનો જે શુદ્ધ અવબોધ તે સમ્યગ્જ્ઞાન મારે પ્રમાણ છે.

જે વડે ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, ગમ્યાગમ્ય, અને કૃત્યાકૃત્ય જણાય છે તે સમ્યગ્જ્ઞાન મારે પ્રમાણ છે.

લોકમા સકળ ક્રિયાનુ મૂળ શ્રદ્ધા છે, તે શ્રદ્ધાનુ પણ જે મૂળ (કારણ) છે તે સમ્યગ્જ્ઞાન મારે પ્રમાણ છે.

જે મતિ, શ્રુત, અવધિ, મન પર્યવ અને કેવળ એમ પાંચ પ્રકારે સુપ્રસિદ્ધ છે, તે સમ્યગ્જ્ઞાન મારે પ્રમાણ છે.

કેવળજ્ઞાની, મન પર્યવજ્ઞાની, કે અવધિજ્ઞાનીનાં પણ વચન જે મતિ શ્રુતરૂપે લોકોનો ઉપગાર કરે છે તે સમ્યગ્જ્ઞાન મારે પ્રમાણ છે.

---

* ભક્ષાભક્ષ ન જે વીણ લહીયે, પેય અપેય વિચાર,
કૃત્ય અકૃત્ય ન જે વીણ લહીયે, જ્ઞાન તે સકળ આધારરે.
॥ ભવિકા સિદ્ધચક્ર પદ વંદો ૩૧ ॥

પ્રથમ જ્ઞાનને પછી અહીંસા, શ્રી સિદ્ધાંતે ભાખ્યુ;
જ્ઞાનને વંદો જ્ઞાન મ નીંદો, જ્ઞાનીયે શીવસુખ ચાખ્યુરે.
॥ભવિકા સિદ્ધચક્ર પદ વંદો ૩૨॥

સકળ ક્રીયાનું મૂળ જે શ્રદ્ધા, તેહનુ મૂળ જે કહીયે;
તેહ જ્ઞાન નીત નીત વંદીજે, તે વીણ કહો કેમ રહીયેરે.
॥ભવિકા સિદ્ધચક્ર પદ વંદો. ૩૩॥

દ્વાદશાંગરૂપ શ્રુતજ્ઞાનજ જે જગ ઉપકારી કહેલું છે તે સમ્યગ્જ્ઞાન મારે પ્રમાણ છે.

તેટલા માટેજ ભવ્યજનો જે ભણે છે, ભણાવેછે, નિસુણેછે, પૂજે છે અને લખાવે છે તે સમ્યગ્જ્ઞાન મારે પ્રમાણ છે.

જેના બળથી આજ પણ ત્રણે લોકના ભાવ હાથમાં રહેલા આંબળાની પેરે જણાય છે તે સમ્યગ્જ્ઞાન મારે પ્રમાણ છે.

જેના પસાયથી ભવ્યજનો લોકમાં પૂછવાજોગ, માનવાજોગ અને વખાણવાજોગ થાય છે તે સમ્યગ્જ્ઞાન મારે પ્રમાણ છે.

પચ જ્ઞાનમાંહી જેહ સદાગમ, સ્વરૂપ પ્રકાશક જેહ,
દીપકપરે ત્રીભુવન ઉપકારી, વળી જેમ રવી શશી મેહરે
॥ભવિકા સિદ્ધચક્ર પદ વંદો ૩૪॥
લોક ઉર્ધ્વ અધો તીર્યગ્ જ્યોતીષ, વૈમાનિક ને સિદ્ધ:
લોકાલોક પ્રગટ સવી જેહથી, તેહ જ્ઞાન મુજ શુદ્ધરે.
॥ભવિકા સિદ્ધચક્ર પદ વંદો. ૩૫॥

'અષ્ટમ શ્રી ચારિત્રપદ વર્ણનમ્.'

*જે દેશવિરતિરૂપ અને સર્વવિરતિરૂપ અનુક્રમે ગૃહીને અને મુનિને પ્રાપ્ત થાય છે તે ચારિત્ર જગમાં જયવંતુ વર્તે છે.

જ્ઞાન અને દર્શન પણ જેની સાથે રહ્યા છતાંજ જીવોને સંપૂર્ણ ફળ આપે છે તે ચારિત્ર જગતમાં જયવંતુ વર્તે છે.

જે સુસામાયિકાદિક પાંચ પ્રકારે મુનિજનોને અધિકાધિક ફળદાયી જિનાગમમાં સુપ્રસિદ્ધ છે તે ચારિત્ર જગમાં જયવંતુ વર્તે છે.

જિનેશ્વરોએ જે પોતે સ્વીકાર્યું, આરાધ્યું, સમ્યક્ પ્રરૂપ્યું, અને અન્યજનોને આપ્યું તે ચારિત્ર જગમાં જયવંતુ વર્તે છે.

---

* દેશવીરતી ને સરવે વીરતી જે, ગ્રહી યતીને અભીરામ;
તે ચારીત્ર જગત્ જયવંતુ, કીજે તાસ પ્રણામરે ॥ભ૦સિ૦ ૩૬॥
તૃણપરે જે ષટખંડ સુખ છંડી, ચક્રવતીપણ વરીયો;
તે ચારીત્ર અક્ષય સુખ કારણ, તે મનમાંહે ધરીયોરે. ॥ભ૦સિ૦ ૩૭॥
હુઆ રાંક પણ જે આદરી, પૂજીત ઈંદ નરીદે;
અશરણ શરણ ચરણ તે વંદુ, પુર્યું જ્ઞાન આનંદેરે. ॥ભ૦સિ૦ ૩૮॥

છ ખંડની અખંડ રાજ્યરિદ્ધિને તજી ચક્રવર્તીઓએ જે સદ્‌ભાવથી આદર્યું તે ચારિત્ર જગમાં જયવંતુ વર્તે છે

જેની પ્રાપ્તિથી રંક જીવો પણ ત્રિભુવનમાં સર્વ પૂજનિક થાય છે તે ચારિત્ર જગમાં જયવતુ વર્તે છે.

જેનું પાલન કરતા મુનીશ્વરોના ચરણમાં દેવ દાનવના નાયકો ઉલ્લાસથી નમસ્કાર કરે છે તે ચારિત્ર જગમાં જયવતુ વર્તે છે.

અનત ગુણવાળુ છતા શાસ્ત્રમાં મુનિવરોએ જે સત્તર પ્રકારનુ અથવા દશ પ્રકારનું વર્ણવ્યુ છે તે ચારિત્રનુ મને શરણ છે.

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ, ક્ષમાદિક ગુણનું સેવન, અને મૈત્રી પ્રમુખ ભાવના ચતુષ્ટયવડે જેની સીદ્ધિપૂર્ણતા પ્રાપ્ત થાય છે તે ચારિત્રનુ મુજને શરણ છે.

બાર માસ પર્યાયે જેહને, અનુત્તર સુખ અતીક્રમીયે,
શુકલ શુકલ અભીજાત્ય તે ઉપગે, તે ચારીત્રને નમીયેરે ॥ભ૦સિ૦ ૩૯॥
ચય તે આઠ કરમનો સંચય, રીક્ત કરે જે તેહ,
ચારીત્ર નામ નીરૂત્તે ભાખ્યું, તે વદુ ગુણ ગેહરે. ॥ભ૦સિ૦ ૪૦॥

'નવમ શ્રી તપપદ વર્ણનમ્.'

*યથોત્તર ગુણકારી બાહ્ય અને અભ્યંતર ભેદ કરી જે બાર પ્રકારે જિનાગમમાં વર્ણવેલ છે તે તપ પદને હું આદરથી વદન કરૂં છુ.

તદ્‌ભવ સિદ્ધિ જાણતાં છતાં શ્રી રિષભદેવ પ્રમુખ તીર્થંકરોએ જેનું સેવન કરેલું છે તે તપપદને હું વદુ છુ.

સમતા સહિત જેનુ સેવન કરવાથી નિકાચિત કર્મનો પણ ક્ષણમાત્રમાં ક્ષય થાય છે તે તપપદને હુ નમસ્કાર કરૂ છું.

જેમ અગ્નિવડે સુવર્ણથકી કિટ્ટી વીગેરે તત્ક્ષણ કિટ્ટીને જૂદાં પડે છે તેમ જેનાવડે જીવથકી કર્મમળ કિટ્ટી જૂદો પડીજાય છે તે તપપદને હું પ્રણમું છું.

આશશા રહિત કર્મ-નિર્જરા અર્થે જેનુ સેવન કર્યો છતે મહા સિદ્ધિઓ સપજે છે તે તપપદને હું પ્રણામ કરૂં છુ.

---

* જાણતા ત્રિહુ જ્ઞાને સયુત, તે ભવ મુક્તિ જિણદ;
જેહ આદરે કર્મ ખપેવા, તે તપ શિવતરૂ કદરે ॥ભ૦સિ૦ ૪૧॥

કર્મ નિકાચિત પણ ક્ષય જાયે, ક્ષમા સહિત જે કરતા,
તે પણ નમીયે જેહ દીપાવે, જિનશાશન ઉજમતારે ॥ ભ૦ સિ૦ ૪૨॥

જેના પસાયથી 'આમોસહી' પ્રમુખ અનેક લબ્ધિઓ અવશ્ય પ્રગટે છે તે તપપદને હું પ્રણામ કરૂં છું.

કલ્પવૃક્ષની જેમ સુરવર અને નરવર સંબંધિ સંપદારૂપ જેનાં ફુલ છે અને મોક્ષરૂપ ફૂલ છે તે તપપદને હું પ્રણામ કરૂં છુ.

અત્યંત અસાધ્ય એવાં પણ સર્વ લોકનાં કાર્યો જેનાવડે લિલા માત્રમાં શીઘ્ર સીજે છે તે તપપદને હું પ્રણામ કરૂં છુ.

દધિ, દુર્વાદિક માંગલિક પદાર્થોમાં જે પ્રથમ મંગળરૂપ જગતમાં ગવાય છે તે તપપદને હુ પ્રણામ કરૂં છું.

ઇતિશમ્.

અમો સહી પમુહા બહુ લદ્ધી, હોવે જાશ પ્રભાવે;
અષ્ટ મહાસિદ્ધિ નવનિદ્ધિ પ્રગટે, નમીયે તે તપ ભાવેરે.
॥ભવિકા સિદ્ધચક્ર પદ વદો. ૪૩॥
ફળ શિવસુખ મહોટુ સુર નરવર, સપત્તિ જેહનુ ફુલ;
તે તપ સુરતરૂ સરીખો વદુ, સમ મકરદ અમલરે ॥ભ૦સિ૦ ૪૪॥
સર્વ મગળમા પહેલુ મગળ, વર્ણવીયે જે ગ્રથે,
તે તપપદ ત્રિહુ કાળ નમીજે, વર સહાય શિવ પથેરે
॥ભવિકા સિદ્ધચક્ર પદ વદો ૪૫॥
એમ નવપદ થુણતો તીહા લીનો, હુઓ તન્મય શ્રીપાળ;
શુજશ વિલાસે ચોથે ખડે, એહ અગ્યારમી ઢાળરે.
॥ભવિકા સિદ્ધચક્ર પદ વદો. ૪૬॥

'નવપદ સંબંધી નિશ્ચય સ્વરૂપમ્.'

આ નવપદનું આરાધન સર્વસુખનું મૂળ છે, તે આ પ્રમાણે નવપદોનું વર્ણન કર્યાથી તમારાથી સમજાયું.

નવપદની આરાધનાનું મૂળ પ્રાણીઓનો કેવળ શુભ ભાવજ છે, તેજ શુભભાવ નિશ્ચે નિર્મળ આત્માઓને હોય છે, પણ બીજા મલીન પરિણામી જીવોને હોતો નથી.

જે સંકલ્પ વિકલ્પ વર્જિત નિર્મલ પરિણામી આત્મા છે તેજ નવપદ છે અને નવપદમાં પણ તેજ છે.

કારણ કે ધ્યાતાપુરૂષ પિંડસ્થ, પદસ્થ અને રૂપસ્થ એવા અરિહત ભગવાનને ધ્યાતો છતો નિશ્ચે અરિહંત પદમય પોતાના આત્માને પ્રત્યક્ષ દેખે છે. અરિહત દેવની આકૃતિનું ધ્યાન તે 'પિંડસ્થ ધ્યાન' અરિહંતાદિક પદોનું ધ્યાન તે 'પદસ્થ ધ્યાન' અને સમવસરણસ્થભાવ અરિહંતનું ધ્યાન તે 'રૂપસ્થ ધ્યાન' છે.

કેવળજ્ઞાન અને દર્શનાનંદરૂપ, રૂપાતીત સ્વભાવવાળા જે પરમાત્મા તેજ નિશ્ચે સિદ્ધાત્મા જાણવા.

પંચ પ્રસ્થાનમય, મહામંત્ર–ધ્યાનમાં લીન મનવાળા, અને પંચવિધ આચારમય જે આત્મા તેજ આચાર્ય સમજવા.

મહાપ્રાણ (ધ્યાન) વડે સૂત્રાર્થ તદુભય રહસ્યયુક્ત દ્વાદશાંગને જેણે ધ્યાયાં છે અને સ્વાધ્યાયમાં સદા તત્પર રહેનાર એવો આત્મા એજ ઉપાધ્યાય છે.

રત્નત્રયી વડે મોક્ષમાર્ગનુ સમ્યગ્ રીતે સાધન કરવા જેના તન મન અને વચન સાવધાન છે એવો નિત્ય અપ્રમત્ત આત્માજ ખરેખર સાધુ છે.

મોહના ક્ષયોપશમ વડે શમ સંવેગાદિક લક્ષણવાળો પરમ શુભ પરિણામમય પોતાનો આત્મા એજ દર્શન છે,

જ્ઞાનાવરણના ક્ષયોપશમ વડે યથાસ્થિત તત્ત્વોના શુદ્ધ અવબોધરૂપ આત્માજ જ્ઞાન કહેવાય છે.

સોળ કષાય અને નવ નોકષાય રહિત અને વિશુદ્ધ લેશ્યાવંત એવા સ્વસ્વભાવમાં રહેલા પોતાના આત્માનેજ ચારિત્ર સમજો.

ઇચ્છાના નિરોધથી શુદ્ધ સંવરવાળો અને સમતા ગુણે પરિણમ્યો છતો કર્મની નિર્જરા કરતો આ આત્માજ તપરૂપછે.

નવપદનુ નિશ્ચય સ્વરૂપ આવું હોવાથી હે ભવ્યો? પોતાના આત્માનેજ નવપદમય જાણીને પોતાના આત્મ સ્વરૂપમાંજ સદા લીન મનવાળા થાઓ. !

'નવ પદ ધ્યાનોપદેશ.'

જેમણે કામ, ક્રોધાદિક અંતરંગ શત્રુ વર્ગને જીતી લીધો છે તથા ઉત્તમ જ્ઞાનવંત, સત્પ્રાતિહાર્યોદિક અતિશયો વડે પ્રધાન અને સંશયસમુહરૂપ રજને ઝાટકી કાઢતા એવા શ્રી અરિહંત ભગવાનને તમે નિરંતર ધ્યાવો !

દુષ્ટાષ્ટ કર્માવરણથી મુક્ત થયેલા, અનંત જ્ઞાનાદિક ચતુષ્ટયસંપદા વરેલા, અને સમગ્ર લોકમાં અગ્રપદને પામી પ્રસિદ્ધ થયેલા એવા સિદ્ધ ભગવાનને નિરંતર મનમાં ધ્યાવો !

આ સંસારમાં સૂરિચરણ જે સુખ આપે છે તેવું સુખ માતા પિતા પણ આપી શકતા નથી તેથી તેમનુંજ સદા સેવન કરો કે જેથી તમે મોક્ષનાં સુખ શીઘ્ર મેળવી શકો ?

ઉત્તમ નીર, ક્ષીર અને અમૃત સમાન ઉત્તરોત્તર સ્વાદિષ્ટ એવા સૂત્રઅર્થ અને સંવેગમન શ્રુતજ્ઞાનવડે જેઓ ભવ્યજનોને સંતોષ પમાડે છે તે અનુગ્રહકારી ઉપાધ્યાય મહારાજને નિરંતર ધ્યાવો !

ક્ષમાવંત, જિતેન્દ્રીય, સુગુપ્તિ ગુપ્ત, સંતોષી, પ્રશાંત, ઉત્તમ યોગ યુક્ત અપ્રમાદી, અને મોહ માયા રહિત એવા મુનિવરોના ચરણોનું સદાય ધ્યાન કરો !

ષડ દ્રવ્યાદિકમાં શ્રદ્ધાનરૂપ સર્વે ગુણોમાં પ્રધાન એવું જે દર્શન તે કુગ્રહ વ્યાધિને ઉત્તમ રસાયણની જેમ હડાવી કાઢે છે.

નૈગમાદિક નયસમૂહથી નિષ્પન્ન અને પ્રસિદ્ધ એવા તત્ત્વાવબોધરૂપ પ્રધાન જ્ઞાનને, તમોહારી માણિક્ય દીપકની પેરે તમારા મનમંદિરમાં સ્થાપો !

મોહનો નિરોધ કરવા સમર્થ અને અતિચાર રહિત મૂળોત્તર અનેક ગુણવડે પવિત્ર એવા પંચવિધ સુંસવરરૂપ નિર્મળ ચારિત્રને તમે નિશ્ચે સેવો !

અતિ દુર્જય કુકર્મનો ભેદ કરનાર અને પાપ માત્રનો નાશ કરનાર એવા બાહ્ય અભ્યંતર ભેદવાળા તપને તમે આગમ નીતિયુક્ત દુઃખક્ષયાર્થે નિરાશીભાવે સેવો !

ઇષ્ટફળને દેનાર એ નવપદને જે ભવ્યજનો આરાધે છે તેઓ શ્રી શ્રીપાળ નરેશ્વરની પેરે સુખની પરંપરાને પામે છે.

એમ સમજી આ પંચમ કાળમાં પણ પ્રગટ રીતે કલ્પવૃક્ષની પેરે અનુપમ એવાં અમૃતફળ ચખાડી સર્વ વ્યાધિને અપહરનાર શ્રીસિદ્ધચક્ર (નવપદ મહારાજને સર્વપ્રમાદ તજી તમે પૂર્ણભક્તિભાવથી ભજો !

"પ્રાસંગિક પદ્યવડે નવપદને નમસ્કાર."

ઉત્પન્ન થયેલા નિર્મળ જ્ઞાન જ્યોતિથી ભરેલા, સત્પ્રતિહાર્ય યુક્ત સિંહાસન ઉપર સંસ્થિત થયેલા, અને સદ્દેશના વડે જેમણે સજ્જનોને આનંદિત કરેલા છે તે જિનેશ્વરોને સદા સહસ્રશ નમસ્કાર હો !

પરમાનંદ લક્ષ્મીના સ્થાનરૂપ અને અનંત ચતુષ્કના સ્વામી એવા સિદ્ધ ભગવંતને વારંવાર નમસ્કાર હો !

કુમતિ—કદાગ્રહને હઠાવી કાઢનાર અને સૂર્ય સમાન પ્રતાપી એવા આચાર્ય મહારાજને વારંવાર નમસ્કાર !

સુત્ર અર્થ અને તદુભયનો વિસ્તાર કરવા તત્પર એવા વાચકવરોને વારવાર વંદન !

જેમણે સમ્યગ્ રીતે સંયમને સેવેલું. છે એવાં દયાળુ અને દમનશીલ સાધુજનોને વારવાર નમસ્કાર !

જિનોક્ત તત્ત્વને વિશે રૂચિ–પ્રીતિ થવી એ છે લક્ષણ જેનું આવા નિર્મળ દર્શન ગુણને વારવાર નમસ્કાર.

અજ્ઞાન અને મોહરૂપ અંધકારને દૂર કરવા સૂર્ય સમાન સમર્થ જ્ઞાન ગુણને વારંવાર નમસ્કાર !

આત્માની સંપૂર્ણ શક્તિ જેનાવડે પ્રાપ્ત થયેલી છે તે સંયમ વીર્યને વારવાર નમસ્કાર !

અષ્ટવિધ કર્મરૂપી વનને ઉખેડી નાંખવા કુંજર સમાન તીવ્ર તપ સમુદાયને વારંવાર નમસ્કાર !

એવી રીતે નવ પદોથી નિષ્પન્ન શ્રી સિદ્ધચક્ર મહારાજને હે ભવ્યજનો તમે ભક્તિભારથી ભજો. ઇતિશમ્.



નવપદનું આરાધન કરનારાઓને દરેક પદ દીઠ બોલવાના દૂહા.

પ્રથમ શ્રી અરિહંતપદ.

અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાયેરે;
ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાયેરે ૧
વીર જિનેશ્વર ઉપદિશે, સાંભલજો ચિત્ત લાઇરે,
આત્મધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઇરે. ૨

દ્વિતીય શ્રી સિદ્ધપદ.

રૂપાતીત સ્વભાવ જે, કેવલ દંસણ નાણીરે,
તે ધ્યાતા નિજ આતમા, હોય સિદ્ધ ગુણ ખાણીરે. વી. ૩

તૃતીય શ્રી આચાર્યપદ.

ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભ ધ્યાનીરે;
પચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણીરે. વી. ૪

ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ.

તપ સજ્જાએ રત સદા, દ્વાદશ અગનો ધ્યાતારે;
ઉપાધ્યાય તે આતમા, જગબન્ધવ જગભ્રાતારે વી. ૫

પંચમ શ્રી સાધુપદ.

અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે નવિ સોચેરે,
સાધુ સૂધા તે આતમા, શું મૂંડે શું લોચેરે વી. ૬

ષષ્ઠ શ્રી દર્શનપદ.

શમ સંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમે જે આવેરે,
દર્શન તેહિજ આતમા, શું હોય નામ ધરાવેરે. વી. ૭

સપ્તમ શ્રી જ્ઞાનપદ.

જ્ઞાનાવર્ણી જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાયરે,
તો હુએ એહિજ આતમા, જ્ઞાન અબોધતા જાયરે. વી. ૮

અષ્ટમ શ્રી ચારિત્રપદ.

જાણુ ચારિત્ર તે આત્મા, નિજ સ્વભાવમાં રમતોરે;
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહવને નવિ ભમતોરે વી. ૯

નવમ શ્રી તપપદ.

ઇચ્છારોધે સંવરી, પરિણુતિ સમતાયોગેરે,
તપ તે એહિજ આતમા, વર્ત્તે નિજગુણ ભોગેરે. વી. ૧૦

શ્રી સિદ્ધચક્ર આરાધન વિધિ.

ઉપર કહ્યા મુજબ નવપદના ગુણુ સમજી શાશ્વત સુખના અર્થીજનોએ તેનું સદા સદ્‌ભાવથી સેવન કરવું. ત્રિકાળ પૂજા, સેવા ભક્તિ બહુમાન પૂર્વક મનમાં નિરતર નવપદનુ સ્મરણુ કરવું, દઢ અભ્યાસથી નવપદનુ ધ્યાન ધરનાર પોતેજ નવપદ રૂપ થઈ શકે છે. તેથી અહોનિશ હૃદયકમળમાં નવપદનું સ્થાપન કરી રાખવુ જરૂરનુ છે. આસો અને ચૈત્ર માસમાં વિશેષે કરીને સુદી ૭ થી સુદ ૧૫ સુધી નિરતર 'આયંબિલ' તપનુ સેવન કરવું, અને એકેક દિવસે અનુક્રમે ૐ હ્રીં પૂર્વક ૧ નમો અરિહંતાણું, ૨ નમો સિદ્ધાણું, ૩ નમો આયરિયાણુ, ૪ નમો ઉવજ્ઝાયાણું, ૫ નમો લોએ સવ્વસાહૂણું, ૬ નમો દસણુસ્સ, ૭ નમો નાણુસ્સ, નમો ચારિત્તસ્સ, ૯ નમો તવસ્સ. એ નવપદનુ ગણુણું ગણુવુ. દરેક પદનો ૨૦૦૦ જાપ કરવો અથવા એકેક પદની ૨૦ નવકારવાળી ગણુવી. ગણુણુ ગણતાં અરિહંતાદિક પદમાજ ઉપયોગ સ્થિર કરવો. સ્થિર આસન કરી મન તથા ઇંદ્રિયોને કાબુમાં રાખી, એકાત અને પવિત્ર સ્થળમાં અડગ ધ્યાન ધરવું. ઉભયકાળ પ્રતિક્રમણુ અને પડિલેહણુ તથા ત્રિકાલ દેવવદન સંબધી ક્રિયા યથાવિધ પ્રમાદ રહિત કરવી.

પ્રતિક્રમણ એટલે કરેલાં પાપનું પશ્ચાતાપ પૂર્વક સદ્ગુરૂ સમીપે આલોચન કરી નિ.શલ્ય થઇ પુન. તેવા પાપથી ડરતા રહેવું અને સર્વ જીવ ઉપર સમાન બુદ્ધિ રાખવી, રાગદ્વેષ, ક્રોધાદિક, કષાય, નિંદા, ચુગલી, મિથ્યા આળ તથા કલહ આદિક નિંદ્ય કામથી સદતર દૂર રહેવુ. યથાશક્તિ દાન દેવુ. નિર્મળ મન રાખી શુદ્ધ શીલ પાળવુ નવ દિવસ સુધી યથાવર્ણ એકજ ધાન્યથી, રસ કસ વિના, લુખાશ વૃત્તિથી, એકજ વખત, સ્થિર આસને ભોજન કરવુ. પહેલે દિવસે શ્વેતઅન્ન ચોખા પ્રમુખ, બીજે દિવસે લાલઅન્ન ઘઊં પ્રમુખ, ત્રીજે દિવસે પીતઅન્ન ચણા પ્રમુખ, ચોથે દિવસે નીલવર્ણ મગ પ્રમુખ, પાંચમે દિવસે કૃષ્ણવર્ણ અડદ પ્રમુખ અને છેલ્લા ચાર દિવસે શ્વેતવર્ણ શાલિ પ્રમુખ રાધેલું ધ્યાન વાપરી દેહને આધાર આપવો. મૈત્રી પ્રમુખ ભાવના ચતુષ્ટયનુ સદાય સેવન કરવુ. સર્વે જીવોનુ સદાય હિત ઇચ્છવુ, સદ્ગુણીને દેખી પ્રમુદિત થવુ, દીન દુખીનુ દુખ ટાળવા બનતું કરવું અને કઠોર દિલના નિર્દય પ્રાણિ ઉપર પણ દ્વેષ લાવવો નહિ. દેહાદિક પુદ્ગલીક વસ્તુઓનુ અનિત્યપણુ અને અસારપણુ વિચારી સદા શાશ્વત અને સારભૂત ધર્મનુજ દઢ આલંબન લેવુ. સર્વજ્ઞપ્રણિત ધર્મજ આ દુઃખોદધિમાં ડુબતા જીવોને સહાયભૂત છે. નવપદમા દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણેનો સમાવેશ થાય છે. તેથી તેનુ દઢતર અવલબન કરવુ ઉચિત છે. એ નવપદનું સવિશેષ સ્વરૂપ સદ્ગુરૂ સ-

મિપે સમજી આશંશા રહિત નિષ્કામીપણે તેનું સેવન કરવામાં આવે તો અલ્પકાળમાં અક્ષય સુખ પ્રાપ્ત થઇ શકે છે. ઉક્ત નવપદ અનંત ગુણનીધાન છતાં તેના અનુક્રમે ૧૨, ૮, ૩૬, ૨૫, ૨૭, ૬૭, ૫૧, ૭૦, અને ૧૨ ગુણો શાસ્ત્રમાં વર્ણવેલાં છે. તે પ્રમાણે તેટલા લોગસ્સનો કાઉસ્સગ્ગ, તેટલાંજ ખમાસણાં અને તેટલીજ પ્રદક્ષિણા વિગેરે કરણી સ્થિર ઉપયોગથી નવ દિવસ સુધી અનુક્રમે કરવી કહી છે. વળી દિનદિન વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન, પ્રમુખ ધર્મવ્યાપાર, શુદ્ધ મન વચન કાયાના યોગથી કરતાં આત્મા અવશ્ય મોક્ષનો અધિકારી થાય છે. આ પ્રમાણે નવપદનું આરાધન ૪॥ વર્ષ સુધી અને બની શકે તો જીવિત પર્યંત કરવાનું છે. ૪॥ વર્ષમાં સર્વ મળીને ૮૧ આયબિલ ઉપર મુજબ કરવાના છે, અને સાથે સાથે બીજી ધર્મકરણી યથાવિધ સમજપૂર્વક સેવવાની છે. દરેક ધર્મકરણી કરવાનું પરમાર્થ સદ્ગુરૂ સમીપે સમજી તેનું સેવન કરનારને યથાર્થ લાભ મેળવવા એટલું અવશ્ય લક્ષમાં રાખવાની જરૂર છે કે તે કરણી નિષ્કપટપણે કરવી. ભય પરિણામની ચંચળતા, દ્વેષ–અરૂચિ, અને ખેદ રહિત ચઢતે પરિણામે બની શકે તેવી અને તેટલી ધર્મકરણી કરવી. દોષ રહિત કરેલી કરણી ઉત્તમ ફળ આપે છે.

એમ સમજી સુજ્ઞ સજ્જનોએ સર્વ મત કદાગ્રહ મૂકી દઇ ઉક્ત નવપદજીનું સ્વરૂપ યથાર્થ રીતે નિષ્પક્ષપાતપણે

નિર્ધારી તેનું સેવન-આરાધન નિર્મળ શ્રદ્ધાથી ઉલ્લસિત ભાવે પમાદ રહિત કરવું. એવી રીતે શુદ્ધ ભાવથી સિદ્ધચક્રજીની આરાધના કરનાર શ્રી શ્રીપાળ અને મયણાસુંદરીની પેરે અત્ર મનુષ્યભવમાં અદ્ભુત સુખ અનુભવી અનુક્રમે સ્વર્ગનાં અને મોક્ષના અક્ષય અનંત સુખ પ્રાપ્ત કરે છે.

ઇતિશમ્.

કાઉસગ્ગ ખમાસમણાની સમજ નીચે મુજબ છે.

	પદનું નામ.	લોગસ્સ	ખમાસમણા	નોકારવાળી
૧	ૐ હ્રીઁ શ્રી, નમો અરિહંતાણં	૧૨	૧૨	૨૦
૨	,, ,, સિદ્ધાણં	૮	૮	૨૦
૩	,, ,, આયરિયાણું	૩૬	૩૬	૨૦
૪	,, ,, નમો ઉવજ્ઝાયાણું	૨૫	૨૫	૨૦
૫	,, ,, લોએ સવ્વસાહૂણું	૨૭	૨૭	૨૦
૬	,, ,, દંસણસ્સ	૬૭	૬૭	૨૦
૭	,, ,, નાણસ્સ	૫૧	૫૧	૨૦
૮	,, ,, ચારિત્તસ્સ	૭૦	૭૦	૨૦
૯	,, ,, તવસ્સ	૫૦	૫૦	૨૦

વિભાગ બીજો.

તપનો પ્રભાવ તથા તપ કરવાની આવશ્યકતા.

"સમતા સહિત કરવામાં આવતા તપથી નિકાચિત કર્મનો પણ ક્ષય થઇ શકે છે." તો પછી બીજાં કર્મોનું કહેવુંજ શું?

પ્રદીપ્ત કરેલા "તપ–અગ્નિવડે અશુદ્ધ એવું જીવ–સુવર્ણ વિશુદ્ધ થઈ શકે છે." એટલે કે તીવ્ર તપ સેવનથી આત્મા ઉજ્વલ થાય છે.

"તીર્થંકરોએ પોતે પણ તપ સેવ્યો છે અને તેથી અદ્ભુત લાભ જાણી ભવ્યજનોના હિત માટે તીર્થંકરોએજ તપનું સેવન કરવા ફરમાન કરેલું છે. તપથી દ્રવ્ય ભાવ લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે, ભવસતતિનો ક્ષય થાય છે, રોગનુ નિર્મૂલન થાય છે, કર્મનો અંત થાય છે, વિઘ્નો વિસરાળ થઈ જાય છે, ઇંદ્રિયોનું દમન થાય છે, મંગળમાળા વિસ્તરે છે, ઇષ્ટ અર્થ સિદ્ધ થાય છે, દેવતાનું આકર્ષણ થાય છે, તેમજ તેથી કામવિકાર નષ્ટ થાય છે, માટે મોક્ષના અર્થી જનોએ તપનું સેવન અવશ્ય કરવું જોઇએ."

૧. ઋષભદેવ ભગવાન એક વર્ષ પર્યંત અને વર્ધમાન સ્વામી છ માસ પર્યંત અશનાદિક આહાર રહિત ઉપોષિતપણે વિચર્યા અને પ્રમાદ રહિત સંયમમાર્ગને પાળતા ધ્યાનમાં ઝકઝોળ રહ્યા હતા. એમ ઉપદેશમાળાદિક શાસ્ત્ર થકી જાણી આત્માર્થીજનોએ એ રીતે તપનું યથાશક્તિ સેવન કરવામાં અધિક આદર રાખવો યુક્ત છે.

૨. દુષ્કર તપવડે સઘળા ઘનઘાતિક કર્મોનો ક્ષય કરી નિર્મળ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી તીર્થંકરોએ ભવ્ય જીવોના હિત માટે દ્વાદશવિધ (બાર પ્રકારના) તપનું પ્રતિપાદન કર્યું, તેમાં ૧ અનશન, ૨ ઉણોદરી, ૩ વૃત્તિસંક્ષેપ, ૪ રસત્યાગ, ૫ કાયકલેશ, (દેહદમન) અને ૬ કૂર્માવત્ કાયસંલીનતા,[૧] એ છ પ્રકારના બાહ્યતપ અને ૧ પ્રાયશ્ચિત, ૨ વિનય, ૩ વૈયાવચ્ચ, ૪ સ્વાધ્યાય, ૫ ધ્યાન અને ૬ કાયોત્સર્ગ, એ છ પ્રકારનો અભ્યંતર તપ કરવો પ્રકાશેલ છે. બાહ્યતપ સેવન કરવાનું અભ્યંતર તપની પુષ્ટિ માટે ભગવાને કહેલું છે. તેથી જેમ વિનયાદિક તપોગુણની વૃદ્ધિ થવા પામે તેમ લક્ષપૂર્વક તે બાહ્યતપનું સેવન કરવું ઘટે છે અને ત્યારેજ તેની સાર્થકતા છે. અભ્યંતર તપથી એકાંત હિત સંપજે છે.

૩. તપવડે સુવર્ણ પુરૂષાદિક સિદ્ધિયો પ્રાપ્ત થાય છે,

---

૧ કાચબાની પેરે શરીરના અંગોપાંગ સંકોચીને રાખવા.

તેમજ તપવડે ચિલાતિ પુત્રાદિકની પેરે [1]ભવસંતતિનો પણ ક્ષય થાય છે. જૂઓ ! ચિલાતિપુત્રે ઉપશમ, વિવેક અને સંવર એ ત્રણુજ પદોના શ્રવણ, મનન અને નિદિધ્યાસરૂપ વજ્રવડે પાપપર્વતનું વિદારણ કરી પોતાના આત્માનો ઉદ્ધાર કર્યો. એટલે એથી ભવાંતરમાં કર્મમાત્રનો ક્ષય કરી મોક્ષ-વરમાળા પણ વરશે; માટે ઠીકજ કહ્યું છે કે "જે કંઇ દૂર, દુરારાધ્ય અને દેવતાઓને પણ દુર્લભ છે તે સઘળું તપવડે સાધ્ય થાય છે. તપનો પ્રભાવ ખરેખર અચિન્ત્ય છે."[2]

૪. શ્રી સિદ્ધચક્રનુ આરાધન કરતાં આયબિલ તપવડે શ્રી શ્રીપાળ મહારાજાનો કુષ્ટરોગ (કોઢ) શાન્ત થયો અને તેની કાયા કંચનવર્ણી થઇ. એ રીતે બીજા સાતસેં કુષ્ટીઓનો રોગ પણ દૂર ગયો

૫. બ્રહ્મ-સ્ત્રી બાળ-ગૌહત્યાદિક દુષ્કર્મ કરનાર દ્રઢપ્રહારી તપવડે કઠણુ કર્મનો ક્ષય કરી સદ્‌ગતિ પામ્યા.

---

૧ જન્મ મરણની પરંપરા.

૨ શ્રી તીર્થંકર પદવી પ્રાપ્ત કરવા પહેલાના ત્રીજા ભવમાં અરિહંતાદિક વીશસ્થાનક પૈકી એક, બે યાવત્ વીશ સ્થાનકોનું યથાવિધિ આરાધન કરીનેજ કોઇ વિરલાજ મહાશયો શ્રી તીર્થંકર નામ કર્મને નિકાચે છે, જેના પરિણામે તેઓ ત્રિભુવનને પૂજવા લાયક બને છે.

૬. દ્વારિકાનગરીમાં દ્વૈપાયનદેવકૃત ઉપસર્ગો, આયંબિલ તપનાપ્રભાવથી દ્વાદશ વર્ષ પર્યંત અટકી શકયા. જ્યારે લોકો તપ કરવામાં મંદ–શિથિલ પરિણામી થયા ત્યારેજ ઉપસર્ગો પ્રગટ થયા.

૭. "ઇન્દ્રિયો રૂપ વિવરવડે વાંચ્છારૂપ પવનનું ભક્ષણ કરી ચિત્તરૂપી કરડીયામાં સ્થિતિ કરનારા રાગાદિક દોષરૂપ ભુજંગો અતિ ભયકર બને છે પરંતુ જો તેમને સર્વથા ભૂખ્યા રાખવામાં આવે છે તો ખરેખર થોડાજ વખતમાં તેઓ નાશ પામે છે અને પછી પૂર્વે નહિ અનુભવેલું અતિ અદ્‌ભુત સુખ પ્રગટે છે" એવી રીતે તપવડે ઇદ્રિયદમન અને રાગાદિ દોષોનો પણ નિગ્રહ થાય છે.

૮. કુગ્રહ પીડા અને દૂર્નિમિત્તાદિકનો ક્ષય કરનાર અને સુખસંપદાને મેળવી આપનાર **તપ** ખરેખર મગળકારી છે.

૯ અઠ્ઠમતપના પ્રભાવવડે માગધ, વરદામ, ગંગા, સિધુ અને પ્રભાસાધિપ દેવોનો પણ મનમાનતો જય ચક્રવર્તીઓ કરી શકે છે.

૧૦. તપવડે હરિકેશીબલ મુનિની પેરે દેવનુ આકર્ષણ થાય છે એટલે તપના પ્રભાવે દેવતા પણ દાસ થઈ તપસ્વી જનોની સેવા ભક્તિમાં હાજર રહે છે.

૧૧. "એક રસનેદ્રિયદ્વારા જ્યાંસુધી અન્ન જળ નિયમ

વગર મળ્યાં કરે છે ત્યાંસુધી પ્રાણીઓના ઉદગ્ર[1] કર્મ, દેહ-દુર્ગને[2] તજીને જતા નથી.” એ રીતે તો રાગાદિક ઉલટા મજબુત બને છે. આ હેતુથીજ અનશન, ઉનોદરી પ્રમુખ બાહ્યતપનું નિર્માણ કરેલ છે, અને સરસ-માદક આહાર તેમજ અતિ ઘણો (જરૂર કરતાંવધારે) નીરસ આહાર પણ બ્રહ્મચારી જનોને અવશ્ય વર્જવો કહ્યો છે. ઇત્યાદિક અનેકાનેક હેતુઓવડે તપનો પ્રભાવ અને તપ કરવાની આવશ્યક્તા સહજ સિદ્ધ થાય છે.

૧ આકરા. ૨ કિલ્લા.



વીશસ્થાનક પદનું ટુંક વિવેચન

(એ તપનુ આરાધન કરવા ઈચ્છનારને ખાસ ઉપયોગી.)

૧. **શ્રી અરિહંતપદ**—' સવી જીવ કરૂં શાસન રસી ' એવી ઉત્તમ ભાવનારૂપ ભાવદયાના પરિણામપૂર્વક નિર્મળ આચાર વિચારવડે તીર્થંકર નામ ઉપાર્જન કરી પ્રાય: ઉત્તમ પ્રકારના દેવલોકમાં ઉપજી, ત્યાંથી ચ્યવી ઉત્તમ કુળમાં ત્રણ જ્ઞાનસહિત મનુષ્યપણે અવતરી, અનુક્રમે સકળ ભોગ સામગ્રી તજી, પરમ વૈરાગ્ય પામી, વરસીદાનવડે દીન-દુ ખીજનોનો ઉદ્ધાર કરી, સહુ સ્વજન વર્ગ પ્રમુખને સંતોષી, જે અપ્રમત્ત ભાવે દીક્ષા ગ્રહી, દુષ્કર તપવડે ઘનઘાતિ કર્મને ખપાવીને કેવળ જ્ઞાનાદિક અનંત આત્મ-સંપદા પામે છે, અને સકળ ઇંદ્રોવડે અર્ચિત છતાં, દેવનિર્મિત સમવસરણમાં સ્થાપિત કરેલા સિંહાસન ઉપર વિરાજમાન થઈને, ભવ્યજનોને અમૃત સમાન હિત-ઉપદેશ અગ્લાનપણે આપે છે તે **અરિહંત-તીર્થંકર પદ** (પદવી) સહુ કરતાં શ્રેષ્ઠ ઉપકારક હોવાથી અવશ્ય આરાધવા યોગ્ય છે. એ વળી અરિહંત પદ પંચ પરમેષ્ટીમાં પ્રધાન છે અને નામ સ્થાપનાદિક ચારે નિક્ષેપે સદાય ધ્યાન કરવા યોગ્ય છે.

૨. શ્રી સિદ્ધપદ—સકળ કર્મ ઉપાધિ સર્વથા નિવારીને આત્માનું સહજ નિરૂપાધિક શાશ્વત્ સુખ આપવા સમર્થ શ્રી જિનેશ્વર ભગવાન્‌ના સનાતન માર્ગને અનુસરી સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નત્રયીનુ યથાર્થ આરાધન કરી આત્માની અનંત શકિત–અનત સુખ સમૃદ્ધિને આવરનારાં સકળ કર્મબંધનને તોડી નાખી, જેઓ જન્મ, જરા મરણાદિક દુ:ખથી રહિત, અક્ષય–અવિનાશી શિવસંપદાને વરે છે તે સઘળા સિદ્ધ પરમાત્માઓનું આરાધન આ સિદ્ધપદથી થઇ શકે છે, તે પદ પરમ નિર્મળ છે.

૩. શ્રી પ્રવચનપદ—તીર્થંકર ભગવાનનાં પ્રકૃષ્ટ વચન–આજ્ઞા પ્રમાણે વર્તનારા સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘને તીર્થંકરની પેરે પરમ પ્રેમભાવથી સેવવો યોગ્ય છે. શ્રી તીર્થંકર મહારાજ પણ દેશનાના આરંભમાં ‘ નમો તિથ્થસ્સ ’ કહે છે એટલે શ્રી સંઘને નમસ્કાર કરે છે, તો પછી તીર્થંકર ભગવાને માન્ય કરેલા શ્રી સંઘને કોણ ન માને ? અપિતુ સહુ કોઇ શાસનરાગીજનોએ શ્રી સંઘનો વિશેષે આદર કરવો જોઇએ. શ્રી સંઘ અનેક સદ્-ગુણી આત્માઓના સમુદાયરૂપ હોવાથી તેને અનંત ગુણ–રત્નોનો નિધાન માની સદાય સેવવો યોગ્યજ છે. શ્રી સંઘની શુભ દૃષ્ટિ પ્રાણીયોના રાગદ્વેષાદિકે ભાવ રોગોને ટાળવા અ-

મૃત સમાન ઉપયોગી છે કોઇ ધન્ય-કૃતપુન્યજનો શ્રી સંઘનું યથાવિધિ આરાધન કરે છે-કરી શકે છે.

૪. **શ્રી આચાર્યપદ**-પાંચે ઇંદ્રિયોનું દમન, નવવિધ બ્રહ્મચર્યનું પાલન, ચાર કષાયનો જય, પાચ મહાવ્રતનુ પાલન, પચાચારનુ સસેવન, તેમજ પાંચ સમતિ અને ત્રણ ગુપ્તિનું પાલન; એ ૩૬ ગુણો અથવા એવા અનેક ગુણોના સમુદાય જેમનામાં ઝળહળી રહ્યા હોય, જેઓ સયમ વ્રતમાં શિરોમણિ હોય, તેમજ સકળ શાસ્ત્રમાં પણ પારગામી હોય, તે આચાર્ય ભગવતો જૈન શાસનને અત્યત ઉપકારક હોવાથી સદાય સેવવા યોગ્ય છે.

૫. **શ્રી સ્થવિરપદ**-નિર્મળ જ્ઞાન, દર્શન અને ચારિત્રાદિક ગુણોનું સંસેવન કરવાથી જેઓએ પોતાના આત્માને સ્થિર શાન્ત કરેલો છે અને ઉત્તમ પ્રકારની ક્ષમા, મૃદુતા અને સરલતાદિક સદ્‌ગુણોવડે જેઓ અન્ય સાધુજનોને યથા-અવસર જરૂર પૂરતી સહાય આપી સયમ માર્ગમા સ્થિર કરે છે, તે સ્થિવિર સાધુઓ જૈનશાસનને દીપાવનાર હોવાથી, તેમજ નવીન અને શિથિલ થયેલા સાધુઓને આલબનભૂત હોવાથી સદાય સેવવા યોગ્ય છે.

૬. **શ્રી ઉપાધ્યાયપદ**-નિર્મળ શાસ્ત્ર બોધસહિત શુદ્ધ

ચારિત્ર પાળવામાં સદાય સાવધાન રહી, કેવળ ઉપકાર દ્દષ્ટિથી સાધુસમુદાયને અનેક પ્રકારે સહાય અર્પી જેઓ પથ્થર જેવા જડબુદ્ધિવાળા શિષ્યોને પણ સુશિક્ષિત કરે છે અને ઉત્તમ રહેણી-કરણીવડે શિષ્યોને સુવિનીત બનાવે છે, તે આચાર્યને, ગચ્છને, યાવત્ શ્રી સંઘને સહાયક શ્રી ઉપાધ્યાય ભગવંતો સહુ કોઇ આત્માર્થીજનોએ સદાય સેવવા યોગ્ય છે.

૭ **શ્રી સાધુપદ**–સાંસારિક સુખની અસારતા જોઇને તથા જન્મ મરણનાં અનંત દુઃખથી ત્રાસ પામીને સંસારનો ફેરો ટાળવા અને શાશ્વત સુખમાં ઠરવા માટે આત્મિકશક્તિ અજમાવી, અનુક્રમે સાંસારિક બંધનોને કાપી, ઉજ્વળ રત્નત્રયીનું પાલન કરતા સદ્ગુરૂનું શરણ લહી, પ્રમાદરહિત કેવળ આત્મામાજ લક્ષ રાખી, જે સંયમ માર્ગને સારી રીતે પાળે છે અને અન્ય આત્માર્થી જનોને પણ યથાશક્તિ સહાય આપી સન્માર્ગે ચઢાવે છે, તે સાધુજનો સ્વપર ઉપકારક હોવાથી સદાય સેવવા યોગ્ય છે.

૮ **શ્રી જ્ઞાનપદ**–જેથી સ્વપરને, જડ ચેતનને, ગુણ દોષને, હિત અહિતને, ભક્ષ્યાભક્ષ્યને, યાવત્ કર્તવ્યાકર્તવ્યને ઓળખી શકાય અને અનાદિ અજ્ઞાન–અવિદ્યા–જડતા ટાળી શકાય, જેથી સ્વઘટમાં વિવેક દીપક પ્રગટ થતાં આત્મપ્રકાશ

થાય, અધ્યાત્મ સ્વરૂપ ઓળકે, તે જ્ઞાન અત્યંત ઉપકારક હોવાથી આત્મકલ્યાણને ઇચ્છતા સહુકોઇ ભાઈ બહેનોએ અવશ્ય અભ્યાસવું યોગ્ય છે.

૯. **શ્રી દર્શનપદ**—જેવડે સર્વજ્ઞ ભગવાને ભાખેલા જીવ અજીવ પુન્ય પાપ, આશ્રવ સંવર, બંધ મોક્ષ અને નિર્જરારૂપ નવ તત્ત્વ તથા ષટ્* દ્રવ્ય, સપ્તભંગી,[1] સપ્તનય,[2] ચાર નિક્ષેપા પ્રમુખ સર્વ ભાવોને સત્ય પ્રમાણિક લેખી અવધારી શકાય, જે સંયમાદિક સકળ ગુણના પાયારૂપ છે—જેમ એકડા વગરના મીંડાં નકામા છે તેમ જેના વગર કરેલી ક્રિયા કલેશરૂપ થાય છે, પણ કલ્યાણરૂપ થતી નથી, તે દર્શનપદ સદા સેવવા યોગ્ય છે. ચિંતામણિ રત્ન સમાન સુખદાયી સમ્યક્ત્વને પામવા અને અભ્યાસવડે ભાગ્યયોગે પામી તેની રક્ષા અને પુષ્ટિ કરવા અન્ય સ્થળે વિસ્તારથી કહેલા તેના દૂષણ ભૂષણ પ્રમુખ ૬૭ બોલ સારી રીતે સમજી તેમાં વિવેક ધારવો જોઇએ. (જૂઓ " શ્રદ્ધાશુદ્ધિ ઉપાય. ")

---

* ૧ ધર્માસ્તિકાય, ૨ અધર્માસ્તિકાય, ૩ આકાશાસ્તિકાય, ૪ પુદ્ગલાસ્તિકાય, ૫ જીવાસ્તિકાય, અને ૬ કાલ ૧—૧ સ્યાત્ અસ્તિ, ૨ સ્યાત્ નાસ્તિ, ૩ સ્યાત્ અસ્તિ—નાસ્તિ ૪ સ્યાત્ અવક્તવ્ય, ૫ સ્યાત્ અસ્તિ અવક્તવ્ય, ૬ સ્યાત્ નાસ્તિ અવક્તવ્ય, ૭ સ્યાત્ અસ્તિ—નાસ્તિ યુગપત્ અવક્તવ્ય. ૨—૧ નૈગમ, ૨ સંગ્રહ, ૩ વ્યવહાર પ્રમુખ (જૂઓ " જૈન—તત્ત્વપ્રવેશિકા ")

૧૦. શ્રી વિનયપદ–જેવડે રાગ દ્વેષાદિક દુશ્મન માત્ર મૂળથી દૂર થઇ જાય તે વિનય કહેવાય છે. ગુણ–ગુણી પ્રત્યે મૃદુતા રાખી આત્મામા ઉત્તમ ગુણ પ્રગટ કરવા માટે સદ્‌ગુણીને દેખીને કે સાંભળીને મનમા પ્રમુદિત થાવું; તથા તેવા સદ્‌ગુણી સજ્જનોની યથાશક્તિ ભકિત, બહુમાન, ગુણસ્તુતિ કરી આપણે પણ તેવા સદ્‌ગુણી થવા ઇચ્છા રાખવી, એટલુંજ નહિ પણ તેવા સદ્‌ગુણોનો વારંવાર પરિચય રાખવો, સત સુસાધુજનોના નજીવા અવગુણ ઉઘાડા પાડી તેમની કોઇ રીતે વિગોવણા કરવી નહિ, તેમજ તેમની અવજ્ઞા–આશાતનાદિક કરવારૂપ વિરાધનાથી તો સદતર દૂરજ રહેવું અને અરિહંતાદિક પૂજય પદો પ્રત્યે પૂર્ણ પ્રેમ પ્રગટાવી યથાયોગ્ય વિનય કરવો. વિનય વડેજ વિદ્યા, વિજ્ઞાન અને ચારિત્ર ધર્મની અનુક્રમે પ્રાપ્તિ થતાં છેવટે મોક્ષપદ પ્રાપ્ત થાય છે. તે માટે સકળ ગુણમાં સારરૂપ વિનય અવશ્ય સેવવો યોગ્ય છે.

૧૧. શ્રી ચારિત્રપદ–જેથી અનાદિસંચિત કર્મમળથી મુક્ત થઇ શકાય અને શુદ્ધ સ્ફાટિક રત્નસમાન નિર્મળ–નિષ્કષાય આત્માના સ્વાભાવિક સ્વરૂપને પામી શકાય, તે ચારિત્રપદને ઇન્દ્રાદિક દેવો પણ સદાય નમસ્કાર કરે છે. અનંતાનુબંધી આદિ કષાયોનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થવાથી આ ચારિત્ર ગુણ પ્રગટે છે. ઉત્તમ પ્રકારની ક્ષમા–

સમતા રાખવી એ ચારિત્રનું ખરૂં રહસ્ય છે. એથી ચારિત્ર-વંત સજ્જનો શીઘ્ર સ્વહિત સાધી શકે છે, માટે તે સદાય સેવવા યોગ્ય છે.

૧૨ શ્રી બ્રહ્મચર્યપદ-જેથી સ્વરૂપચર્યા-સ્વરૂપ રમણતા અથવા શુદ્ધ ચારિત્રનો લાભ થાય, અનેક પ્રકારની વિષયા-સક્તિ દૂર થઇ જાય અને આત્માના સ્વાભાવિક સુખનો અ-નુભવ થાય તે બ્રહ્મચર્ય પદ વિશ્વવંદિત છે. યથાર્થ બ્રહ્મ-ચર્યનું પાલન કરનાર મહાસુકૃતી છે. ગમે તેવા અન્ય સુકૃત કરનાર પ્રાણી યથાવિધિ બ્રહ્મચર્ય પાળનારની હોડે આવી શકતાજ નથી, જેને માટે વિજયાશેઠ અને વિજયાશેઠાણી, સુદર્શન, જંબૂસ્વામી અને સ્થૂલભદ્રાદિકનાં દૃષ્ટાંત સુપ્રસિદ્ધ છે. યથાર્થ બ્રહ્મચર્યનું પાલન એ પરમ સંતોષનું પરિણામ હોવાથી અંતે અક્ષય સુખ મેળવી આપે છે, તેથી સહુ કોઇ કલ્યાણાર્થી ભાઇ બહેનોએ પૂર્ણ પ્રેમથી તેનું પાલન કરવું ઉચિતજ છે

૧૩. શ્રી ક્રિયાપદ-ક્રિયા-આચરણ વગરનું એકલું જ્ઞાન પાંગળું છે, અને જ્ઞાનવગરની એકલી ક્રિયા પણ આંધળી છે. પરંતુ પરમાર્થ-સમજ સહિત કરવામાં આવતી સઘળી શુભ કરણી લેખે થાય છે. સર્વજ્ઞ દર્શિત સત્ ક્રિયા તરફ શુભ રૂચિ પ્રગટ થવી એ જ્ઞાનનુંજ શુભ પરિણામ સૂચવેછે.

તેથી જેમને અત્યંત ક્રિયારૂચિપણું તેમજ ક્રિયામાર્ગમાં આદર હોય છે, તેમને જ્ઞાનદશા પણ આકરી (તીક્ષ્ણ) હોવી ઘટે છે. વળી ક્રિયારૂચિ શુકલપક્ષી એટલે અલ્પકાળમાં સંસારનો અંત કરી મોક્ષમાં સધાવનાર હોઇ શકે છે અને જેને હજી ક્રિયારૂચિ પ્રગટીજ નથી તે કૃષ્ણપક્ષી એટલે સંસારચક્રમાં વધારે લાંબો વખત પરિભ્રમણ કરનાર હોઇ શકે છે. રહેણી-કરણી વગરની લૂખી કહેણી કેવળ કલેશરૂપ થાયછે. રસોઇનું નામ લેવા માત્રથીજ કંઈ ભૂખ ભાગતી નથી, પણ તેનું સેવન-આસ્વાદન કરવાથીજ ભૂખ શમે છે. અને ગતિ-ક્રિયા કરવાથીજ આપણે ધારેલા મુકામે પહોંચી શકીએ છીએ. એમ સમજી સત્ ક્રિયમાર્ગમાં અધિક રૂચિ ધારવી યોગ્ય છે.

૧૪. **શ્રી તપ પદ**-જેમ અગ્નિનો અધિક તાપ આપવાથી સોનામાં રહેલો મેલ બળી જઇ તે શુદ્ધ કાંચન-કુંદન થાયછે, તેમ શાસ્ત્રમાં કહેલા અનેક પ્રકારના બાહ્ય-અભ્યંતર તપ ક્ષમાસહિત સેવન કરવાથી આત્મામાં રહેલાં ચિકણાં-નિકાચિત કર્મ પણ ક્ષય પામી જાય છે અને આત્માનુ શુદ્ધ સ્વાભાવિક સ્વરૂપ પ્રગટી નીકળે છે. એવો એ તપનો પ્રભાવ જાણી તીર્થંકર ગણધર જેવા તદ્ભવે મોક્ષ જનાર પણ તેનું ભાવથી સેવન કરે છે. માટે તે તપ સર્વથા સેવ્યજ છે.

૧૫. શ્રી ગૌતમ પદ–છઠ્ઠ છઠ્ઠ તપે પારણું કરનાર, ચાર જ્ઞાનના ધારક અને અઠ્ઠાવીશ મહાલબ્ધીના ધણી શ્રી ઇંદ્રભૂતિ, શ્રી વીર પ્રભુના મુખ્ય ગણધર હતા. તેમનું ગોત્ર 'ગૌતમ' હોવાથી અને મહાલબ્ધી પાત્ર હોવાથી તેઓ 'ગૌતમ' નામથીજ વિખ્યાત થયા છે. તેમનું પવિત્ર નામ લેતાં ચોવીશે પ્રભુના સઘળાં ૧૪૫૨ ગણધરોનું સ્મરણ કર્યું જાણવું. શ્રી વીર પ્રભુ પ્રત્યેનો તેમનો પ્રેમ અકૃત્રિમ અને અનહદ હતો. તે જાણીને સહુ કોઈ સજ્જનોએ સ્વગુરૂ પ્રત્યે તેવોજ અકૃત્રિમ અને અપાર પ્રેમ ધારતાં શીખવું જોઈએ. પરમ વિનય ઉપર શ્રી ગૌતમ સ્વામીનુ દ્રષ્ટાંત અપાયછે. તેથી એ પદ અત્યંત પ્રેમથી આરાધવુ યોગ્ય છે. વળી તીર્થંકર ગણધર જેવા પરમ પુરૂષો રત્નપાત્રતુલ્ય ગણાય છે, સામાન્ય સાધુજનો કાંચન પાત્રતુલ્ય, વિરતિવંત શ્રાવકો રજત (રૂપાના) પાત્રતુલ્ય, સમકિતવંત શ્રાવકો ત્રાંબાના પાત્ર તુલ્ય અને બીજા અવિરતિવંત મિથ્યાત્વીજનો લોઢા અને માટીના પાત્રતુલ્ય કહ્યા છે. એ વચન અનુસારે પણ જોતાં શ્રી ગૌતમપદ અતિ મહત્વનું જણાય છે.

૧૬. શ્રી જીન પદ–ક્રોધાદિક પ્રસિદ્ધ અઢાર દોષોનો ક્ષય કરી નાખવાથી જેમને વીતરાગતા અને સર્વજ્ઞતાદિક આત્માની અનંત ગુણ સમૃદ્ધિ પ્રગટ થએલી છે, તે જીનપદ વિશ્વપ્રકાશક હોવાથી અત્યંત ઉપકારક છે. પ્રથમ અ-

રિહંતપદમાં કેવળ તીર્થંકર ભગવાનનોજ સમાવેશ થાય છે, ત્યારે આ પદમાં તો ઉક્ત અરિહંત ભગવાનના ઉપદેશ અનુસારે ઉજ્વળ રત્નત્રયીનું આરાધાન કરી જે કોઇ ઘાતિ કર્મનો ક્ષય કરી કેવળ જ્ઞાનાદિક આત્મ ઋદ્ધિ પ્રગટ કરે છે તે સર્વ કોઇનો સમાવેશ થઈ જાય છે. એટલે જેમને જેમને કેવળ જ્ઞાનાદિક અનંત આત્મ સંપત્તિપ્રાપ્ત થયેલ છે તે સર્વ કોઇ સર્વજ્ઞને આ પદથી આરાધવામાં આવે છે.

૧૭. **શ્રી સંયમ પદ**—વિષય સુખની આશંસા તજી, ક્રોધાદિક કષાયને જીતી, હિંસાદિક સકળ આશ્રવદ્વાર છંડી જે કોઈ આત્માર્થી જનો મન, વચન, કાયાની શુદ્ધિ કરે છે—આત્મનિગ્રહ કરે છે, તે સંયમી જરૂર આત્મ કલ્યાણ સાધી શકે છે. સર્વસંયમી મુનિજનો છે, ત્યારે દેશસંયમી શ્રાવક હોઇ શકે છે- દ્રઢ અભ્યાસવડે ભવભીરૂ આત્માર્થી શ્રાવક પણ અનુક્રમે સર્વ સંયમી થઇ શકે છે તેનું સમાધિ સુખ અપાર છે. માટે સંયમપદનું સેવન—આરાધન શાસ્ત્ર નીતિ મુજબ કરવું બહુ જરૂરનું છે.

૧૮. **શ્રી અભિનવ જ્ઞાન પદ**—બુદ્ધિના આઠ ગુણ પામી પોતપોતાની યોગ્યતા પ્રમાણે નવાં નવાં ધર્મશાસ્ત્ર ગુરૂગમ મેળવી વાંચવા. વિચારવા અને તે તે પ્રમાણે પ્રમાદ રહિત વર્તન કરવા ખપ કરવો, એ આ ઉત્તમ પદ આરા-

થવાનું અનંતર ફળ સમજવાનું છે. બાહ્ય–ખોટો આડંબર તજી સમજીને શક્ય ક્રિયાંમાં પ્રવર્તી સ્વશ્રેય સાધી લેવું એજ જ્ઞાનનું ફળ છે.

૧૯. શ્રી શ્રુત પદ–સૂત્ર, આગમ, સિદ્ધાન્ત, ગ્રંથ અને પ્રકરણો તેમજ તે ઉપર ભાષ્ય, ચુર્ણિ નિર્યુક્તિ અને વૃત્તિ (ટીકા–વાર્તિક પ્રમુખ) એ સર્વ આપ્ત પુરૂષોએ કરેલા હોવાથી પ્રમાણુ છે. સૂત્રથી રચના પ્રાયઃ ગણુધરો, શ્રુત કેવળી–ચૌદ પુર્વી હોય તે કરે છે; ત્યારે અર્થથી તો તીર્થંકર ભગવાન્ તેનો પ્રકાશ કરે છે. સૂત્રનો પરમાર્થ ભાષ્ય, ટીકા પ્રમુખથીજ સમજાય છે; માટે સૂત્રની પેરે તે સર્વ પ્રમાણિક વાક્યો માન્ય કરવાં યોગ્યજ છે. વિનય, બહુમાન, યોગ–ઉપધાન પ્રમુખ ઉચિત આચાર પાળી, શ્રુતપદનું આરાધાન કરવું બહુ જરૂરનુ છે.

૨૦. શ્રી તીર્થ પદ–જેથી આ ભવસાગર તરી શકીએ તે તીર્થ, જાગમ અને સ્થાવર બે પ્રકારનું છે. વર્તમાન કાળે વિચરતા વિહરમાન વીશ તીર્થકરો, તેમના ગણુધરો તથા કેવળી પ્રમુખ સાધુઓની સંપદા તેમજ સામાન્ય રીતે શાસનને શોભાવનાર સહુ કોઇ આત્માર્થી સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવીકારૂપ ચતુર્વિધ સંઘ એ જંગમ મહાતીર્થરૂપ છે. ત્યારે શ્રી શત્રુંજય, ગિરિનાર, અને સમેતશિખર પ્રમુખ સ્થાવર તીર્થો છે. લૌકિક ૬૮ તીર્થો તજી ઉક્ત લો-

કોત્તર તીર્થની યથાયોગ્ય દ્રવ્યભાવથી આરાધાન કરી પુર્વે પણુ અનંત આત્માઓ મુક્તિપદ પામ્યા છે. એમ સમજી પ્રમાદ રહિત વિવેકસહિત સહુ ભાઇ બહેનોએ તેનો લાભ લઇ સ્વમાનંવભવ સફળ કરી લેવો ઉચીત છે.

ઇતિ શિવમ્.

"શ્રી વીશસ્થાનક તપનું આરાધન કરવા ઈચ્છનારે યથાસ્થાને પ્રત્યેકપદે ખમાસમણ દેઈ ઉપયોગસહિત બોલવાના દુહા."

પ્રથમ અરિહંતપદ.

પરમ પચ પરમેષ્ઠીમાં, પરમેશ્વર ભગવાન;
ચાર નિક્ષેપે ધ્યાઇએ, નમો નમો જિનભાણ.

બીજું સિદ્ધપદ.

ગુણ અનંત નિર્મળ થયા, સહજ સ્વરૂપ ઉજાસ;
અષ્ટ કર્મમળ ક્ષય કરી, ભયે સિદ્ધ નમો તાસ. ૨

ત્રીજું પ્રવચનપદ.

ભાવમય ઔષધ સમી, પ્રવચન અમૃત વૃષ્ટિ,
ત્રિભુવન જીવને સુખકરી, જય જય પ્રવચન દૃષ્ટિ. ૩

ચોથું આચાર્યપદ.

છત્રીશ છત્રીશી ગુણે, યુગ પ્રધાન મુણીંદ,
જિનમત પરમત જાણતાં, નમો નમો તે સૂરીંદ. ૪

પાંચમું થિવિરપદ.

તજી પરપરિણુતિ રમણુતા, લહે નિજભાવ સ્વરૂપ;
સ્થિર કરતા ભવિલોકને, જય જય થિવિર અનૂપ. ૫

છઠ્ઠું ઉપાધ્યાયપદ.

બોધ સૂક્ષ્મ વિણુ જીવને, ન હોય તત્ત્વ પ્રતીત;
ભણે ભણાવે સૂત્રને, જય જય પાઠક ગીત. ૬

સાતમું સાધુપદ.

સ્યાદ્દવાદ ગુણુ પરિણુમ્યો, રમતા સમતા સંગ;
સાધે શુદ્ધાનંદતા, નમો સાધુ શુભરંગ. ૭

આઠમું જ્ઞાનપદ.

અધ્યાતમ જ્ઞાને કરી, વિઘટે ભવભ્રમ ભીતિ,
સત્યધર્મ તે જ્ઞાન છે, નમો નમો જ્ઞાનની રીતિ. ૮

નવમું દર્શનપદ.

લોકાલોકના ભાવ જે, કેવલિભાષિત જેહ,
સત્ય કરી અવધારતો, નમો નમો દર્શન તેહ. ૯

દશમું વિનયપદ.

શૌચ મુળથી મહા ગુણી, સર્વ ધર્મનો સાર;
ગુણુ અનંતનો કંદ એ, નમો વિનય આચાર. ૧૦

અગ્યારમું ચારિત્રપદ.

રત્નત્રયી વિણુ સાધના, નિષ્ફળ કહી સદીવ;
ભાવ રયણનું નિધાન છે, જય જય સંયમ જીવ. ૧૧

બારમું બ્રહ્મચર્યપદ.

જિન પ્રતિમા જિન મંદિરાં, કંચનના કરે જેહ;
બ્રહ્મવ્રતથી બહુ ફળ લહે, નમો નમો શીયલ સુદેહ. ૧૨

તેરમું ક્રિયાપદ.

આત્મબોધ વિણુ જે ક્રિયા, તે તો બાલક ચાલ;
તત્વારથથી ધારીએ, નમો ક્રિયા સુવિશાલ. ૧૩

ચૌદમું તપપદ.

કર્મ ખપાવે ચીકણાં, ભાવમંગલ તપ જાણ;
પચ્ચાસ લબ્ધિ ઉપજે, જય જય તપ ગુણ ખાણ. ૧૪

પંદરમું ગોયમપદ.

છઠ્ઠ છઠ્ઠ તપ કરે પારણું, ચઉનાણી ગુણધામ;
એ સમ શુભ પાત્ર કો નહિં, નમો નમો ગોયમ સ્વામ. ૧૫

સોળમું જીનપદ.

દોષ અઢારે ક્ષય ગયા, ઉપન્યા ગુણ જસ અંગ,
વૈયાવચ્ચ કરીએ મુદા, નમો નમો જિનપદ સંગ. ૧૬

સત્તરમું સંયમપદ.

શુદ્ધાતમ ગુણમેં રમે, તજી ઇંદ્રિય આશંસ;
થિર સમાધિ સંતોષમાં, જય જય સંયમ વંશ. ૧૭

અઢારમું અભિનવજ્ઞાન.

જ્ઞાન વૃક્ષ સેવો ભવિક, ચારિત્ર સમકિત મૂળ;
અજર અગમપદ ફલ લહો, જિનવર પદવી ફૂલ. ૧૮

ઓગણીશમું શ્રુતપદ.

વક્તા શ્રોતા યોગથી, શ્રુત અનુભવ રસ પીન;
ધ્યાતા ધ્યેયની એકતા, જય જય શ્રુત સુખલીન. ૧૯

વીશમું તીર્થપદ.

તીર્થયાત્રા પ્રભાવ છે, શાસન ઉન્નતિ કાજ;
પરમાનંદ વિલાસતાં જય જય તીર્થ જહાજ.

દરેક પદની વીશ નવકારવાળી ગણતાં મણકાદીઠ ગણવાનું પદ તથા કાઉસ્સગ્ગ.

૧	નમો અરિહંતાણ.	૨૪ લોગસ્સ.
૨	નમો સિદ્ધાણં.	૧૫ „
૩	નમો પવયણસ્સ.	૪૫ „

૪	નમો આયરિયાણં	૩૬	,,
૫	નમો થેરાણં.	૧૦	,,
૬	નમો ઉવઝાયાણં.	૨૫	,,
૭	નમો લોએ સવ્વ સાહૂણં.	૨૭	,,
૮	નમો નાણસ્સ.	૫	,,
૯	નમો દ સણસ્સ.	૬૭	,,
૧૦	નમો વિણયસ્સ.	૧૦	,,
૧૧	નમો ચરિત્તસ્સ.	૭૦	,,
૧૨	નમો બભવયધારિણં,	૯	,,
૧૩	નમો કિરિયાણં.	૨૫	,,
૧૪	નમો તવસ્સ.	૧૨	,,
૧૫	નમો ગોયમસ્સ.	૨૮	,,
૧૬	નમો જિણાણ.	૨૦	,,
૧૭	નમો સયમધારિણં.	૧૭	,,
૧૮	નમો અભિનવનાણસ્સ.	૫૧	,,
૧૯	નમો સુયસ્સ.	૧૨	,,
૨૦	નમો તિત્થસ્સ.	૫	,,

કાઉસ્સગ્ગ જેટલાં ખમાસમણ દેવાં તથા પ્રદક્ષિણા દેવી.

અથ ૨૪ જિનનાં ૧૨૦ કલ્યાક કઈ કઈ તિથિઓમાં થયાં તેનો કોઠો.

કલ્યાણકનાં નામ.	અર્થ	અને તેમાં કરવાનો જાપ.
૧ ચ્યવન.	પરગતિથી આવવુ.	પરમેષ્ટિને નમઃ
૨ જન્મ.	માતાની કૂખથી જન્મ થવો.	અર્હતે નમ·
૩ દીક્ષા.	મુનિપણું ધારણ કરવું.	નાથાય નમઃ
૪ કેવલ.	સંપૂર્ણ જ્ઞાન થવું.	સર્વજ્ઞાય નમઃ
૫ મોક્ષ	કર્મથી મૂકાવુ.	પારગતાય નમઃ

* કાર્તિક વદિ અને શુદિ પક્ષમાં ૭ કલ્યાણક.

કયા જિન.	તિથિ.	કલ્યાણક.
૩	વદિ ૫	કેવલજ્ઞાન
૨૨	વદિ ૧૨	ચ્યવન
૬	વદિ ૧૨	જનમ્યા
૬	વદિ ૧૩	દીક્ષા લીધી

* આ કોઠામાં આપેલા મહિના પૂનમીઆ સમજવા અને દરેક વદિ વાળી તિથિ ગુજરાતી મહિનામા એક માસ પહેલાં સમજવી એટલે કે કાર્તિક વદીને બદલે આસો વદી સમજવી.

૨૪	વદિ ૦))	મોક્ષ પામ્યા
૯	શુદિ ૩	કેવલજ્ઞાન
૧૮	શુદિ ૧૨	કેવલજ્ઞાન

માગશિર વદિ શુદિમાં ૧૩ કલ્યાણુક.

૯	વદિ ૫	જનમ્યા
૯	વદિ ૬	દીક્ષા લીધી
૨૪	વદિ ૧૦	દીક્ષા લીધી
૬	વદિ ૧૧	મોક્ષ પામ્યા
૧૮	શુદિ ૧૦	જનમ્યા
૧૮	શુદિ ૧૦	મોક્ષ પામ્યા
૧૮	શુદિ ૧૧	દીક્ષા લીધી
૧૯	શુદિ ૧૧	જનમ્યા
૧૯	શુદિ ૧૧	દીક્ષા લીધી
૧૯	શુદિ ૧૧	કેવલજ્ઞાન
૨૧	શુદિ ૧૧	કેવલજ્ઞાન
૩	શુદિ ૧૪	જનમ્યા
૩	શુદિ ૧૫	દીક્ષા લીધી

પોસ વદિ શુદિ પક્ષમાં ૧૦ કલ્યાણુક.

૨૩	વદિ ૧૦	જનમ્યા
૨૩	વદિ ૧૧	દીક્ષા લીધી

૯	વદિ ૧૨	જનમ્યા
૮	વદિ ૧૩	દીક્ષા લીધી
૧૦	વદિ ૧૪	કેવલજ્ઞાન
૧૩	શુદિ ૬	કેવલજ્ઞાન
૧૬	શુદિ ૯	કેવલજ્ઞાન
૨	શુદિ ૧૧	કેવલજ્ઞાન
૪	શુદિ ૧૪	કેવલજ્ઞાન
૧૫	શુદિ ૧૫	કેવલજ્ઞાન

મહા વદિ શુદિ પક્ષમાં ૧૪ કલ્યાક.

૬	વદિ ૬	ચ્યવન
૧૦	વદિ ૧૨	જનમ્યા
૧૦	વદિ ૧૨	દીક્ષા લીધી
૧	વદિ ૧૩	મોક્ષ પામ્યા
૧૧	વદિ ૦))	કેવલજ્ઞાન
૪	શુદિ ૨	જનમ્યા
૧૨	શુદિ ૨	કેવલજ્ઞાન
૧૫	શુદિ ૩	જનમ્યા
૧૩	શુદિ ૩	જનમ્યા
૧૩	શુદિ ૪	દીક્ષા લીધી
૨	શુદિ ૮	જનમ્યા
૨	શુદિ ૯	દીક્ષા લીધી

૪	શુદિ ૧૨	દીક્ષા લીધી
૧૫	શુદિ ૧૩	દીક્ષા લીધી

ફાગણ વદી શુદી પક્ષમાં ૧૫ કલ્યાણક.

૭	વદિ ૬	કેવલજ્ઞાન
૭	વદિ ૭	મોક્ષ પામ્યા
૮	વદિ ૭	કેવળજ્ઞાન
૯	વદિ ૯	ચ્યવન
૧	વદિ ૧૧	કેવલજ્ઞાન
૨૦	વદિ ૧૨	કેવલજ્ઞાન
૧૧	વદિ ૧૨	જનમ્યા
૧૧	વદિ ૧૩	દીક્ષા લીધી
૧૨	વદિ ૧૪	જનમ્યા
૧૨	વદ ૦))	દીક્ષા લીધી
૧૮	શુદિ ૨	ચ્યવન
૧૯	શુદિ ૪	ચ્યવન
૩	શુદિ ૮	ચ્યવન
૨૦	શુદિ ૧૨	દીક્ષા લીધી
૧૯	શુદિ ૧૨	મોક્ષ પામ્યા

ચૈત્ર વદિ શુદિ પક્ષમાં ૧૩ કલ્યાણક.

૨૩	વદિ ૪	ચ્યવન
૨૩	વદિ ૪	કેવલજ્ઞાન

૮	વદિ ૫	ચ્યવન
૧	વદિ ૮	જનમ્યા
૧	વદિ ૮	દીક્ષા લીધી
૧૭	શુદિ ૩	કેવલજ્ઞાન
૧૪	શુદિ ૫	મોક્ષ પામ્યા
૨	શુદિ ૫	મોક્ષ પામ્યા
૩	શુદિ ૫	મોક્ષ પામ્યા
૫	શુદિ ૯	મોક્ષ પામ્યા
૫	શુદિ ૧૧	કેવલજ્ઞાન
૨૪	શુદિ ૧૩	જનમ્યા
૬	શુદિ ૧૫	કેવલજ્ઞાન

વૈશાખ વદિ, શુદિ પક્ષમાં ૧૭ કલ્યાણક.

૧૭	વદિ ૧	મોક્ષ પામ્યા
૧૦	વદિ ૨	મોક્ષ પામ્યા
૧૭	વદિ ૫	દીક્ષા લીધી
૧૦	વદિ ૬	ચ્યવન
૨૧	વદિ ૧૦	મોક્ષ પામ્યા
૧૪	વદિ ૧૩	જનમ્યા
૧૪	વદિ ૧૪	દીક્ષા લીધી
૧૪	વદિ ૧૪	કેવળજ્ઞાન

૧૭	વદિ ૧૪	જનમ્યા
૪	શુદિ ૪	ચ્યવન
૧૫	શુદિ ૭	ચ્યવન
૪	શુદિ ૮	મોક્ષ પામ્યા
૫	શુદિ ૮	જનમ્યા
૫	શુદિ ૯	દીક્ષા લીધી
૨૪	શુદિ ૧૦	કેવલજ્ઞાન
૧૩	શુદિ ૧૨	ચ્યવન
૨	શુદિ ૧૩	ચ્યવન

જેષ્ટ વદિ શુદિ પક્ષમાં ૧૦ કલ્યાણક.

૧૧	વદિ ૬	ચ્યવન.
૨૦	વદિ ૮	જનમ્યા
૨૦	વદિ ૯	મોક્ષ પામ્યા
૧૬	વદિ ૧૩	જનમ્યા
૧૬	વદિ ૧૩	મોક્ષ પામ્યા
આયો, મુઝ મન સયલ સુહાયો ॥ છંડી નીજ નીજ ઠામ, આવ્યું આવ્યું અમર વીમાન ॥ ૧૦ ॥ પેખી પેખી રયણુની રાસી, સગપણ ચઢી આકાસી ॥ જલણ જલતે. એ દખ્ખીણ, જાગી વામાદેવી તતખ્ખીણ ॥ ૧૧ ॥

॥ રાગ ધન્યાશ્રી ॥ ઢાળ ॥

નવમે માસે આઠમે દીવસે, જાયો જીનવર રાયો જી ॥ ઘરે ગુડી તરીયાતોરણ લહેકે, જીનમદીર ઉત્સાયો જી ॥૧॥ તતખીણ છપ્પન્ન કુમરી આવે, વધાવે જીનદો જી ॥ દુસ્તર કાળમાંહિ એ જીનવર, પ્રગટયો પુનમચદો જી ॥ ૨ ॥ ઊલાળી વજ્ર સુર ઇમ બોલે, આસન કંપે ઇંદો જી ॥ તિહાં જોઇ અવધિનાણે તેણી વેળા, અવતરિયા જિણંદોજી ॥૩॥ તીણે થાનકે જન્મમહોત્સવ કરવા, આવે ચોસઠ ઇદો જી ॥ મેરૂશિખરપર રત્ન સિંહાસન, બેઠા પાસ જીણદો જી ॥૪॥ તિહાં હુઓ સનાથ છત્ર સિર સોહે, ઢાળે ચામર સુરિદો જી ॥ પહુતા સુર મળી પ્રભુથાનકવર, લબ્ધિ પાત્ર જયવતો જી ॥ ૫ ॥ નવપલ્લવ જિન મહિમા સાગર, આગરતણો ભંડારો જી ॥ ઈખ્ખાગવંસ તિહુયણ મનરજણ, જીનશાસન શણગારો જી ॥ ૬ ॥ ભણે વચ્છ ભંડારી અમ મન, વસિયો શ્રી અરિહંતો જી ॥ નીલવરણ તનુ મહીમા સાગર, જયો જયો ભગવતો જી ॥૭॥ ઇતિ શ્રી પાર્શ્વનાથ કળશ સંપૂર્ણ॥

(અહીં કળશાભિષેક કરીયે. પછી દૂધ, દહિં, ઘૃત, જળ અને શર્કરા એ પંચામૃતનો પખાલ કરીને પછી પુજા કરીયે ને ફુલ ચઢાવીયે. પછી લુણ ઉતારી આરતી ઉતારવી. પછી પ્રતિમાજી આડો પડદો રાખી સ્નાત્રીઆએ પોતાના નવ અંગે કંકુના ચાલ્લા કરવા, પછી પડદો કાઢી નાખી મંગળદીવો ઉતારવો.

મોગર લાલ ગુલાલ માલતી, ચંપક કેતકી વેલી ॥ કુંદ પ્રિયંગુ નાગવર જાતિ, બોલ સીરિ શુચિ મેલી ॥ મો૦॥૧॥ ભુમંડળ જળ મોકલે ફુલે, તે પણ શુદ્ધ અખંડી ॥ જીનપદ પંકજ જિમ હરિ (ઈન્દ્ર) પુજે, તિણુ પરે ભવી તુમે મંડી ॥મો૦॥ ॥ ૨ ॥ ગીતમ ॥ પારગ તેરે પદપંકજ પરે, વિવિધ કુસુમ સોહે ॥ ઓરનકુ હૈ આક ધત્તુરે, તુમ સમો નવી કોહે ॥ ॥પા૦॥૧॥ વીવીધ કુસુમ જાતી સોહે, પાચમી પુજા પુજો॥ તવ ભવિ નીજ રોગ સોગ, સવિ ઉપદ્રવ ધ્રુજે ॥પા૦॥૨॥

॥ ઇતિ શ્રી કવિ દેપાલ કૃત સ્નાત્રપુજા સમાપ્ત ॥

॥ અથ પંડિત શ્રી પદ્મવિજયજી કૃત નવપદ પૂજા ॥

॥ પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા પ્રારંભ ॥

॥ દોહા ॥

શ્રુતદાયક શ્રુત દેવતા, વંદુ જીન ચોવીશ ॥ ગુણ સી-દ્ધચક્રના ગાયતા, જગમાં હોય જગીશ ॥ ૧ ॥ અરિહંત સિદ્ધ સૂરિ નમું, પાઠક મુનિ ગુણધામ ॥ દંસણ નાણ ચ-રણ વળી, તપગુણ માંહે ઉદ્દામ ॥ ૨ ॥ ઇમ નવપદ ભક્તિ કરી, આરાધો નિત્યમેવ ॥ જેહથી ભવદુઃખ ઉપશમે, પામે શિવ સ્વયમેવ ॥ ૩ ॥ તે નવપદ કાંઈ વરણવું, ધરતો ભાવ ઉલ્લાસ ॥ ગુણિ ગુણગણ ગાતાં થકા, લહિયે જ્ઞાન પ્રકાશ ॥ ॥ ૪ ॥ પ્રતિષ્ટા કલ્પે કહી, નવપદ પૂજા સાર ॥ તેણે ન-વપદ પૂજા ભણું, કરતો ભક્તિ ઉદાર ॥ ૫ ॥

॥ ઢાળ ૧ લી ॥ રાગ ભૈરવ ॥

પ્રથમ પદ જિનપતિ, ગાઇએ [1]ગુણતતિ, પાઇયે વિ

---

૧ ગુણ, વળી ગયા ગુણ–શ્રેણી.

પુલ ફળ સહજ આપ ॥ નામ ગોત્રજ સુણ્યાં, કર્મ મહાનિર્જર્યાં જાય ભવ સંતતિ બંધ પાપ ॥૧॥ એક વર રૂપમાં, વરણ પંચે હોયે, એક તુજ વર્ણ તે જગ ન માયો ॥ એક તિમ શ્લોકમાં, વરણ બત્રીશ હોએ, એક તુજ વર્ણ કિણુહી ન ગવાયો ॥ વાચ (વાણી) ગુણ અતિશયા, પડિહેંરા (પ્રાતિહાર્ય) સયા, બાહ્ય પણ એ ગુણ કુણે ન ગવાયા ॥ કેવળ નાણ તહ કેવળ દંસણ, પમુહ અભ્યંતરા જિનપતિ પાયા ॥ તેહ મુહ પદ્મથી કેમ કહાયા ॥ ૭ ॥

॥ દોહા ॥

જિન ગુણ અનંત અનંત છે, [1]વાચ ક્રમ મિત દીહ ॥
બુદ્ધિ રહિત શક્તિ વિકલ, કેમ કહુ એકણ જીહ ॥૬॥

॥ ઢાળ ૨ જી ॥ રાગ દેશાખ ॥

ભાવ ધરી ભવી પૂજીયે, [2]તીગ અડ પણ ભેય ॥ તીમ સત્તર ભેદે કરી, પૂજો ગત ખેય ॥ ભા૦ ॥ ૧ ॥ ઇગ વીશ અડસય ભેદથી, જિન ભાવ સંભારી ॥ પૂજો પરિમલ ભાવશું, પ્રભુ આણાકારી ॥ ભ૦ ॥ ૨ ॥ પૂજા કરતાં પૂ-

---

૧ વચન ક્રમે કરી બોલાય છે અને આયુષ્ય પરિમિત છે.

૨ ત્રણ પ્રકારે, આઠ પ્રકારે અને પાંચ પ્રકારે.

જયની, પૂજ્ય પોતે થાવે ॥ તુજ પદ પદ્મ સેવક તિણે, અ-
ક્ષયપદ પાવે ॥ ભાવ૦ ॥ ૩ ॥

॥ ઇતિ પ્રથમ શ્રી અરિહંતપદપૂજા સમાપ્ત ॥

॥ દ્વિતીય શ્રી સિદ્ધપદ પૂજા પ્રારંભ ॥

॥ દોહા ॥

સિદ્ધ સ્વરૂપી જે થયા, કર્મ મેલ સવિ ધોય ॥
જેહ થશે ને થાય છે, સિદ્ધ નમો સહુ કોય ॥ ૭ ॥

॥ ઢાળ ૩ જી ॥

(પારી રે જાતિનુ ફૂલ સરગથી—એ દેશી)

નમો સીદ્ધાણું હવે પેદ બીજે, જે નિજ સંપદ વ-
રિયા ॥ જ્ઞાન દર્શન અનંત ખજાનો, અવ્યાબાધ સુખ દરિયા
કે ॥ સિદ્ધ બુદ્ધ કે સ્વામી નિજ રામી કે, હાંરે વાલા પ્રણમો
નિજ ગુણ કામી રે ॥ ગુણકામી ગુણકામી ગુણવંતા, જે
વચનાતીત હુઆ રે ॥ ૧ ॥ એ આંકણી ॥ ક્ષાયિક સમ-
કિત ને અક્ષય સ્થિતિ, જેહ અરૂપી નામ ॥ અવગાહન
અગુરૂ લઘુ જેહની, વીર્ય અનંતનું ધામ કે ॥ સિદ્ધ૦ ॥ ૨ ॥
ઇમિ અડકર્મ અભાવે અડ ગુણ, વળી ઇગતીસ કહેવાય ।
વળી વીશેષે અનંત અનંત ગુણ, નાણ નયણ નિરખાય ॥
નીત્ય નીત્ય વંદના થાય કે ॥ સિદ્ધ૦ ॥ ૩ ॥

॥ દોહા ॥

જિહાં નિજ એક અવગાહના, તિહાં નમું સિદ્ધ અનંત ॥
ફરસિત દેશ પ્રદેશને, અસંખ્યગુણા ભગવંત ॥ ૮ ॥

॥ ઢાળ ૪ થી ॥ રાગ ફાગ ॥

સિદ્ધ ભજો ભગવત, પ્રાણી પૂર્ણાનંદી ॥ સિદ્ધ ॥ લોકાલોક લહે એક સમયે, સિદ્ધ વધુ વરકત ॥:પ્રાણી૦ ॥ અજ અવિનાશી અક્ષય અજરામર, સ્વદ્રવ્યાદિકવત ॥ પ્રાણી૦ ॥ ૧ ॥ વર્ણ ન ગધ ન રસ નહીં ફરસ ન, દીર્ઘ હ્રસ્વ ન હુત ॥ પ્રાણી૦ ॥ નહીં સૂક્ષ્મ બાદર ગત વેદી, ત્રસ થાવર ન કહંત ॥ પ્રાણી૦ ॥ ૨ ॥ અક્રોહી, અમાની અમાયી, અલોભી, ગુણ અનત ભદત ॥ પ્રાણી૦ ॥ પદ્મવિજય નિત્ય સિદ્ધ સ્વામીને, લળી લળી લળી પ્રણમંત ॥ પ્રાણી૦ ॥૩॥

॥ ઇતિ દ્વિતીય શ્રી સિદ્ધપદપૂજા સમાપ્ત ॥

॥ તૃતીય શ્રી આચાર્યપદપૂજા પ્રારંભ ॥

॥ દોહા ॥

પડિમા વહે વળી તપ કરે, ભાવના ભાવે બાર ॥
નમીયે તે આચાર્યને, પાળે પચાચાર ॥ ૯ ॥

॥ ઢાળ ૫ મી ॥

(સભવ જીનવર વીનતી—એ દશી.)

આચારજ ત્રીજે પદે, નમિયે જે ગચ્છ ધોરી રે ॥ ઇંદ્રિય તુરઅમ વશ કરે, જે લહી જ્ઞાનની દોરી રે ॥આચા૦॥ ॥૧॥ શુદ્ધ પ્રરૂપક ગુણથકી, જે જિનવર સમ ભાખ્યા રે ॥ છત્રીશ છત્રીશી ગુણે, શોભિત શાસ્ત્રમાં દાખ્યા રે ॥ આ૦ ॥ ॥૨॥ ઉત્કૃષ્ટા ત્રીજે ભવે, પામે અવિચલ ઠાણ રે ॥ ભાવાચારય વદના, કરિયે થઇ સાવધાન રે ॥ આચા૦ ॥ ૩ ॥

॥ દોહા ॥

નવવિધ બ્રહ્મ ગુપ્તિ ધરે, વર્જે પાપ નિયાણ ॥
વિહાર કરે નવ કલ્પ નવ, સૂરિ તત્વના જાણ ॥૧૦॥

॥ ઢાળ ૬ ઠ્ઠી ॥ રાગ બીહાગડો ॥

(મુજ ઘર આવજો રે નાથ.—એ દેશી)

સત્તાવીશ ગુણ સાધુના, શોભિત જાસ શરીર ॥ નવકોટી શુદ્ધ આહાર લે, ઇમ ગુણ છત્રીશે ધાર ॥ ભવીજન ભાવશું નમો આજ ॥ ૧ ॥ જિમ પામો અક્ષયરાજ ॥ ભવી૦ ॥ એ આંકણી ॥ જે પ્રગટ કરવા અતિ નિપુણ, વર લબ્ધિ અઠ્ઠાવીશ ॥ કહે અડવિધ પ્રભાવકપણું ધરે, એ સૂરિગુણ છત્રીશ ॥ ભવી૦ ॥ ૨ ॥ તજે ચૌદ અંતર ગ્રથિને, પરીષહ જીતે બાવીશ ॥ કહે પદ્મ આચારય નમો, બહુ સૂરિ ગુણ છત્રીશ ॥ ભવી૦ ॥ ૩ ॥

॥ ઇતિ તૃતીય શ્રી આચાર્ય પદપૂજા સમાપ્ત ॥

॥ ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદપૂજા પ્રારંભ ॥

॥ દોહા ॥

ચોથે પદ પાઠક નમું, સકલ સંઘ આધાર ॥
ભણે ભણાવે સાધુને, સમતા રસ ભંડાર ॥ ૧૧ ॥

॥ ઢાળ ૭ મી ॥ રાગ વસંત ॥

(તુતો જિન ભજ વિલબ ન કરહો હોરીકે ખેલઇયા—એદેશી.)

તુતો પાઠક પદ મન ધર હો, રંગીલે જીઉરા ॥ રાય રાંક જસુ નિકટે આવે, પણ જસ નહી નિજ પરહો ॥ રંગી૦ ॥ ૧ ॥ સારણાદીક ગચ્છ માહે કરતાં, પણ રમતા નીજ ઘર હો ॥ રંગી૦ ॥ ૨ ॥ દ્વાદશાગ સજ્ઝાય કરણકું, જે નિશદિન તત્પર હો ॥ રંગી૦ ॥ ૩ ॥ એ ઉવજ્ઝાય નિર્યામક પામી, તુંતો ભવસાવર સુખે તરહો ॥ રંગી૦ ॥ ॥ ૪ ॥ જે પરવાદી મતગજ કેરો, ન ધરે હરિ પરે ડર હો ॥ રંગી૦ ॥ ૫ ॥ ઉત્તમ ગુરૂ પદ પદ્મ સેવનથે, પકડે શિવવધૂ કરહો ॥ રંગી૦ ॥ ૬ ॥

॥ દોહા ॥

આચારજ મુખ આગળે, જે યુવરાજ સમાન ॥
નિદ્રા વિકથા નવિ કરે, સર્વ સમય સાવધાન ॥૧૨॥

॥ ઢાળ ૮ મી ॥

(જીન વરને વેરાગીયો હો ધન્ના.—એ દેશી.)

નમો ઉવજ્ઝાયાણ જપો હો મિત્તા, જેહના ગુણ પ-

ચ્ચવીશ રે, એકાગર ચિત્તા ॥ એ પદ ધ્યાયો બે ॥ એ પદ ધ્યાયો ધ્યાનમાં રે મિત્તા, મુકી રાગ ને રોષ રે ॥ એકા૦॥ ॥ ૧ ॥ અંગ ઇગ્યાર પૂર્વધરા હો મિત્તા, પરીષહ સહે બાવીશ રે ॥ ત્રણ્ય ગુપ્તિ ગુપ્તા રહે હો મિતા, ભાવે ભાવન પચ્ચવીશ રે ॥ એકા૦ ॥ ૨ ॥ અંગ ઉપાંગ સોહામણા હો મિત્તા, ધરતા જેહ ગુણીશ ॥ ત્રણુતા મુખ પદ પદ્મથી હો-મિત્તા, નદી અણુયોગ જગીશ રે ॥ એકા૦ ॥ ૩ ॥

॥ ઇતિ ચતુર્થ શ્રી ઉપાધ્યાપદપૂજા સમાપ્ત ॥

॥ પંચમ શ્રી સાધુપદપૂજા પ્રારંભઃ ॥

॥ દોહા ॥

હવે પંચમપદે મુનિવરા, જે નિર્મમ નિસંગ ॥
દિન દિન કચનની પરે, દીસે ચઢતે રંગ ॥ ૧૩ ॥

॥ ઢાળ ૯ મી ॥ રાગ વસંત ॥

(મો મન ભવન વીસાલ સાંઇયાં, મોમન.—એ દેશી.)

મુનિવર પરમ દયાલ ભવિયા ॥ મુનિ૦ ॥ તુમે પ્રણમોને ભાવ વિશાલ ॥ ભવિ૦ ॥ મુનિ૦ ॥ એ આંકણી ॥ કુંઅી સબલ મુનિવર ભાખ્યા, આહાર દોષ ટાળે બીંયાલ ॥ ભવિ૦ ॥ મુનિ૦ ॥ બાહ્ય અભ્યતર પરિગ્રહ છાડી, છાંડી સવિ જંજાલ ॥ ભવિ૦ ॥ મુનિ૦ ॥ ૧ ॥ જિણે એ ઋષિનું શરણુ કર્યું તિણે, પાણી પહેલી બાધી પાળ ॥ ભવિ૦ ॥ મુનિ૦ ॥ જ્ઞાન ધ્યાન ક્રિરિયા સાધતા, કાઢે પુર્વના કાળ ॥

ભવિ૦ ॥ મુનિ૦ ॥ ૨ ॥ સયમ સત્તર પ્રકારે આરાધે, છ જીવના પ્રતિપાળ ॥ ભવિ૦ ॥ મુનિ૦ ॥ ઇમ મુનિગુણ ગાવે તે પહેરે, સિદ્ધ વધુ વરમાલ ॥ ભવિ૦ ॥ મુનિ૦ ॥ ૩ ॥

॥ દોહા ॥

પાચે ઇંદ્રિય વશ કરે, પાળે પંચાચાર ॥
પચ સમિતિ સમિતા રહે, વદુ તે અણુગાર ॥૧૪॥

॥ ઢાળ ૧૦ મી ॥

(ગિરિરાજકુ સદા મોરી વદના રે—એ દેશી.)

મુનિરાજકુ સદા મોરી વદનારે ॥ મુ૦ ॥ ભાગ વમ્યા તે મનશુ ન ઇચ્છે, નાગ જ્યું હોય અગંધના રે ॥ મુ૦ ॥ પરિસહ ઉપસર્ગે સ્થિર રહેવે, મેરૂપરે નિકપનારે ॥ મુ૦ ॥ ॥૧॥ ઇચ્છા મિચ્છા આવસ્સિયા નિસીહિયા, તહુકારને વલિ છદનારે ॥ મુ૦ ॥ પૃચ્છા પ્રતિપૃચ્છા ઉપસપદા, સામાચારી નિમતના રે ॥મુ૦॥૨॥ એ દશવિધ સામાચારી પાળે, કહે પદ્મ લેઉ તસ ભામણા રે ॥ મુ૦ ॥ એ ઋષિરાજ વંદનથી હોવે, ભવ ભવ પાપ નિકદના રે ॥ મુનિરાજકુ૦ ॥ ૩ ॥

॥ ઇતી પચમ શ્રી સાધુપદપૂજા સમાપ્ત ॥

॥ ષષ્ઠ શ્રી દર્શનપદપૂજા પ્રારંભ ॥

॥ દોહા ॥

સમકિત વિણુ નવ પૂરવી, અજ્ઞાની કહેવાય ॥
સમકિત વિણુ સંસારમાં, અરહો પરહો અથડાય ॥૧૫॥

॥ ઢાળ ૧૧ મી ॥ રાગ સારંગ ॥

પ્રભુ નિર્મલ દર્શન કીજીયે ॥ એ આંકણી ॥ આતમ જ્ઞાનકો અનુભવ દર્શન, સરસ સુધારસ પીજીયે ॥પ્રભુ૦॥૧॥ જસ અનુભવ અનત *પરિયટ્ટા, ભવ સંસાર સહુ છીજીયે ॥ ॥પ્રભુ૦॥ ભિન્ન મુહુર્ત્ત દર્શન ફરસનથે, અર્ધ પરિયટ્ટે સીઝીયે ॥ પ્રભુ૦ ॥૨॥ જેહુથી હોવે દેવ ગુરૂ કુની, ધર્મ રંગ અઠ્ઠ મિંજીયે ॥ પ્રભુ૦ ॥ ઇસ્યો ઉત્તમ દર્શન પામી, પદ્મ કહે શિવ લીજીયે ॥ પ્રભુ૦ ॥ ૩ ॥

॥ દોહા ॥

†સમકિત અડ પયવણ ધણી, પણ જ્ઞાની કહેવાય ॥
અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત્તમાં, સકલ કર્મમલ જાય ॥ ૧૬ ॥

॥ ઢાળ ૧૨ મી ॥

(ધન્ય ધન્ય સંપ્રતિ સાચો રાજા.—એ દેશી.)

સમ્યગ્ દર્શન પદ તુમે પ્રણમો, જે નિજ ધુર ગુણ હોય રે ॥ ચારિત્ર વિણ લહે શાશ્વત પદવી, સમકિત વિણ નહીં કોય રે ॥ સમ્ય૦ ॥ ૧ ॥ સદ્દહણા ચઉ લક્ષણ દૂષણ, ભૂષણ પંચ વિચારો રે ॥ જયણા ભાવણ ઠાણ આગારા, ષટ્ ષટ્ તાસ પ્રકારો રે ॥ સમ્ય૦ ॥ ૨ ॥ શુદ્ધિ લિંગ ગુણ

---

* પુદ્ગલ પરાવર્તન કાળ.

† સમકિત યુક્ત આઠ પ્રવચન માતા જેટલું યથાર્થ જ્ઞાન પામે.

આઠ પ્રભાવક, દશવિધ વિનય ઉદારો રે ॥ ઇમ સડસઠ ભેદે અલંકરિયે, સમકિત શુદ્ધ આચારો રે ॥ સમ્ય૦ ॥ ૩ ॥ કેવલી નિરખિત સૂક્ષ્મ અરૂપી, તે જેહને ચિત્ત વસિયો રે ॥ જિન ઉત્તમ પદપદ્મની સેવા, કરવામાં ઘણું રસિયો રે ॥ સમ્ય૦ ॥ ૪ ॥

॥ ઇતિ ષષ્ઠ શ્રી દર્શનપૂજા સમાપ્ત. ॥

॥ સપ્તમ શ્રી જ્ઞાનપદપૂજા પ્રારંભઃ ॥

॥ દોહા ॥

નાણ સ્વભાવ જે જીવનો, સ્વપર પ્રકાશક તેહ ॥
તેહ નાણ દીપક સમું, પ્રણમો ધર્મ સનેહ ॥ ૧૭ ॥

॥ ઢાળ ૧૩ મી ॥ નારાયણાનાં દેશી ॥

(જીમ મધુકર મન માલતી રે.—એ દેશી.)

નાણ પદારાધન કરો રે, જેમ લહો નિર્મલ નાણ રે ॥ ભવિકજન ॥ શ્રદ્ધાપણ થિર તો રહેરે, જો નવ તત્વ વિનાણ રે ॥ ભવિ૦ ॥ નાણ૦ ॥ ૧ ॥ અજ્ઞાની કરશે કિશ્યુંરે, શું લહેશે પુણ્ય પાપ રે ॥ ભવિ૦ ॥ પુણ્ય પાપ નાણી લહેરે, કરે નિજ નિર્મલ આપ રે ॥ ભવિ૦ ॥ નાણ૦॥૨॥ પ્રથમ જ્ઞાન પછી દયા રે, દશવૈકાલિક વાણી રે ॥ ભવિ૦॥ ભેદ એકાવન તેહના રે, સમજો ચતુર સુજાણ રે ॥ ભવિ૦॥ નાણ૦ ॥ ૩ ॥

॥ દોહા ॥

બહુ કોડચો વરસે ખપે, કર્મ અજ્ઞાને જેહ ॥
જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કર્મ ખપાવે તેહ ॥ ૧૮ ॥

॥ ઢાળ ૧૪ મી ॥

(હો મતવાલે સાજનાં.—એ દેશી.)

નાણુ નમો પદ સાતમે, જેહથી જાણે દ્રવ્યભાવ ॥ મેરે લાલ ॥ જાણે જ્ઞાન ક્રિયા વળી, તિમ ચેતન ને જડભાવ ॥ ॥ મેરે૦ ॥ નાણુ૦ ॥૧॥ નરગ સરગ જાણે વળી, જાણે વળી મોક્ષ સંસાર ॥ મેરે૦ ॥ [1]હેય જ્ઞેય ઉપાદેય લહે, નિશ્ચય ને વ્યવહાર ॥ મેરે૦ ॥ નાણુ૦ ॥ ૨ ॥ નામ ઠવણુ દ્રવ્ય-ભાવ જે, વળી [2]સગ નયને સપ્તભંગ ॥ મેરે૦ ॥ જિન મુખ પદ્મ દ્રહથકી, લહો જ્ઞાન પ્રવાહ સુગંગ ॥ મેરે૦ ॥ નાણુ૦ ॥ ૩ ॥

॥ ઇતિ સપ્તમ શ્રી જ્ઞાનપદપૂજા સમાપ્ત ॥

॥ અષ્ટમ શ્રી ચારિત્રપદપૂજા પ્રારંભ ॥

॥ દોહા ॥

ચારિત્ર ધર્મ નમો હવે, જે કરે કર્મ નિરોધ ॥
ચારિત્ર ધર્મ જસ મન વર્યો, સફલો તસ અવબોધ ॥૧॥

---

૧ તજવા યોગ્ય, જાણવા યોગ્ય અને આદરવા યોગ્ય હોય તે.
૨ સાતનય.

॥ ઢાળ ૧૫ મી ॥

(ટુક અને ટોડ વચેરે,મે દી કેરો છોડ,મેંદી રંગ લાગ્યો.—એ દેશી.)

ચારિત્ર પદ નમો આઠમે રે, જેહુથી ભવ ભય જાય ॥ સંયમ રંગ લાગ્યો ॥ સત્તર ભેદે છે જેહુના રે, સિતેર ભેદ પણુ થાય ॥ સયમ૦ ॥ ૧ ॥ સમિતિ ગુપ્તિ મહાવ્રત વળીરે, દશ ખંત્યાદિક ધર્મ ॥ સયમ૦ ॥ નાણુ કારય વિરતિય છે રે, અનુપમ સમતા શર્મ ॥ સંયમ૦ ॥ ૨ ॥ બાર કષાય ક્ષય ઉપશમે રે, સર્વ વિરતિ ગુણુઠાણુ ॥ સયમ૦ ॥ સંયમ ઠાણુ અસંખ્ય છે રે, પ્રણુમો ભવિક સુજાણુ ॥ સંયમ૦ ॥ ૩ ॥

॥ દોહા ॥

હરિકેશી મુનિ રાજીયો, ઉપન્યો કુલ ચંડાલ ॥
પણુ નિત્ય સુર સેવા કરે, ચારિત્ર ગુણુ અસરાલ ॥૨૦॥

॥ ઢાળ ૧૬ મી ॥

(સાહિબ કબ મીલે, સસનેહી પ્યારો હો સા.—એ દેશી.)

સયમ કબ મિલે, સસનેહી પ્યારો હો ॥સયમ૦॥ એ આંકણી ॥ શું સમકિત ગુણુ ઠાણુ ગંહારા, આતમસેં કરત વિચાર હો ॥ સયં૦ ॥ ૧ ॥ દોષ બહેતાલીશ શુદ્ધ આહારા, નવકલ્પી ઉગ્ર વિહારા હો ॥ સંયં૦ ॥ ૨ ॥ [1]સાહસ તેવીસ (૧૦૨૩) દોષ રહિત નિહારા ॥ આવશ્યક દોય વારા

---

૧ સ્થંડિલભૂમિ જવું.—(વડીનીતિ.)

હો ॥ સંયં૦ ॥ ૩ ॥ પરિસહ સહનાદિક પરકારા, એમ વહે વ્યવહારા હો ॥ સંયં૦ ॥ ૪ ॥ નિશ્ચય નિજ ગુણ વરણ ઉદારાં, લહુત ઉત્તમ ભવપારા હો ॥ સંયં૦ ॥ ૫ ॥ મોહાદિક પરભાવસે ન્યારા, દુગ નય સંયુત સારા હો ॥સંયં૦ ॥ ॥ ૬ ॥ પદ્મ કહે ઇમ સુણી ઉજમાલા, લહે શિવવધૂ વરહારા હો ॥ સંયમ૦ ॥ ૭ ॥

॥ ઇતિ અષ્ટમ શ્રી ચારિત્રપદ પૂજા સમાપ્ત ॥

॥ નવમ શ્રી તપ પદપૂજા પ્રારંભ ॥

॥ દોહા ॥

દ્રઢપ્રહારી હત્યા કરી, કિધાં કર્મ અઘોર ॥
તોપણ તપના પ્રભાવથી, કાઢયાં કર્મ કઠોર ॥ ૨૧ ॥

॥ ઢાળ ૧૭ મી ॥

(પુરૂષોતમ સમતા છે તાહરા ઘટમાં.—એ દેશી.)

તપ કરિયે સમતા રાખી ઘટમાં ॥ તપ૦ ॥ તપ [1]કરવાલ [2]કરાલ લે કરમાં, લડીએ કર્મ અરિભટમાં ॥ તપ૦ ॥ ૧ ॥ ખાવત પીવત મોક્ષ જે માને, તે સિરદાર બહુજટમાં ॥ તપ૦ ॥૨॥ એક અચરિજ [3]પ્રતિશ્રોતે તરતાં, આવે ભવસાયર તટમાં ॥ તપ૦ ॥ ૩ ॥ કાલ અનાદિકો કર્મ સંગતિથી,

---

૧ ખડગ. ૨ તીક્ષ્ણ. ૩ સામેપુરે.

જીઉ પડીયો જ્યું ખટપટમાં ॥ તપ૦ ॥ ૪ ॥ તાસ વિયોગ કરણુ એ કરણું, જેણે નવિ ભમિયે ભવતટમાં ॥ તપ૦ ॥ ॥ ૫ ॥ હોયે પુરાણુ તે કર્મ નિર્જરે, એ સમ નહિ સાધન ઘટમાં ॥ તપ૦ ॥ ૬ ॥ ધ્યાન તપે સવિ કર્મ જલાઇ, શિવ વધુ વરિયે ઝટપટમાં ॥ તપ૦ ॥ ૭ ॥

॥ દોહા ॥

વિઘ્ન ટળે તપ ગુણુ થકી, તપથી જાય વિકાર ॥
પ્રશંસ્યો તપ ગુણુ થકી, વીરે ધન્નો અણુઆર ॥ ૨૨ ॥

॥ ઢાળ ૧૮ મી ॥

(સચ્ચા સાંઇ હો, ડંકા જોર બજાયા હો.—એ દેશી.)

તપસ્યા કરતાં હો ડંકા જોર બજાયા હો ॥ એ આંકણી ॥ ઉજમણા તપ કેરા કરતાં, શાસન સોહ ચઢાયા હો ॥ વીર્ય ઉલ્લાસ વધે તેણે કારણુ, કર્મ નિર્જરા પાયા ॥તપ૦॥ ॥ ૧ ॥ અડસિદ્ધિ અણિમા લઘિમાદિક, તિમ લબ્ધિ અડવીસા હો ॥ વિષ્ણુકુમારાદિક પરે જગમાં, પામત જયત જગીશા ॥ તપ૦ ॥ ૨ ॥ ગૌતમ અષ્ટાપદ ગિરિ ચઢિયા, તાપસ આહાર કરાયા હો ॥ જે તપ કર્મ નિકાચિત તપવે, ક્ષમાસહિત મુનિ રાયા ॥ તપ૦ ॥ ૩ ॥ સાડા બાર વર્ષ જિન ઉત્તમ, વીરજી ભુમિ નઠાયા હો ॥ ઘોર તપે કેવળ લહ્યા તેહના, પદ્મવિજય નમે પાયા ॥ તપ૦ ॥ ૪ ॥

॥ ઇતિ નવમ શ્રી તપઃપદ પૂજા સમાપ્ત. ॥

॥ કળશ ॥ રાગ ધન્યાશ્રી ॥

આજ માહારે ત્રિભુવન સાહેબ ત્રૂઠો, અનુભવ અમૃત વૂઠો ॥ ગુણીઅનુયાયી ચેતના કરતાં, કિશુંઅ કરે મોહ રૂઠો ॥ ભાવ પ્રાણી હો ॥ આજ૦ ॥ ૧ ॥ એ નવપદનું ધ્યાન ધરંતાં, નવ નિધિ રૂદ્ધિ ઘરે આવે ॥ નવય નિયાણાનો ત્યાગ કરીને, નવ ક્ષાયિક પદ પાવે ॥ ભવિ૦ ॥ આજ૦ ॥ ૨ ॥ વિજયસિંહસૂરિ શિષ્ય અનુપમ, ગીતારથ ગુણ રાગી ॥ સત્ય વિજય તસ શિષ્ય વિબુધવર, કપૂરવિજય વડભાગી ॥ ભવિ૦ ॥ આજ૦ ॥ ૩ ॥ તાસ શિષ્ય શ્રી ખિમાવિજયવર, જિનવિજય પન્યાસ ॥ શ્રી ગુરૂ ઉત્તમવિજય સુશિષ્યેઃ, શાસ્ત્ર ભ્યાસ વિલાસ ॥ ભવી૦ ॥ આજ૦ ॥ ૪ ॥ ગજ વહ્નિ મદ ચંદ્ર (૧૮૩૮) સંવત્સર, મહા વદી બીજ ગુરૂવારો ॥ રહી ચોમાસું લિંબડી નગરે, ઉદ્યમ એહ ઉદારો ॥ ભવી૦ ॥ ॥ આજ૦ ॥ ૫ ॥ તપગચ્છ વિજય ધર્મસૂરિ રાજે, શાંતિ જીણંદ પસાયો ॥ *શ્રી ગુરૂ ઉત્તમ ક્રમ કજ અલિ સમ, પદ્મવિજય ગુણ ગાયો ॥ ભવી૦ ॥ આજ૦ ॥૬॥ ઇતી કળશ ॥

॥ ઇતિ પંડીત શ્રી પદ્મવિજયજી કૃત સમાપ્ત ॥

---

* શ્રી ઉત્તમવિજયજી નામે ગુરૂ મહારાજના ચરણ કમળમાં ભ્રમરની પેરે રસિક.

॥ કાવ્ય ॥ દ્રુતવિલંબિત વૃત્તમ્ ॥

વિમળ કેવળ ભાસન ભાસ્કરં, જગતિ જંતુ મહોદય કારણં ॥ જિનવરં બહુ માન જલૌઘનં, શુચિમનાઃ સ્નપયામિ વિશુદ્ધયે ॥ ઇતિ કાવ્યમ્ ॥

[આ કાવ્ય પ્રત્યેક પૂજાદીઠ કહેવું.]

સ્નાત્ર કરતા જગદ્ગુરૂ શરીરે, સકલ દેવે વિમલ કળશનીરે ॥ આપણા કર્મમલ દૂર કીધાં, તેણે તે વિબુધ ગ્રંથે પ્રસિદ્ધા ॥ ૨ ॥ હર્ષ ધરી અપ્સરા વૃંદ આવે, સ્નાત્ર કરી એમ આશીષ પાવે ॥ જિહાં લગે [1]સુરગિરિ [2]જંબુદીવો, અમ તણા નાથ દેવાધિ દેવો ॥ ૩ ॥

---

૧. મેરૂ પર્વત. ૨ જંબુદ્વીપ.

" શ્રી નવપદજીના—ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ સંગ્રહ. "

૧

શ્રી સિદ્ધચક્ર નમસ્કાર ચૈત્યવંદન.

જો ધુરી સિરિ અરિહંત, મૂલ દઢ પીઠ પઇઠ્ઠિયો;
સિદ્ધ સૂરી ઉવજ્ઝાય સાહુ, ચીહું પાસ ગરીઠ્ઠિયો. ૧
દંસણ નાણુ ચરિત્ત તવ હી, પડિસાહા સુંદરૂં;
તત્તખ્ખર સરવગ્ગ લદ્ધિ, ગુરૂપયદલ દુંબરૂ. ૨
દિસીપાલ જખ્ખ જખ્ખીણિ, પમુહ સુર કુસુમેહિં અલં;
સો સિદ્ધચક્ક ગુરૂ કપ્પતરૂ, અમ મન વંછિય ફલ દીયો. ૩

૨

બાર ગુણે અરિહત દેવ, પ્રણુમીજે ભાવે;
સિદ્ધ આઠ ગુણુ સમરતાં, દુખ દોહુગ જાવે. ૧
આચારજ ગુણુ છત્રીશ, પચવીશ ઉવજ્ઝાય;
સતાવીશ ગુણુ સાધુના, જપતાં શીવસુખ થાય. ૨
એમ અઠ્ઠોત્તર ગુણુ મળીએ, એમ સમરો નવકાર;
ધીરવિમલ પંડિતતણો, નય પ્રણુમે નિત્ય સાર. ૩

૩

" સામાન્ય જિન ચૈત્યવંદન. "

જય જય તું જિનરાજ આજ, મળીઓ મુજ સ્વામી;
અવિનાશી અકલંક રૂપ, જગ અંતરજામી. ૧

રૂપારૂપી ધર્મદેવ, આતમ આરામી;
ચિદાનંદ ચેતન અચિંત્ય, શીવલીલા પામી. ૨
સિદ્ધ બુદ્ધ તું વંદતા, સકળ સિદ્ધિ વર બુદ્ધ;
રામ પ્રભુ ધ્યાને કરી, પ્રગટે આતમ ઋદ્ધ. ૩
કાળ બહુ સ્થાવર ગમ્યો, ભમીયો ભવમાંહી;
વિકલેંદ્રિય માંહી વસ્યો, સ્થિરતા નહી કયાંહી. ૪
તિર્યંચ પંચેંદ્રિયમાહી દેવ, કરમે હું આવ્યો;
કરી કુકર્મ નરકે ગયો, તુમ દરીશન નહી પાયો. ૫
એમ અનંતકાળે કરીએ, પામ્યો નર અવતાર,
હવે જગતારક તુંહી મળ્યો, ભવજલ પાર ઉતાર. ૬

૪

શ્રી પાર્શ્વજિન ચૈત્ય વંદન.

જય ચિંતામણિ પાર્શ્વનાથ, જય ત્રિભુવનસ્વામી;
અષ્ટકર્મ રિપુ જીતીને, પંચમી ગતિ પામી. ૧
પ્રભુ નામે આનંદ કંદ, સુખ સંપત્તિ લહીએ;
પ્રભુ નામે ભવભયતણાં, પાતક સબ દહીએ. ૨
ૐ હ્રીં વર્ણ જોડી કરીએ, જપીએ પાર્શ્વ નામ;
વિષ અમૃત થઇ પરગમે, લહિએ અવિચલ ઠામ. ૩

૫

" શ્રી ઋષભ જિન ચૈત્યવંદન "

જય જય નાભિનરિંદનંદ, સિદ્ધાચલમંડણ,
જય જય પ્રથમજિણંદચંદ, ભવદુઃખવિહંડણ. ૧

જય જય સાધુ સુરિંદવૃંદ, વંદિઅ પરમેસર;
જય જય જગદાનદકંદ, શ્રી ઋષભ જિણેસર. ૨
અમૃત સમ જિન ધર્મનોએ, દાયક જગમાં જાણ;
તુજ પદપંકજ પ્રીતધર, નિશદિન નમત કલ્યાણ. ૩

૬

શ્રી પુંડરિકજીનું ચૈત્યવંદન.

આદીશ્વર જિનરાયનો, ગણધર ગુણવંત;
પ્રગટ નામ પુંડરિક જાસ, મહીમાહે મહંત. ૧
પંચ ક્રોડ સાથે મુણીંદ, અણસણ જીહાં કીધ,
શુકલ ધ્યાન ધ્યાતા અમૂલ, કેવલ તીહાં લીધ. ૨
ચૈત્રિ પૂનમને દીન એ પામ્યા પદ મહાનંદ;
તે દિનથી પુંડરિકગિરિ, નામ દાન સુખકંદ. ૩

૬

ચોવિશ જિન ચૈત્યવંદન.

નમો આદિ અરિહંત દેવ, દેવ દેવન પતિરાયા;
જાસ ચરણ અવલંબ, ગુણાધિપ ગુણ નિજ પાયા. ૧
ધનુષ પંચ શતમાન, સપ્ત કર પરિમિત કાયા;
વૃષભ આદિ અરૂ અંત, મૃગાધિપ ચરણ સુહાયા. ૨
આદિ અંત અરૂ મધ્ય, જિન ચોવિશ ઇમ ધ્યાઇએ;
ચિદાનંદ તસ ધ્યાનથી, અવિચલ લીલા પાઇએ. ૩

૮

શ્રી અષ્ટમીનું ચૈત્યવંદન.

માહા સુદી આઠમ દિને, વિજ્યાસુત જાયો;
તેમ ફાગણ સુદી આઠમે, સંભવ ચવી આવ્યો. ૧

ચૈતર વદની આઠમે, જન્મ્યા ઋષભજિણંદ;
દીક્ષા પણ તે દિન લહી, હુઆ પ્રથમ મુનિચંદ. ૨
માધવ[1] સુદી આઠમ દીને, આઠ કર્મ કર્યાં દૂર;
અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપૂર. ૩
એહિજ આઠમ ઉજલી, જન્મ્યા સુમતિ જિણંદ;
આઠ જાતિ કળશે કરી, નવરાવે સુર ઇંદ્ર. ૪
જન્મ્યા જેઠ વદી આઠમે, મુનિસુવ્રત સ્વામી;
નેમ આષાડ સુદી આઠમે, અષ્ટમી ગતિ[2] પામી. ૫
શ્રાવણ વદની આઠમે, નમિ જન્મ્યા જગભાણ;
તેમ શ્રાવણ સુદી આઠમે, પાસજીનું નિરવાણ. ૬
ભાદરવા વદિ આઠમ દીને, ચવિયા સ્વામી સુપાસ,
જિન ઉત્તમ પદ પદ્મને, સેવ્યાથી શિવ વાસ. ૭

જિન પૂજાનું ચૈત્યવંદન.

પ્રણમી શ્રી ગુરૂરાજ આજ, જિન મંદિર કેરો,
પૂન્ય ભણી કરશું સફલ, જિન વચન ભલેરો.
દેહરે જાવા મન કરે, ચોથતણું ફળ પાવે;
જિન જુહારવા ઉઠતાં, છઠ્ઠ પોતે આવે;
જાઇશું જિનવર ભણીએ માર્ગ ચાલતાં;
હોવે દ્વાદશતણું પૂન્ય, ભક્તિ માલંતા;
અધપંથ જિનવર તણોએ, પંદરે ઉપવાસ;
દીઠા સ્વામીતણો ભુવન, લહીએ એક માસ.
જિનવર પાસે આવતા, છમાશી ફળ સિદ્ધ આવ્યા જિન-

૧ વૈશાખ ૨ મોક્ષ

વર બારણે વર્ષી તપ ફળ લીધ ॥ સો વર્ષ ઉપવાસ પૂન્ય પ્રદક્ષિણા દેતાં ॥ સહસ વર્ષ ઉપવાસ પૂન્ય, જે નજરે જોતાં ॥ ફલ ઘણો ફુલની માલ, પ્રભુ કંઠે ઠવતાં ॥ પાર ન આવે ગીત નાદ, કેરાં ફલ થુંણતા ॥ શિર પૂજી પૂજા કરીએ, સૂર ધૂપતણો ધૂપ ॥ અક્ષત સાર તે અક્ષય સુખ, દીપ તનું રૂપ ॥ નિર્મલ તન મને કરીએ, થુણતાં ઇંદ્ર જગીશ ॥ નાટયક ભાવના ભાવતાં, પામે પદવી જગીશ ॥ જિનવર ભક્તિ વલીએ, પ્રેમે પ્રકાશી ॥ સુણી શ્રી ગુરૂ વયણ સાર, પૂર્વે રૂષિ ભાખી ॥ અષ્ટ કર્મને ટાળવા, જિન મંદિર જઇશું ॥ ભેટી ચરણ ભગવંતના, હુવે નિર્મલ થઇશું ॥ કિર્તિ વિજય ઉવજઝાયનો, વિનય કહે કરજોડ ॥ સફલ હોજો મુજ વિનતિ, જિન સેવાનું કોડ ॥ ઇતિ ॥

॥ શ્રી સિદ્ધચક્રજીનું ચૈત્યવંદન ॥

શ્રી સિદ્ધચક્ર આરાધતાં, સુખ સંપત્તિ લહીએ સુરતરૂ સુરરમણી થકી, અધિકજ મહિમા કહીએ ॥ ૧ ॥ અષ્ટ કર્મ હાંણી કરી, શિવ મંદીર રહીએ ॥ વિધિશું નવપદ ધ્યાનથી, પાતીક સવી દમીએ ॥ ૨ ॥ સિદ્ધ ચક્ર જે સેવશે એક મના નરનાર મનવંછિત ફલ પામશે, તે સવિ ત્રિભોવન મોજાર ॥ ૩ ॥ અંગદેશ ચંપાપુરી, તસકેરો ભૂપાલ ॥ મયણાં સાથે તપતપે, તે કુંવર શ્રીપાલ ॥ ૪ ॥ સિદ્ધચક્રજીના નમન થકી, જસ નાઠા રોગ ॥ તતક્ષણ ત્યાંથી તે

લહે, શિવ સુખ સંજોગ ॥ ૫ ॥ સાતસેં કોડી હોતા, હુવા નીરોગી જેહ ॥ સોવન વાને જલહલે, જેહની નીરૂપમ દેહ ॥ ૬ ॥ તેણે કારણ તમે ભવીજનો, પ્રહ ઉઠી ભક્તે ॥ આસોમાસ ચૈત્ર થકી, આરાધો જુગતે ॥ ૭ ॥ સિદ્ધ ચક્ર ત્રણ કાળના, વંદો વલી દેવ ॥ પડિકમણું કરી ઉભયકાલ, જિનવર મુનિ સેવ ॥ ૮ ॥ નવપદ ધ્યાન હૃદયે ધરો, પ્રતિપાલો ભવિ શિયલ ॥ નવપદ આંબિલ તપ તપો, જેમ હોય લીલમ લીલ ॥ ૯ ॥ પહેલો પદ અરિહંતનો, નિત્ય કીજે ધ્યાન ॥ બીજો પદ વલી સિદ્ધનો, કરીએ ગુણ ગ્રામ ॥ ૧૦ ॥ આચારજ ત્રીજે પદ, જપતાં જય જયકાર ॥ ચોથો પદ ઉવઝાયનો, ગુણ ગાઉ ઉદાર ॥ ૧૧ ॥ સરવ સાધુ વંદુ સહી, અઢી દ્વીપમાં જેહ ॥ પંચમ પદમાં તે ધરજો ધરી સ્નેહ ॥ ૧૨ ॥ છઠે પદે દંસણ નમું, દરસન અજવાલું ॥ જ્ઞાનપદનું સાતમે, તેમ પાપ પખાલું ॥૧૩॥ આઠમે પદ રૂડે જપું, ચારિત્ર સુસંગ ॥ નવમેં પદ બહુ તપતપો, જિમ ફળ લહો અભંગ ॥ ૧૪ ॥ એહી નવપદ ધ્યાનથી, જપતાં નાસે કોડ । પંડિત ધીર વિમલ તણો, નય વંદે કર જોડ ॥ ૧૫ ॥ ઇતિ

અથ શ્રી સિદ્ધચક્રજીનાં સ્તવનો.

પ્રથમ સ્તવન.

॥ તમે પીતાંબર પહેર્યાજી મુખને મરકલડે ॥ એ દેશી ॥

શ્રી સિદ્ધચક્રને વંદોજી, મનોહર મનગમતાં.
જે અવિચલ સુખનો કંદોજી ॥ મનો ॥
માસ આસોએ મધુરે સોહાવેજી ॥ મનો ॥
ભવી આદરો તમે ભલે ભાવેજી ॥ મનો ॥ ॥ ૧ ॥
નવ આંબિલ તપ કીજેજી ॥ મનો ॥
તો અવિચલ સુખડાં લીજેજી ॥ મનો ॥
સુદી સાતમથી તમે માંડીજી ॥ મનો ॥
ઘરના આરંભ સવી છાંડીજી ॥ મનો ॥ ॥ ૨ ॥
પહેલે પદે અરિહંત સેવોજી ॥ મનો ॥
આપે મુક્તિનો મેવોજી ॥ મનો ॥
બીજે પદે સિદ્ધ સોહાવેજી ॥ મનો ॥
મન શુદ્ધે પૂજો ભલે ભાવેજી ॥ મનો ॥ ॥ ૩ ॥
આચાર્ય ત્રીજે પદે નમોજી ॥ મનો ॥
તમે ક્રોધ કષાયને દમોજી ॥ મનો ॥
ઉવજઝાય તે ચોથો વંદોજી ॥ મનો ॥
સાધુ પાંચમે દેખી આણંદોજી ॥ મનો ॥ ॥ ૪ ॥

છઠ્ઠે દરિસણ જાણોજી ॥ મનો ॥
શ્રી જ્ઞાનને સાતમે વખાણોજી ॥ મનો ॥
ચારિત્રપદ આઠમે સોહેજી ॥ મનો ॥
વલી નવમે તપ મન મોહેજી ॥ મનો ॥ ॥૫॥
રસ ત્યાગે આંબિલ કીજેજી ॥ મનો ॥
તો મુક્તિ તણા ફલ લીજેજી ॥ મનો ॥
સંવત્સર યુગ ષટ માસેજી ॥ મનો ॥
તપ કીજે મનને ઉલ્લાસેજી ॥ મનો ॥ ॥૬॥
એતો મયણાં ને શ્રીપાળજી ॥ મનો ॥
તપ કીધુ થઇ ઉજમાળજી ॥ મનો ॥
તેનો કોઢ શરીરનો ટાળ્યે.જી ॥ મનો ॥
જગમાં જસ વાસ પ્રગટાયોજી ॥ મનો ॥ ॥૭॥
પચમ કાળે તુમે જાણોજી ॥ મનો ॥
પ્રગટ પરછો પરમાણોજી ॥ મનો ॥
એનું ગરણું બે હજારજી ॥ મનો ॥
તમે ધારો હૃદય મોઝારજી ॥ મનો ॥ ॥૮॥
નરનારી એ પદ ધ્યાવેજી ॥ મનો ॥
તેતો સંપદ સઘલી પાવેજી ॥ મનો ॥
મુનિ રત્ન સુંદર સુપસાયજી ॥ મનો ॥
સેવક મોહન ગુણ ગાયજી મનોહર મન ગમતાં ॥૯॥
॥ ઇતિ ॥

॥ ૨ સ્તવનમ્ ॥

॥ આછેલાલની દેશી ॥

નવપદ મહિમા સાર, સાંભળજો નર નાર ॥ આછેલાલ ॥ હેત ધરી આરાધીયેજી ॥ તો પામો ભવપાર, પુત્ર કલત્ર પરિવાર ॥ આ૦ ॥ નવપદ મંત્ર આરાધીયેજી ॥૧॥ એ આંકણી ॥ આસો માસ વિચાર, નવ આંબિલ નિરધાર ॥ આ૦ ॥ વિધિશું જિનવર પૂજીયેજી ॥ અરિહંત સિદ્ધપદ સાર, ગણણું જી તેરહજાર ॥ આ૦ ॥ નવપદનું ઇમ કીજીયેજી ॥ ૨ ॥ મયણાસુંદરી શ્રીપાલ, આરાધ્યો તત્કાલ ॥ આ૦ ॥ ફલદાયક તેહને થયોજી ॥ કંચનવરણી કાય, દેહી તેહની થાય ॥ આ૦ ॥ શ્રીસિદ્ધચક્ર મહિમા કહ્યોજી ॥ ૩ ॥ સાંભલી સહુ નરનાર, આરાધો નવકાર ॥ આ૦ ॥ હેત ધરી હૈયડે ઘણુંજી ॥ ચૈત્રમાસે વળી એહ, નવપદશું ધરો નેહ ॥ આ૦ ॥ પૂજો દે શિવસુખ ઘણુંજી ॥ ૪ ॥ ઇણિપેરે ગૌતમસ્વામ, નવનિધિ જેહને નામ. ॥ આ૦ ॥ નવપદ મહિમા વખાણીયોજી ॥ ઉત્તમ સાગર શિષ્ય, પ્રણમે તે નિશદીસ ॥ આ૦ ॥ નવપદ મહિમા જાણીયોજી ॥ ૫ ॥

॥ ૩ સ્તવનમ્ ॥

" જગજીવન જગ વાલહો " એ રાગ.

શ્રી સિદ્ધચક્ર આરાધીયે, શિવ સુખકરફલ સહકાર લાલરે;

જ્ઞાનાદિક ત્રણ રત્નનું, તેજ ચઢાવણ હાર લાલરે
॥ શ્રી સિ૦ ॥ ૧ ॥
ગૌતમે પૂછયું તાકહ્યો, વિરજીણંદ વિચાર લાલરે;
નવપદ મંત્ર આરાધતા, ફળ લહે ભવિક અપાર લાલરે.
॥ શ્રી સિ૦ ॥ ૨ ॥
ધર્મ રથના ચાર ચક્ર છે, ઉપશમ ને સુવિવેક લાલરે,
સંવર ત્રીજું જાણીયે, ચોથું સિદ્ધચક્ર છેક લાલરે.
॥ શ્રી સિ૦ ॥ ૩ ॥
ચક્રિ ચક્ર એ રથ બલે, સાધે સયલ છ ખંડ લાલરે;
તિમ સિદ્ધચક્ર પ્રભાવથી, તેજ પ્રતાપ અખંડ લાલરે
॥ શ્રી સિ૦ ॥ ૪ ॥
મયણાં ને શ્રીપાલજી, જપતાં બહુ ફલ લીધ લાલરે;
ગુણ જસવંત જિનેદ્રને, જ્ઞાન વિનોદ પ્રસિદ્ધ લાલરે.
શ્રી સિદ્ધચક્ર આરાધીયે૦ ॥ ૫ ॥

॥ શ્રી નવપદજીનું સ્તવન્ ॥

નવપદ ધ્યાન સદા જયકારી ॥ એ આંકણી ॥
અરિહુત સિદ્ધ આચારજ પાઠક; સાધુ દેખો ગુણરૂપ ઉદારી ॥ નવપદ૦ ॥ ૧ ॥ દરશન જ્ઞાન ચારિત્ર હે ઉત્તમ, તપ હોય ભેદે હૃદય વિચારી. ॥ નવ૦ ॥ ૨ ॥ મત્ર જડીઓર તંત્ર ઘણેરા, ઉન સબકુ હુમ દૂર વિસારી ॥ નવ૦ ॥ ૩ ॥ બહોત જીવ ભવજલસે તારે, ગુણ ગાવત હે બહુ નર નારી ॥

નવ૦ ॥ ૪ ॥ શ્રી જિનભક્ત મોહન મુનિ વંદન, દિન-દિન ચડતે હરખ અપારી. ॥ નવ૦ ॥ ૫ ॥

॥ શ્રી નવપદજીનું સ્તવન ॥

નવપદ ધરજો ધ્યાન, ભવી તુંમે નવપદ ધરજો ધ્યાન; એ નવપદનું ધ્યાન કરંતાં, પામે જીવ વિસરામ. ભવી. ૧ અરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ સકળ ગુણવાન. ભવી. ૨ ॥ દર્શન જ્ઞાન ચારિત્ર એ ઉત્તમ, તપ તપો કરી બહુમાન. ભવી. ૩ આસો ચૈત્રની સુદ સાતમથી, પૂનમ લગે પરમાન. ભવી. ૪ એમ એકાસી આંબિલ કીજે, વરસ સાડાચારનું માન. ભવી. ૫ પડિકકમણાં દોય ટંકના કીજે, પડિલેહણ બે વાર. ભવી. ૬ દેવવંદન ત્રણ ટંકનાં કીજે, દેવ પૂજો ત્રિકાલ. ભવી. ૭ બાર આઠ છત્રીસ પચવીસનો, સત્તાવી સડસઠ સાર. ભવી. ૮ એકાવન સીતેર પચાસનો, કાઉસગ્ગ કરો સાવધાન. ભવી. ૯ એક એક પદોનું ગણણું, ગણીએ દોય હજાર. ભવી. ૧૦ એની વિધેજ એ તપ આરાધે, તેમ પામે ભવપાર. ભવી. ૧૧ કરજોડી સેવક ગુણ ગાવે, મોહન ગુણ મણિમાળ. ભવી. ૧૨ તાસ શિષ્ય મુનિ હેમ કહે છે, જન્મ મરણ દુખવાર. ભવી તુમે નવપદ ધરજો ધ્યાન. ૧૩

॥ નવપદ સ્તવન. ॥

વીરજીણુંદની વાણી, ચિત્ત ધરજો અમિઅસમાણી;
હો ભવીયાં, નવપદ નિત્ય નિત્ય સેવો. ॥ ૧ ॥
અરિહંત પદ સુખકારી, બીજે સિદ્ધ નમો હિતકારી;
હો ॥ ભ૦ ॥ ન૦ ॥ ૨ ॥
આચારજ સુવિચારી, ઉવઝાય તે શ્રુત ઉપકારી હો;
॥ ભ૦ ॥ ન૦ ॥ ૩ ॥
સત્તાવીશ ગુણધારી, એસે સાધુ નમો બ્રહ્મચારી હો;
॥ ભ૦ ॥ ન૦ ॥ ૪ ॥
દંસણ નાણ નમીજે, વલી ચારિત્ર મહા તપ લીજે હો;
॥ ભ૦ ॥ ન૦ ॥ ૫ ॥
કર્મ ગહન તપ કાપે, એતો મનવંછીત સુખ આપે હો;
॥ ભ૦ ॥ ન૦ ॥ ૬ ॥
સમર્યો સંકટ ભાજે, જસુ દિન દિન મંગળ છાજે હો;
॥ ભ૦ ॥ ન૦ ॥ ૭ ॥
નવપદ જે નર ધ્યાવે, તે તો સુરનર શિવસુખ પાવે હો;
॥ ભ૦ ॥ ન૦ ॥ ૮ ॥
ભક્તિ વિલાસે જે આવે, તેતો સુરનર શિવસુખ પાવે હો;
॥ ભ૦ ॥ ન૦ ॥ ૯ ॥

નવપદ સ્તવન.

અહો ભવી પ્રાણીરે સેવો, સિદ્ધચક્ર ધ્યાન સમો નહી મેવો;
॥ અહો ॥ એ આકણી. ॥

જે કોઇ સિદ્ધચક્રને આરાધે, તેહનો જગમાંહી જસ વાધે ॥અ.॥૧
પહેલે પદેરે અરિહંત, બીજે સિદ્ધ બુદ્ધ ધ્યાન મહંત;
ત્રીજે પદેરે સૂરીશ, ચોથે ઉવઝાય ને પાંચમે મુનિશ. અ. ૨
છઠ્ઠે દંસણરે કીજે, સાતમે જ્ઞાનથી શિવસુખ લીજે;
આઠમે ચારિત્ર પાળો, નવમે તપથી મુક્તિ જાવો. અ. ૩
આંબિલ ઓળીરે કીજે, નોકારવાળી વીશ ગણીજે;
ત્રણે ટંકનારે દેવો, પડિલેહણ પડિક્કમણું આંબિલ. અ. ૪
ગુરૂમુખ કિરિયારે કીજે, દેવગુરૂ ભકિત ચિત્તમાં ધરીજે;
એમ કહે રામનારે શીષ્યો, ઉજવીએ જગીશો. અ. ૫

શ્રી પદ્મવિજયજી કૃત શ્રી સિદ્ધચક્ર સ્તવન.

સિદ્ધચક્ર વર સેવા કીજે, નરભવ લાહો લીજેજીરે,
વિધિ પૂર્વક આરાધન કરતા, ભવભવ પાતીક છીજે;
ભવિજન ભજીયેજીરે, અવર અનાદિની ચાલ,
નિત્ય નિત્ય તજિયેજીરે. એ આંકણી. ॥ ૧ ॥
દેવનો દેવ દયાકર ઠાકર, ચાકર સુરનર ઇંદજી,
ત્રિગડે ત્રિભુવન નાયક બેઠા, પ્રણમો શ્રી જિનચંદ. ભ. ૨
અજ અવિનાશી અકળ અજરામર, કેવળ દંસણ નાણીજી,
અવ્યાબાધ અનંતુ વીર્યજ, સિદ્ધ પ્રણમો ગુણખાણી. ભ. ૩
વિદ્યા સૌભાગ્ય લક્ષ્મી પીઠ, મંત્ર રાજયોગ પીઠજી,
સુમેરૂ પીઠ એ પંચ પ્રસ્થાને, નમો આચારજ ઈઠ. ભ. ૪

અંગ ઉપાંગ નંદી અનુયોગા, છ છેદને મૂળ ચારજી,
દસ પયન્ના એમ પણયાલીસ, પાઠક તેહના ધાર ભ. ૫
વેદ ત્રણ ને હાસ્યાદિક ષટ, મિથ્યાત્વ ચાર કષાયજી,
ચઉદ અભ્યંતર નવવિધ બાહ્યની, ગ્રંથીત જે તજે મુનિરાજ. ભ.૬
ઉપશમ ક્ષય ઉપશમ ને ક્ષાયક, દર્શન ત્રણ પ્રકારજી,
શ્રદ્ધા પરિણતિ આતમ કેરી, નમિયે વારંવાર. ભ. ૭
અઠાવીશ ચઉદ ને ષટ દુગ એક, મત્યાદિકના જાણજી,
એમ એકાવન ભેદે પ્રમાણો, સાતમે પદ વર નાણ. ભ. ૮
નિવૃત્તિ ને પ્રવૃત્તિ ભેદે, ચારિત્ર છે વ્યવહારજી,
નિજગુણ સ્થિરતા ચરણ તે પ્રણમો, નિશ્ચે શુદ્ધ પ્રકાર. ભ. ૯
બાહ્ય અભ્યતર તપ તે સંવર, સમતા નિર્જરા હે હેતુજી;
તે તપ નમિયે ભાવ ધરીને, ભવસાયરમાં સેતુ. ભ. ૧૦
એ નવપદમાં પણ છ ધરમી, ધર્મ તે વરતે ચારજી;
દેવગુરૂને ધર્મ તે એહમા, દો તિન ચાર પ્રકારે. ભ. ૧૧
મારગ દેશક અવિનાશીપણું, આચાર વિનય સંકેતેજી;
સહાયપણુ ધરતા સાધુજી, પ્રણમો એહીજ હેતે. ભ. ૧૨
વિમળેશ્વર સાનિધ્ય કરે તેહની, ઉત્તમ જે આરાધેજી;
પદ્મવિજય કહે તે ભવિ પ્રાણી, જિન આતમ હિત સાધે;
ભવિજંન ભજિયેજી, અવર અનાદિની ચાલ,
નિત્ય નિત્ય તજીએજીરે ॥ ૧૩ ॥ ઇતિ.

" શ્રી આંબિલની ઓળીનું સ્તવન. "

અવસર પામીનેરે કીજે નવ આંબિલની ઓલી;
ઓલી કરતાં આપદ જાયે, ઋદ્ધિ સિદ્ધિ લહીએ બહુલી. અ. ૧
આસો ને ચૈત્રે આદરશું, સાતમથી સંભાળીરે;
આળસ મેલી આંબિલ કરશે, તસ ઘર નિત્ય દીવાળી. અ. ૨
પુનમને દિન પૂરી થાતે, પ્રેમશું પખાલીરે;
સિદ્ધચક્રને શુદ્ધ આરાધી, જાપ જપે જપ માળી. અ. ૩
દેહરે જઇને દેવ જુહારો, આદિશ્વર અરિહંતરે;
ચોવિશે ચાહીને પૂજો, ભાવશું ભગવંત. અ. ૪
બે ટકે પડિક્કમણું બોલ્યું, દેવ વંદન ત્રણ કાલરે;
શ્રી શ્રીપાલ તણી પરે સમજી, ચિત્તમાં રાખો ચાલ. અ. ૫
સમકિત પામી અતરજામી, આરાધો એકાંતરે;
સ્યાદ્વાદ પથે સંચરતાં, આવે ભવનો અત. અ. ૬
સત્તર ચોરાણુયે શુદિ ચૈત્રીયે, બારસે બનાવીરે.
સિદ્ધ ચક્ર ગાતાં સુખ સપતિ, ચાલીને ઘેર આવે. અ. ૭
ઉદયરત્ન વાચક એમ જપે, જે નર નારી ચાલેરે;
ભવની ભાવઠ તે ભાંજીને, મુક્તિપૂરીમાં મ્હાલે. અ. ૮

" શ્રી સિદ્ધચક્ર સ્તવન. "

રાગ પ્રભાતી.

નવપદ ધ્યાન ધરોરે, ભવિકા. ન. ॥
મન વચ કાયા કર એકંતે, વિકથા દૂર હરોરે ॥ ભ. ॥ ૧

મંત્ર જડિ ઓર તંત્ર ઘણેરા, ઇન સબકું વીસરોરે;
અરિહંતાદિક નવપદ જપને, પુણ્ય ભંડાર ભરોરે ॥ ભ. ॥ ૨
અડસિદ્ધ નવનિધ મંગળ માળા, સંપત્તિ સહજ વરોરે.
લાલચંદ યાકી બલિહારી, શિવ તરૂ બીજ ખરોરે. ॥ ભ. ॥ ૩
ઇતિ.

શ્રી સંખેશ્વરજી સ્તવન.

હુંગીઆલી.

સહજાનંદી શિતલ સુખ ભોગીતો, હરિ દુઃખ હરિશતાવરી;
કેશર ચંદન ઘોલી પૂજોરે કુસુમે. એ ટેક.
અમૃતવેલીના વૈરીની બેટી તો, કતહાર તેહનો અરિ, કે૦૧
તેહના સ્વામીની કાંતાનું નામતો, એકવર્ણે લક્ષણ ભરી; કે૦
તે ધુરથાપીને અ.ગલ ઠવિયેતો, ઉષ્માણ ચંદ્રક ખંધરી. કે૦૨
સ્પર્શનો વર્ણ તે નયન પ્રમાણેતો, માત્રા સુંદર શિરધરી કે૦
વિસરાજ સૂત દાહુક નામે તો, તિગ વર્ણાદિ દૂરે કરી, કે૦૩
એકવીશમે સ્પર્શે ધુરીકરણ તો, આર્થાભિધ તે સમહરી કે૦
અંતસ્થે બીજો સ્વર ટાલીતો, શિવગામી ગતિ આચરી કે૦૪
વીશ સ્પર્શ વલી સંયમ માનેતો, આદિકરણ ધરી દિલધરી કે૦
ઇણનામે જિનવર નિત્ય ધ્યાવુંતો, જિનહર જનકુ પરિહરી કે૦૫
ત્ર્યંબકે દહ્યો વૃષજન બોલેતો, વાત એ દિલમાં ન ઉતરી, કે૦
અજ ઇશ્વરપણ સિતાની આગે તો, જાસ વિવશ નટતા ધરી. કે૦૬
તે જિન તસ્કર તું જિનરાજાતો, હરિ પ્રણમે તુજ પાઉપરી; કે૦

બાલપણે ઉપગારે હરિપતિ, સેવન છલ લંછન હરિ. કે૦૭
પ્રભુ પ્રત્યયક જશખિહોત રહિયેતો,ભવભવમાં નહિ શલિકલિ કે૦
મન મંદિર મહારાજ પધારે તો, હરી ઉદયે ન વિભાવરી; કે૦૮
સારંગમાં ચપા જ્યું ઝરકત, ધ્યાન અનુભવ લહરી, કે૦
શ્રી શુભ વીરવિજય શિત્ર વહુનેતો, ઘર તેડતાં દોય ઘરી. કે૦૯

ચંદ્રવદની મૃગલોયણી, એતો સજી સોલ શણુગારરે;
એતો આવી જગગુરૂ વાંદવા, ધરી હૈયડે હરખ અપારરે. અ.૧
હારે એતો મુક્તાફળ મુઠી ભરી, રચે ગહુલી પરમ ઉદારરે;
જિહાં વાણી યોજનગામિની, ઘન વરસે અખડિત ધારારે. અ ૨
હાંરે જિહાં રજત કનક રતનના, સુર રચિત ત્રણ પ્રકારરે;
તસ મધે મણિ સિહાસને, શોભિત શ્રી જગદાધારરે. અ.૩
હાંરે જિહા નરપતિ ખગપતિ લખપતિ, સુરપતિ ચુત
પરખદા બારરે.
લબ્ધિનિધાન ગુણ આગરૂ, જિહાં ગૌતમસે ગણધારરે. અ.૪
હારે જિહાં જીવાદિક નવતત્વનો, ષટ્દ્રવ્ય ભેદ વિસ્તારરે,
એતો શ્રવણ સુણી નિર્મલ કરે, નિજબોધ બિજ સુખકારરે. અ.૫
હાંરે જિહાં તીન છત્ર ત્રિભુવન (દિત,સુર ઢાલત ચામર ચારરે;
સખી ચિદાનંદકી બંદના, તસ હોજો વારંવારરે; અ.૬

॥ શ્રી સિદ્ધચક્ર સ્તુતિ ॥

વીર જીનેશ્વર અતિ અલવેસર, ગૌતમ ગુણના દરિયાજી;
એક દિન આણા વીરની લઇને, રાજગ્રહી સંચરીયાજી.
શ્રેણિક રાજા વંદન આવ્યા, ઉલટ મનમાં આણીજી;
પર્ષદા આગલ બાર બિરાજે, હવે સુણો ભવી પ્રાણીજી. ૧
માનવ ભવ તુમે પુન્યે પામ્યા, શ્રી સિદ્ધ ચક્ર આરાધોજી;
અરિહંત સિદ્ધ સૂરિ ઉવ્વઝાયા, સાધુ દેખી ગુણ વાધેજી.
દરસણ નાણ ચારિત્ર તપ કીજે, નવપદ ધ્યાન ધરીજેજી;
ધુર આસોથી કરવા આંબિલ, સુખ સંપદા પામીજેજી. ૨
શ્રેણિકરાય ગૌતમને પૂછે, સ્વામીએ તપ કેણે કીધોજી;
નવ આંબિલ તપ વિધિશું કરતાં, વંછિત સુખ કોણે લીધોજી.
[1]મધુરી ધ્વની બોલ્યા શ્રી ગૌતમ, સાભળો શ્રેણિકરાય વયણાજી;
રોગ ગયો ને સંપદા પામ્યા, શ્રી શ્રીપાળ ને મયણાંજી. ૩
રૂમ ઝુમ કરતી પાયે નેઉર, દીસે દેવી રૂપાલીજી;
નામ ચક્કેસરીને સિદ્ધાઈ, આદિ જીનવર રખવાલીજી.
વિઘ્ન કોડ હરે સહુ સંઘનાં, જે સેવે એના પાયજી;
ભાણવિજય કવિ સેવક નય કહે, સાનિધ કરજો માયજી. ૪

॥ સિદ્ધચક્ર સ્તુતિ ॥

શ્રી સિદ્ધચક્ર સેવો સુવિચાર, આણી હૈયડે હરખ અપાર,
જીમ લહો સુખ શ્રીકાર, મન શુદ્ધે ઓલી તપ કીજે;

---

૧ મીઠી વાણી

અહોનશ નવપદ ધ્યાન ધરીજે, જિનવર પુજા રચિજે,
પડિક્કમણાં દોય ટંકના કીજે, આઠે થુઇએ દેવ વદીજે.
ભૂમિ સંથારો કીજે, મૃષા તણો કીજે પરિહાર,
અંગે શિયલ ધરીજે સાર, દીજે દાન અપાર ૧
અરિહંત સિદ્ધ આચાર્ય નમીજે, વાચક સર્વે સાધુ વંદીજે,
દંસણ નાણ સુણીજે, ચારિત્ર તપનું ધ્યાન ધરીજે;
અહોનિશિ નવપદ ગણુણું ગણીજે, નવ આંબિલ પણ કીજે,
નિશ્ચલ રાખી મન હો નિશ્ચ, જપીએ પદ એક એક ઇશ;
નોકારવાલી વીશ; છેલ્લે આંબિલ મોટો તપ કીજે,
સત્તરભેદી જિન પૂજા રચીજે, માનવ ભવ લાહો લીજે. ૨
સાતસેં કુષ્ટિયોના રોગ, નાઠા યત્ર નમણ સંજોગ,
દૂર હુઆ કર્મના ભોગ, અઢારે ૪ષ્ટ દુરે જાએ,
દુઃખ દોહગ દુર પલાએ, મન વછિત સુખ થાય,
નિરધનીયાને દે બહુ ધન્ન, અપુત્રિયાને દે પુત્ર રતન,
સેવે શુદ્ધ મન, નવકાર સમો નહી કોઇ મત્ર:
સેવો ભવિ હરખત. ૩
જિમ સેવ્યાં મયણાં શ્રીપાળ, ઊમર રોગ ગયો સુખ રસાલ,
પામ્યા મંગળમાળ, શ્રીપાલતણી પેરે જે આરાધે;
દીન દીન દોલત તસ ઘર વાધે, અતિ શિવ સુખ સાધે,
વિમલેશ્વર યક્ષ સેવા સારે, આપદા કષ્ટને દૂર નિવારે;
દોલત લક્ષ્મી વાધે, મેઘવિજય કવિયણના શિષ્ય,
આણી હૈયડે ભાવ જગદીશ, વિનય વદે નિશદીશ. ૪

શ્રી સિધ્ધચક્રની સ્તુતિ.

જિનશાસન વંછીત, પૂરણ દેવ રસાલ,
ભાવે ભવી ભણીયે, સિદ્ધચક્ર ગુણમાલ,
તિહું કાલે એહની, પૂજા કરે ઉજમાલ,
તે અમર અમરપદ, સુખ પામે સુવિશાલ. ૧
અરિહંત સિદ્ધ વંદો, આચારાજ ઉવઝાય,
મુનિ દરિસણ નાણ, ચરણ તપ એ સમુદાય,
એ નવપદ સમુદિત, સિદ્ધચક્ર સુખદાય,
એ ધ્યાને ભવિનાં, ભવ કોટિ દુખ જાય ૨
આસો ચૈતરમાં, સુદિ સાતમથી સાર,
પૂનમ લગે કીજે, નવ આંબિલ નિરધાર,
દોય સહસ ગણેવું, પદ સમ સાડાચાર;
એકાશી આંબિલ તપ, આગમને અનુસાર. ૩
સિદ્ધચક્રનો સેવક, શ્રી વિમલેસર દેવ,
શ્રીપાલ તણી પરે, સુખ પૂરે સ્વયમેવ,
દુ:ખ દોહગ નાવે, જે કરે એહની સેવ,
શ્રી સુમતિ સુગુરૂનો, રામ કહે નિત્ય મેવ. ૪

શ્રી સિધ્ધચક્રની સ્તુતિ.

અરિહંત નમો વલી સિદ્ધ નમો,
આચારજ વાચક સાહુ નમો,
દર્શન જ્ઞાન ચારિત્ર નમો, તપ

એ સિદ્ધચક્ર સદા પ્રણમો. ૧
અરિહંત અનંત થયા થાશે,
વલી ભાવ નિખેપે ગુણ ગાશે;
પડિક્કમણાં દેવવંદન વિધિશું,
આંબિલ તપ ગણુણુ ગણો વિધિશું. ૨
છહ રી પાલી જે તપ કરશે,
શ્રીપાલ તણી પરેં ભવ તરસે,
સિદ્ધચક્રને કુણ આવે તોલે,
એહવા જિન આગમ ગુણ બોલે. ૩
સાડાચાર વરસે તપ પુરો,
એ કર્મ વિદારણ તપ શુરો;
સિદ્ધચક્રને મન મંદિર થાપો;
નય વિમલેસર વર આપો. ૪ ૪

॥ ઇતિ. ॥

નવપદજીની સ્તુતિ.

પ્રહ ઉઠી વંદુ, સિદ્ધચક્ર સદાય,
જપીએ નવપદનો, જાપ સદાય સુખદાય,
વિધિપૂર્વક એ તપ, જો કરે થઇ ઉજમાલ,
તે સવિ સુખ પામે, જિમ મયણાં શ્રીપાળ ૧
માલવપતિ પુત્રિ, મયણાં અતિ ગુણવંત,
તસ કર્મ સંયોગે કોઢી મિલીઓ કંત;

ગુરૂ વચણે તે હો, આરાધ્યું તપ તેહ,
સુખ સંપદ વરિયા, તરિયા ભવજલ તેહ. ૨
આંબિલ ને ઉપવાસ, છઠ્ઠ વલી અઠ્ઠમ,
દશ અઠાઇ પંદર માસ, છ માસ વિશેષ;
ઇત્યાદિક તપ બહુ, સહુ માંહિ શિરદાર,
જે ભવિયણ કરશે, તે તરસે સંસાર. ૩
તપ સાનિંધ્ય કરશે, શ્રી વીમલેસર યક્ષ,
સહુ સંઘના સંકટ, ચુરે થઇ પ્રત્યક્ષ;
પુંડરિક ગણધાર, કનકવિજય બુદ્ધિ શિષ્ય,
બુધ દર્શનકવિજય કહે, પહોચે સકલ જગીશ. ૪
॥ ઇતિ. ॥

શ્રી નવપદજીનો થોયો.

" પ્રથમ અરિહંત પદ થુઇ. "

સકલ દ્રવ્ય પર્યાય પ્રરૂપક લોકાલોક સ્વરૂપોજી;
કેવલજ્ઞાનની જયોતિ પ્રકાશક, અનંત ગુણે કરી પૂરોજી.
ત્રીજે ભવ થાનક આરાધી, ગોત્ર તીર્થંકર નૂરોજી;
બારે ગુણા કરી એહવા અરિહંત, આરાધો ગુણ ભૂરોજી.

" દ્વિતિય સિદ્ધ પદ થુઇ "

અષ્ટ કરમ કુદમન કરીને, ગમન કીયો શિવવાશીજી;
અવ્યાબાધ સાદિ અનાદિ, ચિદાનંદ ચિદરાશીજી.

પરમાતમ પદ પૂરણ વિલાસી, અઘઘન દાન વિનાશીજી;
અનંત ચતુષ્ટય શિવપદ ધ્યાવો, કેવળજ્ઞાની ભાષીજી.

" તૃતીય આચાર્યપદ થુઇ. "

પંચાચારકું પાલે ઉજવાલે, દોષ રહિત ગુણ ધારીજી;
ગુણ છત્તીસે આગમ ધારી, દ્વાદશ અંગ વિચારીજી.
પ્રબલ સબલ ઘન મોહ હરણકું, અનિલ સમો ગુણ વાણીજી;
ક્ષમાસહિત જે સંયમ પાલે, આચારજ ગુણ ધ્યાનીજી.

" ચતુર્થ ઉપાધ્યાય પદ થુઇ. "

અંગ અગ્યારે ચઉદે પૂરણ, ગુણ પચવીશના ધારીજી;
સૂત્ર અર્થધર પાઠક કહીએ, જોગ સમાધિ વિચારીજી.
તપ ગુણ સૂરા આગમ પૂરા, નય નિક્ષેપે તારીજી;
મુનિ ગુણ ધારી બુધ વિસ્તારી, પાઠક પૂજો અવિકારીજી.

" પંચમ સાધુ પદ થુઇ. "

સુમતિ ગુપતિ કર સંજમ પાલે, દોષ બયાલીશ ટાલેજી;
ષટ્કાયા ગોકુલ રખવાલે, નવવિધ બ્રહ્મવ્રત પાલેજી.
પંચ મહાવ્રત સૂધા પાલે, ધર્મ શુકલ અજવાલેજી;
ક્ષપકશ્રેણિ કરી કર્મ ખપાવે, દમપદ ગુણ ઉપજાવેજી.

" ષષ્ટમ દર્શનપદ થુઇ "

જિનપન્નત્ત તત્ત્વ સુધારસસેં, સમકિત ગુણ ઉજવાલેજી;
ભેદ છેદ કરી આતમ નીરખી, પશુ ટાલી શૂર પાવેજી.
પ્રત્યાખ્યાને સમતુલ્ય ભાખ્યો, ગણધર અરિહંત સૂરાજી;
એ દરશન પદ નિત્ય નિત્ય વંદો, ભવસાગરકો તીરાજી.

"સપ્તમ જ્ઞાનપદ થુઇ."

મતિ શ્રુત ઇંદ્રિ જનિત કહીએ, લહીએ ગુણુ ગંભીરોજી;
આતમ ધારી ગણુધર વિચારી, દ્વાદશ અંગ વિસ્તારોજી.
અવધી મન પર્યવ કેવળ વલી, પ્રત્યક્ષ રૂપ અવધારોજી;
એ પાચ જ્ઞાનકું વંદો પૂજો, ભવિજનને સુખકારોજી.

"અષ્ટમ ચારિત્ર પદ થુઇ."

કર્મ અપચય દૂર ખપાવે, આતમ ધ્યાન લગાવેજી,
બારે ભાવના સૂધી ભાવે, સાગર પાર ઉતારેજી;
ષટ્ ખંડ રાજકું દૂર તજીને, ચક્રી સંજમ ધારેજી,
એહુવો ચારિત્રપદ નિત વંદો, આતમ ગુણુ હીતકારેજી.

"નવમ્ શ્રી તપપદ થુઇ."

ઇચ્છારોધન તપ તે ભાખ્યો, આગમ તેહુમાં સાખીજી,
દ્રવ્યભાવસેં દ્વાદશ દાખી, જોગ સમાધિ રાખીજી;
ચેતન નિજગુણુ પરણિત પેખી, તેહીજ તપગુણુ દાખીજી,
લબ્ધી સકળનો કારણુ દેખી, ઇશ્વરસે સુખ ભાખીજી.

॥ ઇતિશમ્ ॥

સમાપ્ત.

શુદ્ધિ પત્રક.

	પૃષ્ટ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
ઉપોદ્દ્ઘાત.	૧	૧૨	કહે	કહેલા
	૨	૧૭	યથાથ	યથાર્થ
	૨	૨૩	વત્ય	વર્ત્યા
	૩	૧	ઈન્દ્રાદિક	ઇન્દ્રાદિક
	૩	૫	થવાનુ	થયાનુ
	૪	૭	અલબન	આલબન
	૫	૧૩	એવા	તેઓ
	૭	૧૭	નીશો	નીસો
	૯	૯	શ્વી	શ્રી
	૧૧	૯	જાળવવા	જળવાવા
	૧૧	૨૨	રાવી	પાપક્રિયા
	૧૨	૨૨	ચિત	ચિત્ત
	૧૨	૨૩	આયાબલ	આયંબિલ
	૧૩	૧૦	સ્થાનાદિશ	સ્થાનાદિક
	૧૩	૧૯	મગમલય	મંગલમય
મૂળગ્રંથ.	૨	૩	આનદ	આનંદઘન
	૩	૧૪	દેવનો	દેવકી
	૩	૧૬	વિવર્જિંન	વિવજિત
	૪	૪	રહિત	સહિત
	૭	૨	વણુન	વર્ણન

૮	૧	એ	અને
૯	૧	વિષે	વિશેષ
૯	૩	રહેતા	રહેતાં
૧૧	૧૧	અસંગપણાથી	અસંગપણાથી
૧૧	૧૪	અંતર	સંતર
૧૨	૧૩	સાદાનદ	સદાનંદ
૧૨	૧૮	જશ	જસ
૧૮	૧૪	ર્મભૂમિમા	કર્મભૂમિમાં
૧૮	૧૫	કરૂ ?	કરૂં છું
૧૯	૧	ષષ્ટમ	ષષ્ઠ
૨૨	૧૨	સ્વરૂપ	સ્વપર
૨૩	૧૪	સરવે	સરવ
૨૬	૧૧	અમો સહી	આમો સહિ
૨૬	૧૫	સમ	શમ
૨૯	૧૩	સંવેગમન	સંવેગમય
૩૧	૧	પધવડે	પદ્યવડે
૩૭	૧૪	કરવાનું	કરવાનો
૩૮	૧૬	ચારિત્તસ	ચારિત્તસ્સ
૩૯	૧	બાજો	બીજો
૪૦	૧૯	સુવણુ	સુવર્ણ
૪૧	૪	પવર્ત	પર્વત
૪૪	૫	નામ	નામકર્મ
૫૪	૧૩	આરાધાન	આરાધન
૫૪	૧૫	જાગંમ	જંગમ
૫૫	૧	આરધાન	આરાધન

૫૮	૬	બ્રહ્મવ્રતથી	બ્રહ્મ ।તથી
૫૮	૧૧	ખપાવે	તપાવે
૬૧	૧	કલ્યાક	કલ્યાણુક
૬૯	૮	છે	પૂછે
૭૦	૧૩	ચોથી	ચોથા
૭૦	૧૩	મહાશય	મહાયશ
૭૨	૨	અર્દ્ધપરવ	અર્દ્ધપૂરવ
૭૨	૧૩	ન ક્લેશ	નિઃક્લેશ
૮૦	૧૬	એકાવિશ	એકવિશ
૮૨	૩	બાજા	બીજા
૮૪	૧૧	લહિચ્ચો	લોહિચ્ચો
૮૫	૨૦	ત્રિથ્થન્નો	વિધિમો
૮૭	૩	ભત્રણ્ું	ભવર્ણું
૮૭	૫	પઢ ચક્રી	પઢમ ચક્રી
૮૯	૪	ગ્રિદ્ધ	સિદ્ધ
૯૦	૧૬	ત્રિહોડેઉ	વિહાડેઉ
૯૨	૩	વાહાણો	વાહણો
૯૩	૧૦	નાસાઇ	નાસઇ
૧૦૦	૧૨	સહસ્રાભ	સહસ્રાગ્ર
૧૦૨	૮	”	,,
૧૧૦	૯	ફિસઓ	દિસઉ
૧૧૧	૧	દિાંત	દિંતિ
૧૧૫	૫	પઝયય	પવ્વઅ
૧૨૮	૯	ભાગ	બોગ
૧૩૨	૪	ર્	૦

૧૪૨	૧૭	નિલમ	વિમલ
૧૫૦	૧૩	પણુ ૭	પણુ છે
૧૫૦	૧૮	જિન	નિજ
૧૫૨	૯	કતહાર	ક તહાર
૧૫૩	૯	ધન	ધન
૧૫૮	૧૬	ગુણા	ગુણે
૧૫૮	૧૮	કુ દ મન	કુ દમન
૧૫૯	૧૧	ય	નય
૧૫૯	૧૫	તત્વ	તત્ત
૧૫૯	૧૯	સુધારસસે	સુધારસે
૧૬૦	૧	ઇંદ્રિ	ઇંદ્રિય



शांतिक आशिष.

शिवमस्तु सर्व जगतः, परहितनिरता भवंतु भूतगणाः ॥
दोषाः प्रयांतु नाशं, सर्वत्र सुखीभवंतु लोकाः ॥ १ ॥

વિશ્વત્રયમાં અખંડ શાંતિ પ્રસરો ! સમસ્ત પ્રાણીવર્ગ પરોપકાર રસિક બનો ! દોષ માત્ર નિર્મૂળ થાઓ ! અને સર્વત્ર સહુ કોઇ લોકો સુખી થાઓ ! ૧

परमार्थ भावना.

परहितचिंता मैत्री, परदुःखविनाशिनी तथा करुणा;
परसुखतुष्टिर्मुदिता, परदोषोपेक्षणा मुपेक्षा. ॥ २ ॥

અન્ય જીવોનું હિત શ્રેય કલ્યાણ થાય એવી અંતરની લાગણી રાખવી તે મૈત્રી, અન્ય જીવોના દુઃખનો અંત આવે એવી ઉંડી લાગણીથી યથાશક્તિ પ્રયત્ન કરવો તે કરુણા અન્ય જીવોની સુખ સમૃદ્ધિ અથવા ગુણ ગૌરવ દેખી દીલમાં પ્રમુદિત (રાજી રાજી) થવું તે મુદિતા અને અન્ય જીવોના (અત્યંત કઠોરતા, નિર્દયતા, ઇર્ષા, નિંદા પ્રમુખ) અનિવાર્ય દોષો તરફ ઉપેક્ષા કરી તેમના ઉપર રાગ દ્વેષ નહિ લાવતાં, તેમને કર્મવશ વર્તી જાણી સમભાવે રહેવું તે ઉપેક્ષા ભાવના છે. ૨

અમારા તરફથી પ્રગટ થએલ

પુસ્તકોનું લીષ્ટ.

૧ સંગીત પુષ્પમાળા.		૦—૨—૦
૨ સુમતિ અને ચારિત્રરાજનો સંવાદ.		૦—૩—૦
૩ શ્રી નવપદ માહાત્મ્ય અને વિશસ્થાનકાદિ વર્ણન.		૦—૩—૦
૪ પર્યૂષણ પર્વ માહાત્મ્ય.	પાકું પુંઠું.	૦—૮—૦
	કાચું પુંઠું.	૦—૬—૦

ઉપરનાં પુસ્તકો પૈકીના નંબર ૨ નું પુસ્તક પર્યૂષણ સુધીમાં મંગાવનારને ૦—૨—૦ ની કીંમતે આપવામાં આવશે તથા નંબર ૪ નું પુસ્તક જ્ઞાન ભંડાર માટે ભેટ દાખલ આપવાનું છે માટે તેનો લાભ લેવા ચુકવું નહીં.

મળવાનાં ઠેકાણાં,—

૧ શ્રી જૈન યુવક મંડળ—સાણંદ.

૨ શ્રી જૈન શ્રેયસ્કર મંડળ—મહેસાણા.